કુમાર




સંસ્થાપક • રવિશંકર રાવળ
વર્ષ બાવનમું
અંક અગિયારમો
નવેમ્બર
ઓગણીસસો પંચોતેર
તંત્રી
બચુભાઈ રાવત

સળંગ અંક
૬૨૩

બંસીવાદક
૭ મીટર ઊંચું
સિમેન્ટ શિલ્પ
શિલ્પી
દિનેશ શાહ



આંગણાનું અમૃત • ચિત્રકાર: રસિકલાલ પરીખ. 'ઝરૂખે', 'પ્રવાસી પંખી', 'ગોળમાટલું' વગેરે આ કલાકારનાં ખૂબ વખણાએલાં ચિત્રો છે. પણ 'ગરીબનું સ્વર્ગ' નામનું એમનું જલરંગી ચિત્ર તો એ બધાંમાં શ્રેષ્ઠ છે. એ અસલ ચિત્ર મુંબાઈના 'પ્રિન્સ ઑવ વેઈલ્સ મ્યૂઝિયમ'ના ચિત્રસંગ્રહમાં હોઈ અપ્રાપ્ય છે, એટલે એના કેન્દ્રવર્તી વિચાર અને સંયોજન પરથી ચિત્રકારે એની આ તૈલરંગી નવી નકલ થોડા ફેરફાર સાથે તૈયાર કરી છે. 'કુમાર'ના વાચકો સમક્ષ એ રજૂ કરતાં આનંદ થાય છે.



આગામી નાતાલ માટે

આ જીવનભાવનાનાં અભિનંદનપત્રો

વાચકોનો ખૂબ સત્કાર પામેલી **વિલિયમ હેન્રી ચૅનિંગની આ ઉપર આપેલી જીવનભાવના** તેના ગુજરાતી અનુવાદ સાથે છાપીને તૈયાર કરેલાં ૫×૭ ઇંચના માપનાં મોટાં અભિનંદનપત્રોનો, ગત દિવાળી અને બેસતા વર્ષ નિમિત્તે સંખ્યાબંધ લોકોએ લાભ લીધો-દીધો છે, હજી પણ આગામી ક્રિસ્ટમસના કે જન્મ-દિન જેવા શુભ પ્રસંગે મોકલવા માટે અથવા લગ્નભેટ સાથે મૂકવા માટે તેનો ઉપયોગ કરવાની તક છે.

ઉપહારવાક્યો લખવાની કોરી જગ્યા સાથેનાં ડબલ કાર્ડ, તેનાં કવર સાથે કિં. નંગ દીઠ ૬૦ પૈસા. જે વેપારી પેઢીઓ પોતાના ગ્રાહકોને અભિનંદન મોકલવા માટે ૫૦૦ કે તેથી વધુ નકલોનો ઑર્ડર નોંધાવશે તેમને તેમનાં નામ-સરનામા સાથેનાં અભિનંદનનાં વાક્યો કાર્ડમાં મફત છાપી આપીશું.

બહારગામના ઑર્ડરો એક ડઝનથી ઓછા સ્વીકારાશે નહિ. ડઝન દીઠ પોસ્ટેજ પૅકિંગ: ૭૫ પૈસા. રજિ. ખર્ચના રૂ. ૧-૨૫ વધુ. વી. પી. કરાતાં નથી.

કુમાર કાર્યાલય લિમિ. • રાયપુર • અમદાવાદ-૧

કુમાર

નવેમ્બર ૧૯૬૫ • અંક ૬૨૩

તંત્રી: બચુભાઈ રાવત • ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

'કુમાર' સામાન્યતઃ દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. તે પછી અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ. ૧૪૫૪ રાયપુર, અમદાવાદ-૧
વાર્ષિક લવાજમ: રૂ.૨૪-૦૦; પરદેશ: રૂ.૪૦ યા પાઉન્ડ ૨ યા ડૉ. ૫-૫૦; છૂટક નકલ: રૂ.૨-૦૦

વાચકો લખે છે...

નવ વર્ષ-મંગલમ્

उषेय नव-वर्षस्य
प्रेरिका शुभ-कर्मणाम ।
भूयात् सारस्वते लोके–
निर्मात्री सत्त्व-शालिनाम् ॥
प्रारब्धा या 'कुमारेण'
भव्या संस्कार-साधना ।
दीप्ति स्तस्याः तथा पुष्टिः
ज़ायतां लोक-जीवने ॥
शीलं गुर्जर-पुत्राणां
प्रतिमा सर्वगामिनी।
चारित्र्यस्य तथा तेजः
विन्दतां विशदं यशः ॥

(पोरबंदर) –विद्यालंकार शंकरदेवः।

'કુમાર'ની વાર્તાઓ

શું ગુજરાતમાંથી ટૂંકી વાર્તાના લેખકોએ ક્ષેત્રસંન્યાસ લીધો છે? કે પછી 'કુમાર'ની નવોદિત લેખકોને તક આપવાની નીતિ બદલાઈ છે? સુકન્યા ઝવેરીએ છેલ્લા કેટલાક અંકોથી 'કુમાર'માં એકચક્રી શાસન જમાવ્યું છે. એમની વાર્તાઓના ગુણદોષ વિષે ચર્ચા કરવાની વાત તો પછી, પરંતુ શા માટે બીજા કોઈ લેખકોને તક મળતી નથી?

ઉપરાંત, સુકન્યા ઝવેરીની વાર્તાઓ અનુવાદિત હોય છે. પરપ્રાંતની સારી કૃતિઓનો વાચકોને આસ્વાદ કરાવવાની 'કુમાર'ની ભાવના સ્તુત્ય છે, પરંતુ બંગાળી સિવાય બીજી ભાષાઓમાં પણ વાર્તાલેખન થાય છે કે નહિ? અને સુકન્યા ઝવેરી સિવાય બીજા કોઈ અનુવાદકો છે જ નહિ?

મારે સુકન્યા ઝવેરી સામે કશું કહેવાનું નથી. આ મહિનાનું 'કુમાર' જોયું તેમાં પણ વાર્તા વિભાગમાં ત્રણ જગ્યાએ એમનું નામ જોયું. એ સિવાય બીજા કોઈનું નામ વાર્તામાં નથી.

આશા રાખું કે વાચકોને બીજા લેખકોની કથાઓ વાંચવાની તક પણ 'કુમાર' આપે.

(વડોદરા) —નીલા શાહ

[* આપનો કટાક્ષ ખરો છે: 'કુમાર'ના ધોરણને અનુરૂપ મૌલિક વાર્તાઓ કે લઘુકથાઓ અમને બહુ જ ઓછી મળે છે, અને તેથી નછૂટકે જ અનુવાદો છાપવા પડે છે. અને અનુવાદો પણ જે ભાષાના મળે છે તેના છાપીએ જ છીએ. ભૂતકાળમાં હિંદી, મરાઠી, મલયાલમ, અંગ્રેજી એમ વિવિધ ભાષાઓની વાર્તાઓના અનુવાદો પણ અમે આપ્યા છે તે દુર્ભાગ્યે આપના જોવામાં આવ્યા જણાતા નથી.


મૌલિક વાર્તાઓને ઉત્તેજન મળે તે હેતુથી અમે વર્ષોવર્ષ શ્રેષ્ઠ વાર્તાઓના જુદાજુદા પ્રકારો (ઐતિહાસિક, સાહસિક, વૈજ્ઞાનિક વગેરે) માટે ચાલુ પુરસ્કાર ઉપરાંત જુદાંજુદાં પારિતોષિકો પણ જાહેર કરીએ છીએ. પણ અમને દિલગીરી છે કે 'કુમાર'ની કક્ષાની એવી મૌલિક વાર્તાઓ મળતી જ નથી.]

ચરિત્રચિત્રણમાં જાતપ્રવેશ

અંક ૬૧૯માં સૌમી ઠાકુરનાં અને ડૉ. મોતીચંદ્રનાં ચરિત્રચિત્રણ કરતા શ્રી અજિત શેઠના તથા મારા લેખો, લેખકોના 'વધુ પડતા જાતપ્રવેશને કારણે ચરિત્રનાયકોના ચિત્રને ન્યાયકર્તા' ન જણાતા હોવાની શ્રી નરોત્તમ પલાણે શિકાયત કરવા ઉપરાંત પ્રસ્તુત લેખો 'કુમારની જીવનચરિત્રોની ઉજ્જ્વલ પરંપરા'થી (વિસંગત ? વેગળા) હોવાની ટિપ્પણી પણ કરી છે. ચરિત્રનાયક સાથે લેખકોનો અંગત પરિચય હોય તો ચરિત્રાલેખનમાં સંસ્મરણો—કેટલીકવાર તેની પુરોભૂમિકા સાથે—આવે તો તેથી કંઈ ચરિત્રનાયકના ચરિત્રને અન્યાય થતો નથી, કે નથી પહોંચતી કોઈ હાનિ. એનાથી તો ભાયાણીસાહેબના શબ્દોમાં કહું તો, 'ઉષ્મા'નું તત્ત્વ ઉમેરાય છે. પરોક્ષ સાધનો, અન્યો દ્વારા પ્રકાશિત લેખો-પુસ્તકો તેમ જ સાંભળેલી વાતોના આધારે લખાય તેના મુકાબલે સ્વપરિચયથી થતાં ચિત્રણો વિશેષ પ્રતીતિજનક, પ્રમાણપૂત અને જીવંત બને છે. ચરિત્રલેખનમાં લેખકનો નાયક સાથેનો પરિચય ચીતરતી વાતો ન જ આવી શકે, અને આવી શકે તો કઈ રીતે આવી શકે તેવા કોઈ જ નિયમો નથી; ન તો 'કુમારે' પોતાના પ્રકાશન માટે એવા કાનૂન ઘડયાનું જાણમાં છે.

ડૉક્ટરસાહેબની જીવનઝરમર આલેખતા હિંદી સાહિત્યિકોના લેખોમાં પણ મેં તેમની સાથેના પરિચય તેમ જ સંબંધ દર્શાવતી હકીકતો, પ્રતિભાવો, સ્વભાવાલોકનો, સહપ્રસંગો ઈત્યાદિનો સંભાર જોયો છે. ચરિત્રચિત્રણ જુદી જુદી શૈલીઓમાં સંભવી શકે છે; લેખકના orientation અને અભિરુચિ અનુસાર. શ્રી શેઠે તથા મેં જે અંગત પરિચયરૂપે જ્યાં લખ્યું છે તેમાં કેન્દ્રમાં અમારી જાત નહિ પણ આખરે તો ચરિત્રનાયક જ છે, અને જે પ્રસંગો પડેલા તેના આલેખનથી ચરિત્રનાયકના વ્યક્તિત્વની તેમ જ પ્રકૃતિની પહેલુઓ વિશેષ સ્પષ્ટ બને છે. પ્રસ્તુત બન્ને લેખો ચરિત્રચિત્રણ કરવા ઉપરાંત અંજલિરૂપ, અને કેટલીક અંશે સંસ્મરણાત્મક પણ છે તે વાચકો સ્પષ્ટરીતે જોઈ શકે છે. તેમાં ચરિત્રનાયક સાથેના પરિચય પ્રસંગો નહિ જ આવે એવી કોઈ પ્રતિજ્ઞા લેખારંભે લેખકોએ કરી નથી. બન્ને લેખો લેખકોની નિજી શૈલીમાં, પણ 'ચરિત્ર'-વર્ગની મર્યાદાની અંદર જ રહે છે.

(વારાણસી) —મધુસૂદન ઢાંકી



ચૅનિંગની જીવનભાવના

અતિ લોકપ્રિય થઈ પડેલી પેલી ઉદાત્ત જીવનભાવના પ્રબોધતાં આ કાર્ડ આ દિવાળી–બેસતા વર્ષે મોટી સંખ્યામાં ઊપડી ગયાં. હજી આગામી નાતાલમાં તેમજ તે પછી પણ જન્મદિવસ કે લગ્ન જેવા પ્રસંગે તે વાપરી શકાય. વિગતવાર જાહેરાત આ અંકના સાંકળિયાની બાજુના કૉલમમાં.

નિવાપાંજલિમાં ક્ષતિદર્શન

સ્વ. સોમપુરાને અંજલિરૂપે લખેલા ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીના લેખ પરની શ્રી નરોત્તમ પલાણની ટીકામાં મને તો ઔચિત્ય લાગતું નથી નિવાપાંજલિઓમાં લેખકની જીવન-ઝરમર અપાતે સમયે તેમની ત્રુટીઓ, તેમના કાર્યની ક્ષતિઓ એક બાજુ રાખી કેવળ સિદ્ધિઓ ગણાવવાનો અને ગુણાનુવાદ કરવાનો 'લૌકિક વ્યવહાર' છે; અને તેમાં કેટલીક વાર સત્ય કરતાંયે લેખક ફરજરૂપે, યા પોતે વાસ્તવિક રીતે સ્વર્ગસ્થ વિષે જે માનતો હોય, જાણતો હોય, તેને વધુમાં વધુ ભાવવાહી ભાષામાં, ઊર્મિપૂર્વક અને કેટલીક વાર કદાચ અતિશયોક્તિપૂર્વક પણ રજૂ કરતો હોય છે. પણ એ પ્રકારે થતા અંજલિલેખનની ક્ષતિઓની આલોચના જનવ્યવહારના સ્થાનકોણથી વિવેકશૂન્ય

મનાતી હોઈ, સામાન્યરીતે કોઈ કરતું નથી. મૃત્યુની અદબ સૌકોઈ જાળવે છે. શત્રુની પણ નનામી પર કોઈ જોડાનો ઘા કરતું નથી. મરનાર વ્યકિત કોઈ મોટી વિભૂતિ ન હોય તો તેમને અપાતી અંજલિઓ કોઈ ગંભીરતાથી જોતું નથી અને સામાજિક–સાંસ્કૃતિક જીવન પર એની કોઈ વિપરીત અસર થતી નથી. સ્વર્ગીય વ્યક્તિને તેમ જ તેમના કામને જાણનાર નિષ્ણાતો પાસે ગુણવત્તાના વાસ્તવિક અંદાજ હોય જ છે એટલે ચિંતાનો કોઈ વિષય નથી.

(વારાણસી) —મધુસૂદન ઢાંકી

શિલાલેખો

સિદ્ધરાજના સોરઠવિજય માટે નહિ પણ શ્રી ઢાંકીએ શિલાલેખોના જે બે ઉતારા આપ્યા છે તે પરત્વે, ગૂંચ આગળ ન વધે તેવા હેતુથી બે શબ્દો રજૂ કરવા માગું છું:

૧) પં. ભગવાનલાલ ઇન્દ્રજીએ 'બૉમ્બે ગેઝેટીઅર'માં નોંધેલો ગિરનારનો શિલાલેખ સિદ્ધરાજ જયસિંહનો નહિ પણ રા' જયસિંહ ચૂડાસમાનો છે. પં. ભગવાનલાલ પછી આ વિષે ચર્ચા થઈ ગઈ છે. 'ગુજરાત ઇતિહાસ પરિષદ' તરફથી શિલાલેખોની જે સૂચિ પ્રસિદ્ધ થઈ છે તેમાં ગિરનારનો એકે ય લેખ સિદ્ધરાજ જયસિંહને નામે સ્વીકૃત નથી, રા' જયસિંહને નામે છે.

૨) માંગરોળના સહજિગ ગોહિલ વિષેનો લેખ પણ શ્રી ઢાંકી ટાંકે છે તેમ નથી. સિંહ સંવત ૩૨—ઈ.સ. ૧૧૪૬વાળો આ લેખ સહજિગનો નહિ પણ સહજિગના પુત્ર મૂલુકનો છે. અતઃ સહજિગની સત્તા સિદ્ધરાજના મૃત્યુ બાદ નથી પણ સમકાલીન છે. વળી કુમારપાળે સૈન્ય મોકલી એનો પ્રદેશ કબજે નથી લીધો કારણ કે ઈ. સ. ૧૨૨૯ સુધી મૂલુકનો પુત્ર રાણક સત્તાધારી હોવાનો શિલાલેખ કામનાથ—માંગરોળમાં પ્રાપ્ત છે.

શિલાલેખોની હકીકત તો આમ છે.

(પોરબંદર) —નરોત્તમ પલાણ

ભોજા ભગતનું ફતેપુર

જુલાઈ '૭૫ના અંકમાં શ્રી પ્રા. નરોત્તમ વાળંદ 'શ્રીમંત સયાજીરાવ ગાયકવાડ'ના જીવનચરિત્રમાં લખે છે: 'શ્રી સયાજીરાવે વડોદરા રાજ્યમાં ફરજિયાત પ્રાથમિક શિક્ષણ દાખલ કરવાની ભારતભરમાં પહેલ કરી. ઈ. સ. ૧૮૯૨થી અમરેલી મહાલથી શરૂ કરેલી આ યોજના ૧૯૦૬ સુધીમાં સમગ્ર રાજ્યમાં વિસ્તરી.'

આ બાબત વિષે જણાવવાનું કે મહારાજાનો હુકમ હતો કે આ ફરજિયાત પ્રાથમિક શિક્ષણની શરૂઆત ફતેપુર (તા. અમરેલી)થી કરવી,–એટલા માટે કે મારે શિક્ષણની ફતેહ કરવી છે. વળી ફતેપુર ભક્ત કવિ ભોજલરામની સાધનાભૂમિ છે, અને એ રીતે ભારતભરમાં પ્રથમ ફરજિયાત પ્રાથમિક શિક્ષણની શરૂઆત ફતેપુરમાં શાળા ખોલી કરવામાં આવી. આ વાત મારા પિતાશ્રી વારંવાર કહેતા, તેમજ મહારાજા સયાજીરાવ જ્યારે વિદેશોમાં ફરીને અમરેલી મહાલની મુલાકાતે આવ્યા ત્યારે તેઓશ્રીના સ્વાગતમાં યોજાએલી ગાર્ડન પાર્ટી વખતે મારા સ્વ. પિતાશ્રી લવજી ભક્તે રચેલું ને ગાએલું કાવ્ય 'શ્રીમંત ચરણે'માં રજૂ કરી છે.

મધ્યયુગીય સંત કવિ ભોજા ભગતે ઈ. સ. ૧૮૬૫માં આ ઉજ્જડ ટીંબા પર આશ્રમ બાંધ્યો. ત્યારે લોકવાયકા હતી કે આ ઉજ્જડ સ્થળ પર ભૂત-પ્રેત થાય છે. ભોજા ભગતે શંખધ્વનિ કરી ભૂત-પ્રેત પર ફતેહ મેળવી એટલે ગામનું નામ ફતેપુર પડ્યું.

(ફતેપુર અમરેલી) —ધીરજલાલ સાવલિયા

કન્જંક્ટિવાઇટિસ

'કુમાર' ૬૨૦માં આ ચેપી રોગ માટે સારવારના ઉપાયો દર્શાવ્યા છે તે ઠીક છે, પરંતુ જો અગાઉથી ચેતીને સંરક્ષણની કાળજી લેવાય તો વધુ સારું રહે છે. સ્વચ્છ પાણીથી આંખને ધોવી શકય હોય તો બોરિક ઍસિડનો ઉપયોગ કરવો. ચોખ્ખું મધ આંખમાં આંજવાથી પણ આંખ ધોવાઈને સાફ થઈ જાય છે. પાંપણની ખજવાળ તથા આંખમાં રતાશ ને બળતરાની શરૂઆત હતી તેવા રોગના પ્રાથમિક તબક્કામાં ઉપર્યુક્ત ઉપચાર કરવાથી હું રોગથી બચી ગયો છું. એ રોગનું 'અંખિયાં મિલાને કા' એવું નામ તથા કોઈની સામે જોવાથી જ રોગ લાગુ પડે છે એવી માન્યતા વજૂદ વગરની જણાય છે બાકી રોગીને સૂર્યપ્રકાશથી બચવા માટે ગૉગલ્સ પહેરવાનું તથા વાઈરસનો ફેલાવો ન થાય માટે ઘેર રહેવ નું જરૂરી ખરું.

(વલ્લભ વિદ્યાનગર) --રાજેન્દ્રસિંહ જાડેજા

પાન ખાવા વિષે

ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીની પ્રશ્નોત્તરીમાં 'પાન ખાવાની ટેવ' વિષેના પ્રશ્નની વધુ જાણકારી માટે યોગ્ય લાગે તો નીચેનું પ્રસિદ્ધ કરશોજી.

આજથી દસેક વર્ષ પર પ્રસિદ્ધ થએલા ગુજરાત યુનિવર્સિટીના અહેવાલમાં જણાવાયું હતું કે જે ગરીબ લોકોને સાચાં ઘી દૂધ ખાવા મળતાં નથી, તેની પોષણપૂર્તિ પાનમાં રહેલા કાર્બોહાઇડ્રેટ્સ, કૅલ્શ્યમ, ફૅટ જેવાં દ્રવ્યોની પૂર્તિ મસાલાવાળાં પાન ખાવાથી થાય છે.

જમ્યા પછી પાન ખાવાથી મોંમાં પુષ્કળ લાળ ઉત્પન્ન થતી હોવાથી તે ભારે ખોરાકને સહેલાઈથી પચાવવામાં ઉપયોગી છે. વળી તે મોંની દુર્ગંધ દૂર કરે છે ચૂનો, કાથો, ચણોઠીનાં પાન તેમજ સોપારીને પોતાનું મૂલ્ય છે

(પોરબંદર) —હરજીવન થાનકી

બે સૂચનો

'કુમાર'માં કલા, વિજ્ઞાન, સાહિત્ય, ખગોળ વગેરે ભિન્નભિન્ન વિષયોને લગતા (અનુ. પૃ. ૪૭૯)

દિલની વાતો

હસિત બૂચ

દિલની વાતો ખૂટશે ત્યારે
હાથ જોડીને હીંડતા થશું;
ઊડતો બેડો ઝૂકશે, ત્યારે
કોઈ તો કેડો ચીંધતા જશું.

પગની રોનક ઓસરે તો યે
નાચવું, એમાં માનીએ નહિ!
થાકતે હાથે કોઈ દી અમે
બૂંગિયો ઢોલ બજાવીએ નહિ!
આપણે કર્યું, અદકું એથી
કરશે બીજાં: શીખતા જશું.

આભના તારા મલકે હજી,
આંખના છેડા છલકે હજી,
એકની પાછળ એક સલૂણી
ગીતની કડી આવતી હજી;–
એ જ અધૂરપ માણશું, અમે
એ જ મધુરપ સીંચતા થશું.

વેળ હતી, ને આવિયા અમે,
વેળ થઈ છે: હીંડતા થશું;
મળિયાં એવાં દિલ અહીં, કે
મ્હેક બધે એ ચીંધતા જશું.

તો યે

જિતેન્દ્ર કા. વ્યાસ

• ગઝલ •

ભડકાને આંખોમાં આંજું
તો યે મારી ઝાંખ ટળે ના!

સૂરજ સમ હું સળગું તો યે
મારી શાને રાખ વળે ના?

જાવ દૂખી ઊડવાનાં સ્વપ્નો
ફૂલને કો દી પાંખ મળે ના.

શમણામાં એ આવે કિન્તુ
મારી કેમે આંખ મળે ના.

પથ્થરો / કનુ મહેતા 'વ્યોમ'

• ગઝલ •

કેવા પ્રણય સાથે ગયા વણાઈ પથ્થરો!
મુમતાઝ બોલું છું અને પડઘાય પથ્થરો!
એ જીવ જેવું સાચવે લખાણ છાતીએ,
ને એટલે ઇતિહાસમાં વંચાય પથ્થરો.
એ જાતને ભૂલી અને પરમય બની શકે,
ઉપદેશ સૌનું રૂપ લઈ દઈ જાય પથ્થરો.
ખુદ પરે નફરત કદી એને ય થાય છે,
કંજૂસનું હૈયું થઈ પસ્તાય પથ્થરો.
અવધિ જ કોઈ ના રહે પ્રલયની તો પછી
વિશાળ કોઈ બંધના ડોકાય પથ્થરો.
ઊભે કિનારે કેટલાં ધારાં પડી ગયાં!
વાગ્યા કરે દરિયો અને છોલાય પથ્થરો.
આવી ગયા ખેડી અહીં સફર એ જોખમી,
ને એટલે તો ચંદ્રના અંકાય પથ્થરો.
જો 'વ્યોમ' સંબંધી બધા પાછા વળી ગયા,
છેવટ કબરમાં પણ સગા આ થાય પથ્થરો!

પતંગિયું / સારસ્વત

• ગાન •

પાંદડે પુંવારને બેઠું પતંગિયું!
જોવાને આભ આવ્યું હેઠું પતંગિયું!
ચોળેલી વર્ષાની પીઠી, પતંગિયું!
તરવરતી વીજળી દીઠી, પતંગિયું!
રંભાનું ઝાંઝર ગ્યું છૂટી, પતંગિયું?
ચંદાનું માટ 'ગ્યું ફૂટી, પતંગિયું?
મેઘલું ધનુષ શું તરડયું, પતંગિયું?
સીમે લો, મુખડું મરડયું, પતંગિયું!
લીલીભીની વગડાની વાટે પતંગિયું,
સોનાનાં ફૂલ થઈ ફાટે, પતંગિયું!
ડૂંડાંના ડોળા તો ફાટયા, પતંગિયું;
—બેઠા પુંવાર શું ખાટયા, પતંગિયું!
ચારિયાનાં ઝાંઝરિયાં હબકયાં, પતંગિયું;
દૂરને તે દેશ જઈ ધબકયાં, પતંગિયું!
છોકરાંએ માન્યું કે ઝાલ્યું, પતંગિયું;
સરગાપુર વાટે તો હાલ્યું, પતંગિયું!
પુંવારે જોયું ના જોયું, પતંગિયું;
મેં તો મારે કાળજડે પ્રોયું પતંગિયું!

વર્ષ પંચાવનમે / ઈશ્વરચન્દ્ર ભટ્ટ

• વ્યસ્ત હરિગીત •

વીતી ગયાં ચોપન વરસ!
તો યે હજી ભાંગી નહિ
વસુધાઝર્યા પયપાનની મારી તરસ... કેવું સરસ!

જોઈ જાણી અનુભવીને
ભરપૂર મન, છલકાય રસ,
પ્હાડથી પથ કોરવાની
લાગી રહી મુજને ચડસ...........એ યે સરસ!

સંસારમાં મુજને હજી
છે રહ્યો અકબંધ રસ,
બસ દેઈ દેવું, માગવું ના
એવાં સર્યાં મારાં વરસ..............કેવું સરસ!

મંડી રહ્યો જે ભાગ્યમાં
આવી મળ્યું કરવા સમું,
પ્રારબ્ધને મીઠું કરે
પુરુષાર્થનો તીખો પરશ......... એ યે સરસ!

જિંદગી તુજ ચાહનાનું પાત્ર હું,
તેં ચાહતાં શીખવ્યું મને,
રાગ કે વિખવાદમાં યે
વીતી ન પળ એકે નીરસ...........કેવું સરસ!

યાદ / મહેન્દ્ર સમીર

• ગઝલ •

આવે છે દિલને જ્યારે સુહાના સમયની યાદ,
આંખોથી નીતરે છે કોઈના વિનયની યાદ.
ફૂલોનું ખીલવું અને તારું ખરી જવું,
ગુલશનમાં જાઉં છું અને આવે પ્રણયની યાદ.
હારી જવું ય કેટલું દિલચસ્પ હોય છે!
હારી જવું ય આપતું છૂપા વિજયની યાદ.
નિસ્તેજ આંખમાંથી તિખારા ખરી પડયા,
ભયભીતમાં ય છૂપી હતી કૈં અભયની યાદ.
કૈં યે નથી ને તેમ છતાં કૈંક છે 'સમીર',
આંસુનું એક બિન્દુ યે આપે પ્રલયની યાદ.

સાહિત્ય, સાહિત્યકાર અને સાહિત્ય પરિષદ

—રામપ્રસાદ પ્રે. બક્ષી—

(આગામી માસમાં મળતા ગુજરાતી સાહિત્ય પરિષદ સંમેલનના વરાયેલા પ્રમુખનું મંતવ્ય)

સાહિત્યસર્જકને એના સર્જનની સામગ્રી એની સમક્ષ, એની આસપાસ ચાલી રહેલી લૌકિક, વ્યાવહારિક જીવન-પ્રવૃત્તિમાંથી સાંપડે છે. પણ એ સર્જન સર્જકને, અને એનું પરિશીલન ભાવકને—વાચકને—એવી ભાવમય અને અન્તે આનંદમય અનુભૂતિમાં લઈ જાય છે જે દૈનંદિનિક લૌકિક અનુભવથી વિશિષ્ટ છે, વિલક્ષણ છે, પર છે.

'સાહિત્ય' આ કારણે શાસ્ત્રથી, ઇતિહાસથી, ભિન્ન છે. સાહિત્ય શું? એ પ્રશ્નનો ઉત્તર આપતાં, આ કારણે જ, બ્રહ્મ શું એ પ્રશ્નમાં લેવાતી નેતિ નેતિ કહેવાની રીતનો આશ્રય લેવાની વૃત્તિ થાય. સાહિત્ય વ્યવહાર-બોધક નીતિશાસ્ત્ર નથી, ધર્મોપદેશક ધર્મશાસ્ત્ર નથી, ન્યાય્ય કે અન્યાય્યનો ભેદ દર્શાવતું ન્યાયશાસ્ત્ર અર્થાત્ કાયદો નથી, તર્કશુદ્ધ વિચારસરણી આદેશતું તર્કશાસ્ત્ર નથી, લૌકિક ઘટનાઓનું કાલક્રમે કે સંસ્કૃતિવિકાસ ક્રમે વ્યક્ત કરતો ઇતિહાસ નથી, વિશ્વની ગતિવિધિ અને પ્રકૃતિના વ્યાપારોનું અન્વેષણ કરતું વિજ્ઞાન નથી, માનસિક પ્રક્રિયાનું પૃથક્કરણ કરનારું મનોવિજ્ઞાન નથી. એ આ કંઈ નથી, છતાં બ્રહ્મની માફક એ સર્વના અન્તર્ગત તત્ત્વને વ્યાપી રહે છે, અને છતાં એ સર્વથી પર છે. સાહિત્યમાં, બ્રહ્માનુભૂતિમાં થતો રહ્યો છે તેવો, પ્રપંચોનો ઉપશમ થાય છે.

સાહિત્યમાં શબ્દ છે અને અર્થ છે, પણ એના શબ્દોમાં સામાન્ય વ્યવહારગત, શબ્દકોશગત અર્થથી અધિકતર, ગહનતર અર્થ રહ્યો હોય છે. વાણીને એના લોકવ્યવહારમાં થતા અર્થથી પર એવો અર્થ અર્પવા માટે સાહિત્ય લક્ષણનો, અલંકારનો, પ્રતીકનો, વ્યંજનાનો ઉપયોગ કરે છે. આ લક્ષણ, અલંકારઘટના, પ્રતીક-કલ્પના, વ્યંજના સાહિત્યસર્જકના અનેરા દર્શનમાંથી, અનેરી અનુભૂતિમાંથી ઉદ્ભવે છે. એના એ દર્શનનો અને અનુભૂતિનો વિષય માત્ર પ્રત્યક્ષ વહેતું, ચર્મચક્ષુથી દેખાતું ઇન્દ્રિયથી અનુભવાતું જીવન નથી. એ જીવનના સંસ્કારો સાહિત્યકાર ઝીલે છે, પણ એના ચિત્તમાં સંચિત થએલા પૂર્વ અનુભવના સંસ્કારો જે આ નવા સંસ્કારોની પડખે આવીને ઊભા રહે છે, એ નવા સંસ્કારોને નવો આકાર આપે છે. આવું હોય છે સાહિત્યસર્જકને થતું દર્શન; આવી હોય છે એને થતી અનુભૂતિ. સર્જનક્ષણે થતી એ પ્રતીતિ અને અનુભૂતિમાં એના ચિત્તની અવસ્થા કંઈ પણ લૌકિક પ્રયોજન સાધવાને અનુકૂળ કે કોઈ લૌકિક ફલ પ્રાપ્ત કરવાને તત્પર નથી હોતી. પણ એથી પર રહેતી ભાવમય અનુભૂતિ હોય છે, કલ્પના-પરિષ્કૃત પ્રતીતિ હોય છે.

સાહિત્યનાં સ્વરૂપો

કાવ્ય એટલે જીવનની અને જીવનપ્રેરિત ચિંતનની ભાવમય, સંવેદનાત્મક અનુભૂતિનું કવિના ચિત્તમાં ઘડાએલું ચમત્કારિક અથવા રમણીય સ્વરૂપ, જે કવિની તાજી, કાવ્યમાં વિષયભૂત અનુભૂતિના અને કવિની જ પૂર્વતર—આગલી—અનુભૂતિના સહયોગથી ઘડાય છે; એ રમણીય સ્વરૂપમાં રહેલા કવિના ભાવનો વાચકને પૂરતો અનુભવ કરાવી શકે તેવી વાણીરચના તે કાવ્ય. અલંકારો, પ્રતીકોની યોજના, વ્યંજના અથવા ધ્વનિ વગેરે જે તત્ત્વો કાવ્યની ઉત્તમતાનાં લક્ષણો મનાયાં છે એ સર્વ તત્ત્વો નવા અને જૂના અનુભવોના સંસ્કારોના સહવાસમાંથી નીપજે છે.

વિવેચન: વિવેચક એટલે સાહિત્યના ઉદ્યાનનો કુશળ માળી. એ સાહિત્યની મૂલવણીમાં દેશકાળનાં જડ રૂઢિબંધનોથી મુક્ત રહે, વૈયક્તિક રાગદ્વેષથી પર રહે, અભ્યાસ અને અનુભવથી ઝીલેલી વિવેકબુદ્ધિ વડે સાહિત્યકૃતિઓની નિષ્પક્ષપાત તુલના કરે, અને લેખકની ભાવમય સૃષ્ટિનું સહૃદયતાથી આસ્વાદન કરે. આવો વિવેચક હોય તો કુમળા ઊગતા રોપને પોતે ઉછેરે, અસુંદર, અનિષ્ટ અને હાનિકારક ઝાંખરાંને દબાવે તથા દૂર મૂકે, સાહિત્ય-ઉદ્યાનની સત્ત્વશુદ્ધિ, સૌરભ અને શોભાને પારખે અને પ્રસારે ને એ રીતે કાવ્યોદ્યાનનો સાચો માળી બની રહે.

નાટક એટલે પાત્રમુખે ને પાત્રવ્યવહાર દ્વારા દૃશ્ય રૂપે રજૂ કરેલું ભાવપ્રધાન વાઙ્મયસર્જન.

નવલિકા એટલે જીવનની એક અલ્પ ઘટનાનું કે અનુભૂતિનું સર્જકના ચિત્તમાં થએલું ક્ષણદર્શન, અને એનું સર્જક ધારે તેવા આકારમાં ગદ્યાત્મક નિરૂપણ. નવલિકા એટલે ગદ્યાત્મક પ્રસંગકાવ્ય, પછી એ પ્રસંગ અને એવી અનુભૂતિ બાહ્ય હોય કે આંતર.

નવલકથા એટલે માનવજીવનના અમુક વિશાળ પટનું ગદ્યાત્મક, કલામય પ્રતિસર્જન, જેના પ્રસંગો વાસ્તવિક કે કાલ્પનિક હોય, બાહ્ય જગતમાં કે આંતર મનોભૂમિમાં બનતા હોય; નિવેદન પાત્રમુખે કે સ્વમુખે પરસંવેદનાત્મક કે સ્વ-સંવેદનાત્મક પણ હોય. નવલકથા એટલે ગદ્યાત્મક મહાકાવ્ય.

સાહિત્યના આવા ગહન સ્વરૂપને પામવા માટેના પ્રયત્નો સાહિત્યપરિષદના સિત્તેર વર્ષના ઇતિહાસમાં સતત થયા કરતા વરતાય છે. એ પ્રયત્નો હજુ પણ સતત ચાલ્યા કરે છે, ચાલ્યા કરશે. એ પ્રયત્નો દરમ્યાન ભારતીય સંસ્કૃત ગ્રંથમાં રહેલી સાહિત્યતત્ત્વને લગતી ઉક્તિઓની સમજ પણ વિકસતી રહી છે; પાશ્ચાત્ય વિચારપ્રવાહોનો પણ પ્રભાવ અધ્યયન પરાયણ સર્જકોના અને ભાવકોના ચિત્ત પર પડતો રહ્યો છે. આ સંદર્ભમાં કહેવું પ્રાપ્ત થાય છે કે એક 'પંડિત યુગ' કહેવાતો યુગ હતો અને એ હવે અસ્ત થયો છે એવા વારંવાર સાંભળવામાં આવતા ઉદ્ગાર મને સર્વથા યથાર્થ નથી લાગતા. એ કદાચ ખરું કે એ પૂર્વયુગમાં સાહિત્યમીમાંસાના ક્ષેત્રમાં માત્ર પાંડિત્યનો આશ્રય આજથી વિશેષે કરાતો હશે. એ તો જે હોય તે ખરું, પણ એ યુગમાં પંડિતો હતા ને આજે નથી એમ માનવું ઉચિત નથી. મને તો એમ લાગ્યા કર્યું છે કે એ પૂર્વ 'પંડિત યુગ'માં પંડિતો હતા તેવા અને તેથી પણ વધારે વ્યુત્પન્ન પંડિતો, આપણા સાહિત્યકારોમાં તેમજ સાહિત્યવિવેચકોમાં, ગાંધીયુગમાં પણ હતા, આજના યુગમાં પણ છે. આ અભિનવ પંડિતોનું અધ્યયન વિશાળતર બન્યું છે, મનન ગહનતર બન્યું છે, વિષયનું નિરૂપણ તત્ત્વમાં અને વાણીમાં સમૃદ્ધતર બન્યું છે અને એનો લાભ સાહિત્ય પરિષદનાં અધિવેશનો દરમ્યાન, પરિષદ યોજિત જ્ઞાનસત્રોમાં, અધિકાધિક મળતો રહ્યો છે. પરિષદના સંચાલનમાં અધિકારપદે રહેલા વિદ્વાનોએ અને સર્જકોએ આ લાભ સતત અપાવ્યો છે એટલું જ નહિ પોતા તરફથી પણ લાભ આપ્યો છે.

આવો, સદા અવનવો, વિચારવિનય પરિષદનાં અધિવેશનોમાં અને જ્ઞાનસત્રોમાં જેમ થયા કરે છે તેમ ત્રૈમાસિક 'પરબ'માં અભ્યાસથી અને ચિંતનથી સમૃદ્ધ એવા લેખો દ્વારા પણ પ્રકટ થયા કરે છે. આ ઉપરાંત, સાહિત્યમાં થએલી સિદ્ધિઓને નવાજવા માટે, અથવા એના પ્રોત્સાહન અર્થે, પારિતોષિકો આપવામાં આવે છે. અલભ્ય સાહિત્યને લભ્ય બનાવવા માટે એનું સંપાદન કરાવવામાં આવે છે, પ્રકાશન કરવામાં આવે છે, અને સંપાદકોને પુરસ્કાર આપવામાં આવે છે. નવી ઊછરતી પેઢીને સાહિત્યાભિમુખ કરવા માટે સાહિત્યની પરીક્ષાઓ પણ યોજવામાં આવે છે.

આમ, સાહિત્યવિષયક વિચારણાના, ચર્ચા-

(અનુસંધાન પૃ. ૪૫૯)



ફોટો · અશ્વિનકુમાર ચન્દ્ર (કલકત્તા)

'ઈશ્વર જેમ તમને ચાહે છે તેમ તમે સૌને ચાહો, ભગવાન તમારું કલ્યાણ કરે.' —મધર ટેરેસા

જેઓ કદી પ્રેમ પામ્યા નથી એમને વાત્સલ્યની હૂંફ અને ત્યક્તને આશરો આપનાર તથા રુગ્ણની વેદનાને આત્મસાત કરી એમની નિઃસ્વાર્થ સેવા કરનાર દયાની દેવી

મધર ટેરેસા

લેખક · લલિતકુમાર બક્ષી

કેટલાક વર્ષ પહેલાંની વાત છે. મધર ટેરેસાને મળવાનો પ્રસંગ અણધાર્યો ઉપલબ્ધ થયો. ત્યારે એમનું નામ કલકત્તા બહાર આટલું જાણીતું નહોતું. પણ કલકત્તા નિવાસીઓ એમના સેવાકર્મથી અજાણ નહોતા.

એક વ્યાપારી બંધુનો લંડનમાં દાક્તરી અભ્યાસ કરતો એકનો એક જુવાન પુત્ર મોટર અકસ્માતમાં અવસાન પામ્યો. ઘટના દુઃખદ હતી. પાછળથી સદ્ગતની ચાળીસ હજાર જેટલી વીમાની રકમ આવી. શોકસંતપ્ત પરિવારે સમસ્ત રકમ માનવ-સેવાર્થે કામ કરતી નાનીમોટી સંસ્થાઓ વચ્ચે વહેંચી દેવાનો પ્રશસ્ત નિર્ણય લીધો. કોઈએ એમને મારું નામ સૂચવ્યું. વ્યાપારી બંધુ મારી પાસે આવ્યા. એમની દૃષ્ટિ ધર્મનિરપેક્ષ હતી. એમને એવી કેટલીક સંસ્થાઓ કે વ્યક્તિઓનાં નામ જોઈતાં હતાં, જેમને માનવ-સેવાર્થે ઉચિત રકમ નિશ્ચિત મને આપી શકાય. સર્વપ્રથમ નામ મધર ટેરેસાનું આવ્યું. વ્યાપારી બંધુ વિશેષ પરિચિત નહોતા. મેં એમને ધાપામાં (કલકત્તાથી સાઠેક માઈલ દૂર) રક્તપિત્તીઓ માટે સ્થપાએલી કૉલોનીની વાત કરી; મહાનગરની ફૂટપાથો પરથી નિઃસહાય રોગી સ્ત્રી-પુરુષોને ઊંચકી 'નિર્મલ હૃદય હોમ'માં સિસ્ટર્સ ઑવ ચૅરિટી દ્વારા અપાતી શુશ્રૂષાની વાત કરી; ત્યક્ત અને અપંગ બાળકો માટે 'નિર્મલ શિશુભવન' હતું તેનો અને કોમી રમખાણો દરમ્યાન કલકત્તાની સડકો પરથી ટેરેસાના માણસોએ એકઠી કરીને અંતિમ સંસ્કાર આપેલી લાશોનો ઉલ્લેખ કર્યો.

'ખ્રિસ્તી સાધ્વી છે.'—ધર્મનિરપેક્ષ દૃષ્ટિ લઈને આવ્યા હોવા છતાં વ્યાપારી બંધુ ઘડીક ખંચકાયા. એમને મધર ટેરેસાના નામ સાથે વળગેલો 'ખ્રિસ્તી' શબ્દ કદાચ થોડો ખૂચતો હતો. પણ અંતે, ધર્મના લેબલ કરતાં સેવાકર્મનું પલ્લું ભારે થયું. મધર ટેરેસાને મળવાની એમણે ઇચ્છા દર્શાવી. મેં પત્ર લખ્યો. લંડન ખાતે અવસાન પામેલા યુવકની વાત લખી. ચારેક દિવસ પછી વળતો ઉત્તર મળ્યો. મધર ટેરેસાએ પોતાની હાર્દિક સંવેદનાઓ પાઠવી હતી; મૃતાત્મા માટે પોતે પ્રાર્થના કરશે એવી ખાતરી આપી હતી, અને મુલાકાત માટે બે દિવસ પછી બપોરનો સમય આપ્યો હતો. અમારા આવવાની મધર ટેરેસા રાહ જોશે.

કલકત્તાની બપોર. અકળાવનારી તો હોય જ. ઉનાળાની બપોર સૂનકારભરી પણ હોય. પૂર્વાંચલમાં બધે જ મધ્યાહ્ન પછી એકથી ત્રણ સુધી બજારો, દુકાનો બંધ રહે છે. સડકો સૂની પડી જાય. કલકત્તાની ખખળડખળ ટ્રામ પણ કંજૂસના ધનની જેમ રડીખડી દેખા દે. અમારે ઈન્ટાલી ઈલાકામાં જવાનું હતું. ગરીબ વસતિવાળો ઈલાકો છે—'સ્લમ એરિયા.' બંગાળની પ્રચલિત બાનીમાં એને 'બસ્તી' કહે. 'બસ્તી'માં પછાત, ગરીબ, અશિક્ષિત, ઝગડાળુ લોકો મળે. શીળીના ડાઘ જેવી અગણિત 'બસ્તી'ઓ કલકત્તામાં છે. ત્યારે મધર ટેરેસાનું પ્રમુખ કાર્યાલય ઈન્ટાલીમાં હતું. આજે પણ એમના દ્વારા સ્થાપિત લગભગ બધી પ્રમુખ સંસ્થાઓનાં કાર્યાલય એવા ઈલાકાઓમાં જ છે, જ્યાંની પ્રજાને એમની સૌથી વધુ જરૂરત છે. થોડા કચવાતા (ઊજળાં કપડાં પહેરેલાં હતાં ને!), થોડા ભયભર્યા અમે બંને ઈન્ટાલી પહોંચ્યા.

ટ્રામ સ્ટૉપ પર ઊતર્યા. સાથે મધર ટેરેસાનું પોસ્ટ કાર્ડ તો હતું જ. સરનામું હતું. પણ અહીં મકાનોના નંબર અવ્યવસ્થિત છે. આસપાસ વેરાએલી નાની, સાંકડી, સૂની ગલીઓ. અમારે પહોંચવાનું સ્થાન મુખ્ય સડકથી થોડી અંદરની બાજુએ હતું. એક ગલીને નાકે અમને વિચિત્ર નજરે જોઈ રહેલા ચારપાંચ 'મસ્તાન' મળ્યા. લાપરવાહીપૂર્વક સિગારેટના ધુમાડાનાં ગૂંચળાં હવામાં ઉછાળતા હતા.

આ 'મસ્તાન' શબ્દને કલકત્તાવાસી બરાબર ઓળખે છે. નક્સલવાદી અશાંતિના દિવસોમાં વધુ ઓળખાતો થયો. કદાચ, બીજા કોઈ શહેરમાં તમને આ પ્રકારના 'મસ્તાન' જોવા નહિ મળે. લાંબા વાળ વધારવાનો રિવાજ આજે આવ્યો. એમનાં ઝુંથરાં તો ત્યારે પણ ખભા સુધી ઝૂલતાં જ હતાં. બેકારી એમનો પેશો છે, ગુંડાગીરી એમનો ધર્મ. છતાં, આ શહેરના જીવનનું એ દાદાઓ એક એવું અભિન્ન અંગ છે કે એમની તુલના કલકત્તાની સડકો પરથી કદી સાફ ન થનારા કચરાના ઢગલાઓ સાથે જ થઈ શકે. 'મસ્તાન' ટોળી પાસે જઈને મેં મધર ટેરેસાનું પોસ્ટ કાર્ડ ધર્યું. ટોળીનો 'લીડર' બે પળ અમને ઉપરથી નીચે જોઈ રહ્યો—ચીડિયાઘરનાં પ્રાણીઓને જોતો હોય એમ. 'આધરેર કાછે જાબેન? આસુન આમાર સંગે. মাএর બાડી દેખિયે દિચ્છી.' (મધર

પાસે જવું છે? આવો, મારી સાથે. મા નું મકાન તમને દેખાડી દઉં.')

હું અવાક્. સામાન્ય રસ્તો પૂછો તો પણ ગાળ બોલ્યા વિના વાત ન કરે એવો અજડ, અસંસ્કારી છોકરો અમને સાથે ચાલીને ઘર દેખાડવા આવતો હતો, એટલું જ નહિ, એક વિદેશી યુગોસ્લાવ સ્ત્રી માટે 'મા' જેવો બંગાળનો સન્માનવાચક શબ્દપ્રયોગ કરતો હતો! નિર્વિવાદ, કંઈક એવું હતું જે 'બસ્તી'ની પ્રજાને મધર ટેરેસા પાસેથી મળ્યું હતું, જેને કારણે મધર પ્રતિ ભક્તિભાવ હતો. સમજી શકતો હતો કે શું મળ્યું હતું. પ્રેમ, નિઃસ્વાર્થ સેવા. 'For those not loved, I give love, for those discarded, I give shelter and care.' (જેમને પ્રેમ નથી મળ્યો એમને હું પ્રેમ આપું છું, જે ત્યક્ત છે એમને આશરો અને સેવા આપું છું.)

અમે જે મકાનના દરવાજા પર આવી ઊભા તેના પર એક નાનું પાટિયું લટકતું હતું. એ સિવાય બીજી કોઈ જાહેરાત નહોતી. અહીં એક સંસ્થા ચાલી રહી છે જેની પ્રવૃત્તિઓએ દેશવ્યાપી ખ્યાતિ મેળવી છે, લોક-આદર પણ, એનો ઢંઢેરો સંભળાયો નહિ. એ સીધુંસાદું, આડંબરહીન મકાન બપોરની નિંદરમાં સૂઈ રહેલું હોય એવું લાગ્યું. આંગણામાં એક વૃક્ષ ઊગ્યું હતું ને એની લીલી ડાળીઓ દીવાલની આ પારથી દેખી શકાતી હતી. દરવાજા પર દોરડું લટકતું હતું. જહાંગીર બાદશાહનો ન્યાયઘંટ વગાડતા હોઈએ એમ દોરડું ખેંચવાનું. દોરડું ખેંચો એટલે અંદર ઘંટડી રણકે. કદાચ, આવી મધ્યયુગીન વ્યવસ્થા આસપાસની પછાત અશિક્ષિત પ્રજાને સહુલિયતભરી થઈ પડે માટે કરી હશે. કદાચ તાજા જન્મેલા બાળકને કોઈ છાનાછપના પ્રહરે બંધ દરવાજા પર મૂકીને અદૃશ્ય થઈ જતી માની લજ્જા ઢાંકવા કરી હશે. મેં દોરડું ખેંચ્યું. બહુ જલ્દી જ બંધ બારણાં પાછળથી કોઈનાં આવતાં પગલાં સંભળાયાં.

'સિસ્ટર્સ ઑવ ચૅરિટી' પહેરે છે એ બરછટ, જાડા, સફેદ કપડાની, બે બ્લુ પટ્ટીવાળી કિનારી ધરાવતી સાડી આજે તો મધર ટેરેસાની સાધ્વીઓનું ઓળખચિહ્ન થઈ પડી છે: દયાની બ્રિગેડનો યુનિફૉર્મ. બે વાદળી પટ્ટીઓ ત્યારે પણ કલકત્તાની ગરીબ વસતિને પરિચિત હતી. જે કમરામાં અમને ટેરેસાની એક 'નન' (સાધ્વી) બેસાડી ગઈ એ ઑફિસનો કમરો હતો. મકાન જેવો જ આડંબરહીન. માત્ર આવશ્યક ખુરશીઓ, ટેબલ, દીવાલ પર લટકતા થોડા ચાર્ટ, એક ભીંત-ઘડિયાળ, અને બે-પાંચ એવી બીજી પરચૂરણ વસ્તુઓ. મધર મેરી અને બાળ ઈસુનું એક રંગીન ચિત્ર અને સલીબ પર શહીદ થઈ ગએલા જીસસની નાની કરુણ મૂર્તિ.

થોડી મિનિટોના ઈન્તેજાર પછી મધર ટેરેસાનો પ્રવેશ. આ યુગોસ્લાવ મહિલાનો જીવતોજાગતો ચહેરો એના પ્રકાશિત ફોટોગ્રાફોમાં દેખાય છે એવો જ હૂબહૂ છે: કપાળ સુધ્ધાં ઢાંકી દેતી પેલી બે બ્લુ પટ્ટીઓવાળી સાડી, ને આંખની કિનારીઓથી શરૂ થઇને નીચે ઊતરતી, હડપચી સુધી ફેલાઈ ગએલી અસંખ્ય કરચલીઓ. આ ચહેરા પર કરચલીઓ ન હોત તો? એક એક કરચલી જાણે કારુણ્યનો આલેખ બનીને આવી છે. પાતળા હોઠ. ને ઉપલા હોઠ પર કાળાશની આછી ઝાંય. બે હોઠ વચ્ચે દેખાતા છૂટાછૂટા સફેદ દાંત. પ્રથમ મુલાકાતમાં જ વિશ્વાસ જીતી લેતું નિખાલસ સ્મિત. કિંતુ, મધર ટેરેસાના ચહેરા પરનું સૌથી નોંધપાત્ર અંગ છે આંખો. મધર ટેરેસાની આંખો જેવી સ્વચ્છ, પારદર્શી, નિષ્પાપ આંખો, જાણે પાણીમાં તરતી આંખો, મેં ભાગ્યે જ કોઈ બીજી સ્ત્રીની જોઈ છે. આ આંખોએ આર્દ્ર થઇને રુગ્ણ, આજાર, અનાથ, ત્યક્ત અને નિઃસહાય સ્ત્રી-પુરુષોની વેદનાને આત્મસાત્ કરી છે. ('In these 20 years and more of dedicated welfare work among the people without any distinction of cast, creed or community, I have come to realise that to be discarded and unwanted is the worst experience that can befall any human being'... 'નાતજાતના ભેદભાવ વિના વીસ વર્ષ કે એથી યે વધુ લોકસેવા કરતાં હું જોઈ શકી છું કે કોઈ પણ માનવી માટે સૌથી વધુ વેદનાભર્યો અનુભવ છે, ત્યક્ત હોવું—તરછોડાએલા હોવું.') આ આંખોમાં છલકાતા પ્રેમે અનાથ અને અપંગ બાળકોને સડક પરથી ઊંચકી લઈ છાતી સરસાં ચાંપ્યાં છે.

ઈ. ૧૯૪૮ની એક સવારે મધર ટેરેસાએ ઑસ્પિટલનાં પગથિયાં પર પડેલી એક લાચાર, રોગગ્રસ્ત સ્ત્રી જોઈ હતી. એ સ્ત્રીના હાથપગ પરનું માંસ ને ચામડી સડકની ગટરોમાં ફરતા ઉંદરો ને કોળ ચાવી ગયા હતા. મધર ટેરેસાની કરુણ આંખો હાલીચાલી ન શકતી એ સ્ત્રી પરથી ખસી ન શકી. ટેરેસાએ એ સ્ત્રીની શુશ્રૂષા કરી. સ્ત્રી બચી તો નહિ, બચાવી શકાઈ નહિ; પણ ભારતમાં વસી ગએલી આ યુગોસ્લાવ સાધ્વીને બાકીનું જીવન દીન-દુઃખીઓની સેવાર્થે ગાળી દેવાની બહુમૂલ્ય પ્રેરણા આપતી ગઈ. કદાચ, એ બદકિસ્મત સ્ત્રીના મૃત્યુનું આ સર્વોત્તમ સાર્થક પાસું છે.

એ બપોરે મધર ટેરેસા સાથે ઘણી વાતો થઈ હતી; લગભગ અર્ધો કલાક. પત્રકારની સ્વાભાવિક જિજ્ઞાસાએ મને પ્રશ્નો પૂછવા ઉત્સુક કર્યો હતો. ને શાંત સ્વરે, ધીરજપૂર્વક મધર ટેરેસાએ પોતાના જીવન, કાર્ય અને પ્રવૃત્તિઓ બાબત પૂછેલા પ્રશ્નોના ઉત્તર આપ્યા હતા. સુદૂર યુગોસ્લાવિયામાં એક નાનું ગામ સ્કોપ્જે (Skopje). મધર ટેરેસાની જન્મ તારીખ ઑગસ્ટ ૨૭, ૧૯૧૦. આજ ૬૫ વર્ષની ઉમર થઈ છે આ સાધ્વીની. એમણે ભારતમાં ચાળીસ કરતાં વધુ વર્ષ ગુજાર્યાં છે. આલ્બેનિયન ખેડૂ મા-બાપની દીકરી. આશ્ચર્ય એ વાતનું હતું કે કલકત્તા જેટલે દૂર આવીને વસવાનું એમને કેમ સૂઝ્યું?

બાલિકા ટેરેસાને પ્રાથમિક શિક્ષણ જેસ્યુઈટ ધર્મપ્રચારકો દ્વારા સંચાલિત એક શાળામા મળ્યું. જે સંસ્થા આ સ્કૂલ ચલાવતી હતી એણે કેટલાક જેસ્યુઈટ પાદરીઓને ધર્મપ્રચાર અર્થે છેક કલકત્તા સુધી મોકલ્યા હતા. કલકત્તાથી એમણે લખેલા પત્રો નાની ટેરેસાના વર્ગશિક્ષકે વાંચી સંભળાવ્યા. કલકત્તાનું વર્ણન હતું, કલકત્તાના લોકોની આર્થિક અને સામાજિક સ્થિતિ સંબંધી વિસ્તૃત જાણકારી હતી. વિદ્યાર્થિની ટેરેસાના દિલમાં ત્યારથી જ કલકત્તા જવાની એક તીવ્ર ઈચ્છા જાગી. અઢાર વર્ષની યુવા વયે ટેરેસાએ પોતાની સાધ્વી કારકિર્દીનો આરંભ આયર્લૅન્ડના ડબ્લિન શહેરની એક શાળામાં અધ્યાપિકાની નોકરી સ્વીકારીને કર્યો. શાળાના સંચાલકોએ ટેરેસાને બંગાળના દાર્જીલિંગ શહેર મોકલવાની વ્યવસ્થા કરી આપી. થોડો સમય દાર્જીલિંગમાં રહ્યા પછી સિસ્ટર ટેરેસા કલકત્તામાં વસી ગઈ—હમેશ માટે.

કલકત્તામાં પણ એમની કારકિર્દીનો આરંભ થાય છે શિક્ષિકા તરીકે. લૉરેટો સ્કૂલમાં ટેરેસાએ ઘણાં વર્ષ વિદ્યાર્થિનીઓને ભૂગોળ શીખવી. પછી, એમની નિમણૂંક સેન્ટ મેરીઝ હાઇસ્કૂલનાં પ્રિન્સિપલ તરીકે થઈ. એ દિવસોમાં જ પેલો નોંધપાત્ર બનાવ બન્યો. ઑસ્પિટલના પ્રાંગણમાં પડેલી રુગ્ણ સ્ત્રીની લાચાર અવસ્થા જોઈ ટેરેસાનું હૃદય દ્રવી ઊઠ્યું. એમણે પોપની મંજૂરી મેળવીને બે વર્ષમાં જ નિઃસહાય સ્ત્રીપુરુષોની સેવાર્થે 'ધ મિશનરીઝ ઑવ ચૅરિટી' નામે સંસ્થા સ્થાપી. સેવાકાર્ય માટે આ જૈફ સ્ત્રીમાં આશ્ચર્યજનક ધગશ છે,–એક એવો ઉત્સાહ છે જેના પર વધતી જતી ઉમરની ભાગ્યે જ કોઈ અસર પડી દેખાય છે. ફલસ્વરૂપ, 'મિશનરીઝ ઑવ ચૅરિટી'ની શાખાઓ કલકત્તાથી વિસ્તરતી વેનીઝુએલાના કારાકાસ, શ્રી લંકાના કોલંબો, ઈટલીના રોમ, તાન્ઝાનિયાના ટાબોરા, ઑસ્ટ્રેલિયાના મેલબોર્ન ને જૉર્ડનના અમાન સુધી ફેલી ચૂકી છે.

અસીમ ધાર્મિક શ્રદ્ધા ધરાવતાં મધર ટેરેસાને પૂછો કે ગરીબોની ને બીમારોની સેવા કરવાનો ઉત્સાહ તમારામાં જાગે છે શી રીતે? તો પેલું નિખાલસ સ્મિત હોઠો પર રમાડી એક આસ્થાભર્યો ઉત્તર તમારી સમક્ષ ધરી દેશે: 'Not I, but Christ liveth in me!' ('હું

નહિ, મારામાં રહેલા ઈસુ મને પ્રેરે છે!') અમારી નવી પેઢી આવી ધાર્મિક શ્રદ્ધામાં ન પણ માને, કિંતુ સવાર-બપોર-સાંજ અને મોડી રાતે પણ આ મહિલાએ અને એમનાં સાથીઓ દ્વારા નાત, જાત કે ધર્મનો ભેદભાવ જોયા વિના રોગીઓ અને તરછોડાએલાંઓની જ નિઃસ્વાર્થ સેવા થતી અમે જોઈ છે, એને તો પ્રણામ કરવા જ રહ્યા.

'ભોઓબાન આચ્છેન!' (ભગવાન છે!)—મારા એક પ્રશ્નના ઉત્તરમાં મધર ટેરેસાએ ખૂબ ભારપૂર્વક અને શ્રદ્ધાભર્યા સ્વરે કહેલું. મધર ટેરેસા સારું હિંદી અને બંગાળી બોલે છે. છતાં, એમના બંગાળી ઉચ્ચારણમાં થોડી વિદેશી છાંટ આવી જ જાય છે. 'ભોગોબ ન' (બંગાળી)નો લગભગ 'ભોઓબાન' જેવો ઉચ્ચાર સંભળાય. ઈશ્વરીય શક્તિમાં પોતાની આ શ્રદ્ધાને પ્રતિપાદિત કરતાં મધર ટેરેસા હમેશાં એ દાખલા આપે છે જે એમના જીવનમાં ખચીત બનતા રહ્યા છે. જ્યારે જ્યારે પૈસાની જરૂરત પડે છે—અને દવાદારૂ માટે તથા બીજાં સેવાકાર્યો માટે પૈસાની જરૂરત તો પડે જ—ત્યારે ન જાણે ક્યાંથી અણધારી મદદ, અણધારી નાણાંકીય ભેટ આવી જ પહોંચતી હોય છે. અને મધર ટેરેસાની સંસ્થાઓને દેશ-વિદેશથી અને વિશેષે જે લોકો ખ્રિસ્તી ધર્મ નથી પાળતા એમના તરફથી મોટી રકમો ગુપ્ત દાનમાં મળતી રહી છે. નિયમિત સરકારી મદદ સ્વીકારવાનો મધર ટેરેસા ઈન્કાર કરે છે, કારણ કે એક તો સરકારી મદદ પાછળ કાનૂની લફરાં ઘણાં હોય; અને બીજું, નિયમિત હિસાબ રાખવા એમને માટે સંભવિત નથી.

આજે તો હવે મધર ટેરેસાને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ઘણાં મૂલ્યવાન પારિતોષિક મળી ચૂક્યાં છે. રેમોન મૅગસાયસાય ઍવૉર્ડ, પોપ જ્હૉન પીસ પ્રાઈઝ, જોસેફ કેનેડી (જુનિયર) ફાઉન્ડેશન ઍવૉર્ડ, જવાહરલાલ નેહરુ ઍવૉર્ડ, ધ ટેમ્પલટન ફાઉન્ડેશન પ્રાઈઝ, અને યુનાઈટેડ નેશન્સ ફૂડ ઍન્ડ એગ્રિકલ્ચરલ ઑર્ગેનીઝેશન તરફથી અપાએલો 'સીરીસ' મેડલ. કિંતુ, 'બસ્તી'ના ગરીબોની સેવા કરવા માટે જ્યારે મધર ટેરેસાએ સેન્ટ મેરીઝ હાઈસ્કૂલ છોડી ત્યારે એમની પાસે માત્ર પાંચ રૂપિયા હતા! પાંચ રૂપિયાની ધરખમ મૂડી પર શરૂ થએલ સેવાકાર્ય આજે લાખોનું અનુદાન મેળવી શકે છે એ એની સિદ્ધિ અને સાફલ્યનું સૌથી મોટું પ્રમાણ છે. જર્મની, ડેનમાર્ક, ઈંગ્લૅન્ડ અને અમેરિકાનાં બાળકોએ પોતાને મળતા ખિસ્સાખર્ચમાંથી નિયમિત રકમ બચાવીને ટેરેસાને મોકલી આપેલી. સેવાકાર્ય પાછળ લાખોનું ધન ખર્ચતી મધર ટેરેસાની સંસ્થાઓના કાયકરો, 'સિસ્ટર્સ ઑવ ચૅરિટી'ની સાધ્વીઓ જે સાદાઈ અને કરકસરપૂર્વક જીવે છે એ પણ એક અનુકરણીય મિસાલ છે.

પોપ પૉલ ૧૯૬૪માં ભારતની મુલાકાતે આવ્યા હતા. મધર ટેરેસાના કાર્યથી પ્રભાવિત થઈને એમણે પોતાની સફેદ લિંકન મોટર એમને ભેટ આપી. તરત મધર ટેરેસાએ પોપની ગાડી પર એક 'રૅફલ' (લૉટરી) ઊભું કર્યું. ગાડીના કુલ રૂપિયા ૪૬ લાખ ઊપજ્યા! આ રકમમાંથી રક્તપિત્તિયાંઓની સેવા-શુશ્રૂષા અર્થે એક કેન્દ્ર ઊભું થયું. મધર ટેરેસાની સેવા પ્રવૃત્તિઓનો ચાર્ટ જોવા યોગ્ય છે: ૭૦ શાળાઓ અને એ શાળાઓમાં ૯૦૦૦ કરતાં વધુ અનાથ બાળકોને શિક્ષણ અપાય છે; ૨૯૦ દવાખાનાં, જેમાંથી પ્રતિ વર્ષ દશ લાખ જેટલા દરદી મફત યા મામૂલી કીમતે દાક્તરી મદદ અને દવાદારૂ પામે છે; ૫૮ કોઢ અને રક્તપિત્તના દરદીઓ માટેનાં કેન્દ્ર, જેમાં આશરે ૪૭,૦૦૦ રુગ્ણ સ્ત્રી-પુરુષોનો વસવાટ છે; ૨૫ શિશુભવનો, જેમાં ૧૨૦૦ જેટલાં માનસિક રોગોથી પીડાતાં બાળકોની સારસંભાળ લેવાય છે; અને ૨૫ એવાં કેન્દ્ર, જે પ્રતિ વર્ષ લગભગ ૫,૦૦૦ જેટલાં મૃતઃપ્રાય કે અસાધ્ય રોગોથી પીડાતાં ગરીબોની શુશ્રૂષા કરે છે. પરંતુ, આ બોલતા આંકડા કરતાં એ વધુ મહત્ત્વપૂર્ણ છે એમની પાછળ રહેલું મધર ટેરેસાનું વ્યક્તિત્વ, એક નિઃસ્વાર્થ સમર્પિત વ્યક્તિત્વ, જેને કારણે આંકડા અસ્તિત્વમાં આવ્યા.

ઇન્ડિયન એરલાઈન્સે મધર ટેરેસાની સેવાઓની કદરરૂપે એમને ભારતમાં સર્વત્ર વગર ટિકિટે ફરવાની સુવિધા આપી છે. ભારતીય રેલવેએ પણ એ જ પ્રકારની સગવડ આપી છે. અને આજે હવે મધર ટેરેસાનું નામ નોબેલ પીસ પ્રાઈઝ માટે પણ પ્રસ્તાવિત થયું છે. બે-પાંચ વધુ આંતરરાષ્ટ્રીય પારિતોષિકો મળે કે ન મળે એ મહત્ત્વની વાત નથી. મહત્ત્વની વાત તો એ છે કે 'ભોઓબાન આચ્છેન'માં અપૂર્વ શ્રદ્ધા ધરાવતી આ વિદેશી ભારતીય મહિલા ગરીબ 'બસ્તી'ઓમાં પોતાનું સેવાકાર્ય આજે પણ એ જ ધગશ અને સમર્પણની ભાવના સાથે ચલાવી રહી છે, જે ભાવનાની મૂડી પર એણે 'બસ્તી'ઓમાં સેવા કરવાનું કાર્ય આજથી લગભગ ચાળીસ વર્ષ પહેલાં માથે લીધું હતું. □

વિનય-બાદલ-દિનેશ [અનુસંધાન પૃ. ૪૫૯થી] અધિનાયકને સૅલ્યુટ કરી. 'વેરી ગુડ! અને યાદ રાખો આપણો ફર્સ્ટ વિક્ટિમ કર્નલ સિમ્પસન. એટેન્શન! ફૉરવર્ડ માર્ચ!' અને ખટખટ—ખટખટ...તાલેતાલે પગ મૂકતા સિમ્પસનના રૂમ તરફ ચાલી નીકળ્યા બાંગલા માતાના ત્રણ બહાદુર બેટા: વિનય, બાદલ, દિનેશ. આજે ત્રણે માથે કફન બાંધી મરણિયા થઈ ચાલી નીકળ્યા હતા. આજ એમને કોઈ રોકી શકે એમ નહોતું.

સમય હતો બપોરના બાર ને પાંચ મિનિટનો. ખંડ અજવાળી બેઠા હતા મિસ્ટર સિમ્પસન. પાસે ઊભા હતા એમના સેક્રેટરી જ્ઞાનગુહ. દૂરથી પગલાંનો અવાજ કાને સંભળાતો હતો. ધીમે ધીમે પાસે ને પાસે આવવા માંડ્યો. મહાન વિપ્લવી સુભાષચંદ્ર બોઝને લાંછિત કરનાર કર્નલ સિમ્પસનના મૃત્યુદૂત બિલકુલ પાસે આવી ચૂક્યા હતા. અને ત્રણે રિવૉલ્વરમાંથી ત્રણ ગોળી છૂટી. અને તત્ક્ષણ ખુરશી પર ઢળી પડ્યા કર્નલ સિમ્પસન! ખંડમાં જાણે અચાનક વજ્રપાત થયો ન હોય! ખંડના બધા જ દિશાશૂન્ય!, સામે ખડું હતું સાક્ષાત્ મૃત્યુ! હાથમાં તેમના અગ્નિનાલિકા! હજુ એમની એ રિવૉલ્વરમાંથી આછા ધુમાડા નીકળતા હતા. પ્રથમ આઘાત શેષ.

અધિનાયકને ઉચિત કંઠે રાજકુંવરે આદેશ દીધો: 'અબાઉટ ટર્ન!' નેક્સ્ટ વિક્ટિમ હતા હોમ સેક્રેટરી ઓલીવિયન માર. ગો ફૉરવર્ડ! ટપ, ટપ—ટપ, ટપ—ટપ, ટપ...એક ખંડમાંથી બીજા ખંડમાં.

ત્યાં તો વચમાં પડ્યા એક અંગ્રેજ સેક્રેટરી, જેને કહેવાય દીવામાં બળી મરવું કૂદું! અને પછી, પરિણામ તો એ જ! 'ધાંય!' અને બસ ખેલ ખલાસ! એક જ ગોળી! માત્ર એક જ ગોળીમાં વચમાં પડવાનો શોખ પૂરો થયો એ વીરપુંગવનો.

રાઈટર્સ બિલ્ડિંગમાં તો જાણે ઝંઝાવાત જાગ્યો! તુમુલ ઝંઝાવાત! એ ઝંઝાને રોકવાનું કોઈનામાં ય સામર્થ્ય નહોતું. ચારે તરફ ભીત આતંકિત જનતા પલાયન થવાનો રસ્તો શોધતી હતી. ચારે તરફ હો—હા, ચીસાચીસ અને કોલાહલ! 'ભાગો! ભાગો! જીવ વહાલો હોય તો ભાગો! આ હોમ ઑફિસરના ખંડમાં ધાંય! ધાંય! ધાંય!'

ઝણણણ ઝણણણ કરતા હોમ ડિપાર્ટમેન્ટના કાચની બારીઓના કાચના ચૂરા! ક્યાં ગયા ઓલીવિયન માર! શૂટ હિમ! હવે એનો વારો હતો. ત્યાં તો ગોળીનો અવાજ સાંભળી હાથમાં પિસ્તોલ લઈ ધડામ, ધડામ, ધડામ, કરતા દોડી આવ્યા ઈન્સ્પેક્ટર જનરલ ઑવ પોલીસ-મિસ્ટર. ક્રેગ અને એમની પિસ્તોલ ગર્જી ઊઠી: 'ધાંય! ધાંય! ધાંય!'

અને તરત સામે જવાબ આવ્યો: 'ધાંય! ધાંય! ધાંય!' મોતની સામે મોત. નિમેષમાં ચૂપ થઈ ગઈ મિ. ક્રેગની પિસ્તોલ. એવામાં મિ. ફોર્ડ દોડતા આવ્યા અને મિ. ક્રેગની પિસ્તોલ લઈ સામા થયા વીરપુંગવ. પણ બધું જ વૃથા. આ તો મરણિયા થઈને આવ્યા હતા! એ પછી આવ્યા સહકારી ઈન્સ્પેક્ટર મિ. જોન્સ. તેમણે પણ ગોળીના કેટલાક રાઉન્ડ ચલાવ્યા. પણ શો ફાયદો? સામેથી જે રીતે ગોળીનો વરસાદ વરસતો હતો એ જોઈને 'માઈ ગૉડ' કહીને ઊભી પૂંછડીએ ભાગ્યા. (ચાલુ)

'વનફૂલ'ની એક વાર્તા

તફાવત

અનુવાદક · સુકન્યા ઝવેરી

સરકારી કામ માટે મારે ભાગલપુર પાસે એક ગામે જવાનું હતું. ત્યાં સ્ટેશન છે, પણ રિક્ષા નથી. એક મજૂર પાસે મારો સામાન ઊંચકાવી લગભગ એકાદ માઈલ ચાલી હું એક મારવાડીની ધર્મશાળામાં ઊતર્યો.

મજૂરે સામાન ઉતાર્યો અને ધર્મશાળાના મૅનેજર સાથે મારી ઓળખાણ કરાવી, મારું બિછાનું છોડી પાથરી દીધું, અને પાસેના મિથિલા ભોજનાલયના રસોઇયા ચંદુ ઝાને બોલાવી લાવ્યો : 'બાબુ કલકત્તાથી આવ્યા છે. બધું જમવાનું ચોખ્ખાઈથી બનાવજે. કલકત્તાના બાબુઓને ચોખ્ખાઈ ગમે છે.' એણે હિંદીમાં જ કહ્યું હતું. મેં એને એની મજૂરીના પૈસા ચૂકવતાં કહ્યું : 'કાલે મારી ટ્રેઈન સવારે સાતની છે. તું આવી શકીશ?'

'જરૂર; બરાબર છ વાગ્યે આવીને હું હાજર થઈ જઈશ.' કહી મજૂર ચાલ્યો ગયો. અને તરત જ એક કમનીય-કાન્તિ યુવક આવીને હાજર થયો. એણે ટેરીલીનનું બુશશર્ટ, ડ્રેઈન પાઈપ પૅન્ટ અને પંજાબી ચપ્પલ પહેર્યાં હતાં. આંખે કાળાં ચશ્માં અને વ્યવસ્થિત કાપેલાં દાઢી મૂછ. બોલ્યો : 'સુરેશબાબુ તમે જ !' 'હા જી.'

'તમે આવવાના છો એ ખબર મને મળ્યા હતા. ક્યારે જવાના છો?'

'કાલે સવારના સાતની ટ્રેઈનમાં. આપનો પરિચય ?'

'હું વિનાયક બક્ષી.' 'અહીં શું કરો છો ?'

'કંઈ નહિ. મારા બનેવી છે અહીં. ખેતીવાડી કરે છે. હું એમની પાસે જ રહું છું.' હું ચૂપ રહ્યો

બક્ષી મહાશય ફરી બોલ્યા : 'ઇકૉનૉમિક્સમાં એમ. એ.માં થર્ડ ક્લાસ આવ્યો. અહીં, સાહેબ, બંગાળી છોકરાઓ માટે પહેલાં જેવું નથી. બિહારી એક્ઝામિનર બંગાળી છોકરાઓને સારા માર્ક્સ નથી આપતા. ફર્સ્ટ ક્લાસ, સેકન્ડ, બધા જ બિહારી.'

આ બધી વાતો હું પહેલાં પણ સાંભળી ચૂક્યો હતો, એટલે લોહી તપ્યું નહિ. પાસે જ એક મૂડો પડ્યો હતો. તે બતાવી પેલા સજ્જને પૂછ્યું : 'બેસી શકું?' 'બેસોને.'

બેસીને જાતજાતની આલોચનામાં એ મશગૂલ થયા. મને થયું, દેશ સંબંધે એમણે ઘણા બધા વિચારો કર્યા હતા. નેહરુએ શી ભૂલો કરી હતી, ચીનનો અસલ મતલબ શો હતો, પાકિસ્તાન સાથે સમજૂતી કરવા નેતાઓએ શી પૉલિસી ધારણ કરવી જોઈએ, બંગાળીઓએ પ્રાચીન ગૌરવનો કઈ રીતે ઉદ્ધાર કરવો જોઈએ—એ બધા વિષયો પર એમણે ભાષણ આપી દીધું. હું જરાક અકળાયો. સજ્જનનો પીછો છોડાવવા મેં કહ્યું : 'તમારી સાથે ઓળખાણ થવાથી હું ખૂબ રાજી થયો છું; પણ હમણાં મારે જરાક કામ માટે બહાર જવાનું છે. પોલીસ થાણું કઈ તરફ છે, જરા કહેશો તો—'

'થાણું તો પાસે જ છે. દારોગાબાબુ પાસેથી જ તો મને ખબર મળ્યા કે આજ તમે આવવાના છો. અરે, મુદ્દાની વાત તો ભૂલી જ ગયો. અહીં કેટલા દિવસ રહેશો ?' 'કાલ સવારની ટ્રેઈનમાં તો—'

'ઓહ ! તો તો બહુ સારું. મારી બહેન એક બાટલી જામફળની જેલી મોકલવા માગે છે—કલકત્તા મારાં બા માટે. તમે જો મહેરબાની કરી લઈ જશો તો મોટો ઉપકાર.'

'તમારાં બા ક્યાં રહે છે ?' 'ન્યૂ અલીપુર. તમે ?'

'હું, શ્યામ બજારમાં. તો પછી તમે એક કામ કરો, મારું ઠેકાણું તમારાં બાને મોકલી દો. તેઓ કોઈને મોકલીને મારા ઘેરથી જેલી મંગાવી લે.' કહી મારું ઠેકાણું લખેલું કાર્ડ મેં એમને આપ્યું.

'ઓહ, તમારાથી ન્યૂ અલીપુર જવાનું બનશે નહિ, એમ ને ?'

'ના, ચોરંગીની પેલી બાજુ જવાનું થતું જ નથી, ખાસ.'

'વેરી ગુડ; તો પછી પત્ર લખી નાખીશ.' મહાશયના હાથમાં એક સુંદર કિમતી રિસ્ટ વૉચ હતી. તેના ભણી જોતાં તેઓ મૂછ પર હાથ ફેરવવા માંડ્યા : 'જસ્ટ સાડા ત્રણ વાગ્યે તમે ઘેર હશો?'

'હા.' 'ત્યારે હું જેલી આપી જઈશ.'

'હું કાલે સવારે છ વાગ્યે નીકળીશ. ત્યારે આવશો તો યે ચાલશે.'

'વેરી ગુડ; છ વાગ્યે જ આવીશ. એ વખતે હું મૉર્નિંગ વૉક માટે આમે ય નીકળું જ છું.'

મેં ઓરડાને તાળું માર્યું અને બહાર રસ્તા પર આવ્યો. સજ્જન પણ સાથે આવ્યા. જરાક દૂર જઈ એક રસ્તો બતાવી બોલ્યા : 'આ રસ્તે સ્ટ્રેઈટ ચાલ્યા જશો તો થાણે પહોંચી જશો.'

બીજે દિવસે સવારે મજૂર બરાબર છ વાગ્યે આવ્યો, પણ પેલા સજ્જનનો પત્તો નહોતો. તેઓ એ પછી દેખાયા જ નહિ આખી બપોર મેં એમની રાહ જોઈ હતી. અહીં વધારે રોકાવાય એમ તો નહોતું જ; સાતની તો ટ્રેઈન હતી

ટ્રેઈનમાં બેસી ગયો. ટ્રેઈન છૂટવાનો ઘંટ પણ વાગી ગયો. બારીમાંથી મોં બહાર કાઢી જોયું તો વિનાયક બક્ષી, હાથમાં જેલીનો બાટલો અને દોડતા દોડતા આવતા હતા. ટ્રેઈને ચાલવાનું શરૂ કર્યું. સજ્જન અચાનક ઠોકર ખાઈને પ્લૅટફૉર્મ પર પડી ગયા! જેલીનો બાટલો ભાંગી ગયો. અને જેલી ચારે તરફ ઢોળાઈ ગઈ. મને લાગ્યું એમની કિમતી ઘડિયાળ પણ ભાંગી ગઈ હતી.

એકાદ વર્ષ પછી ફરી મારે એ જ ગામે જવાનું થયું. સ્ટેશને ઊતરીને મેં પેલા જ મજૂરની તપાસ કરી. તેનું કાલીચરણ નામ મને યાદ હતું. સાંભળ્યું કે હવે એ મજૂરી કરતો નહોતો. ગામની ધર્મશાળા પાસે એણે એક દુકાન કરી હતી. ધર્મશાળા પર પહોંચીને જોયું કે ધર્મશાળા પાસે જ તેની દુકાન હતી. ત્યાં મમરા, પૌંઆ, ચીકી, ચણા, કેક, પાંઉ, ચહા—બધી સામાન્ય ખાવાની વસ્તુઓ મળતી. દુકાનમાં ખૂબ ભીડ હતી. કાલીચરણે મને જોયો કે તરત ઓળખી કાઢ્યો અને મારી પાસે આવી મને નમસ્કાર કર્યા. જોયું, તેની ખાસ્સી શ્રીવૃદ્ધિ થઈ હતી. વાતવાતમાં પૂછ્યું : 'તમારી દુકાનમાં આવક કેટલીક થાય ?'

'રોજ લગભગ વીસ-ત્રીસ રૂપિયા થઈ જાય. બક્ષી બાબુ બધો હિસાબ રાખે છે.' 'બક્ષી બાબુ ?'

'હા, પેલા—' ત્યારે મારી નજર પડી કે દુકાનની પાછળ એક ગંદા ટેબલ સામે બેસીને વિનાયક બક્ષી કંઈક લખતા હતા. કાલીચરણે બૂમ મારી : 'ઓ બક્ષીબાબુ, નિસપિટ્ટર (ઈન્સ્પેક્ટર) સાહેબ આવ્યા છે.'

'અરે ! તમે ? હલો-હલો-હલો—' કહેતા ઉદ્‌ભાસિત મુખે વિનાયક આગળ આવ્યા. એક કપ ચહા પીવી પડી. કાલીચરણે કેમે ય પૈસા ન લીધા. પૂછ્યું : 'તમને ધર્મશાળામાં જગ્યા મળી ?'

'ના, હજી હું ત્યાં ગયો જ નથી.' 'ચાલો.'

કાલીચરણે જ મારે માટે જગ્યા કરાવી દીધી, અને બિછાનું બિછાવી દઈ એક બાલદી પાણી લાવી દીધું. જતી વખતે કહેતો ગયો : 'હું જ તમારા માટે જમવાનું હોટેલમાંથી મોકલી દઈશ.'

સાંભળ્યું કે વિનાયક બક્ષી એમ. એ., નિરક્ષર કાલીચરણની દુકાને મહિને ત્રીસ રૂપિયાના પગારે નોકરી કરતા હતા. થોડી વાર પછી વિનાયક પોતે પણ આવ્યા, અને જાતજાતની ઘણી બધી વાતોના અંતે કહે : 'એ મારવાડી બેટાના માથામાં છાણ સિવાય કંઈ જ નથી. એના નસીબે હું છું તેથી દુકાન જેમતેમ કરીને ચલાવ્યે રાખું છું !'

મેં મૃદુ હસીને કહ્યું : 'ઓહ, એમ વાત છે !'

વિનાયક ઉદ્‌ભાસિત મુખે મારી તરફ જોઈ રહ્યા. □

પાલના રાઠવા

લેખક · શંકરભાઇ તડવી

તસ્વીરકાર · જયોતિ ભટ્ટ

છોટાઉદેપુર તાલુકામાં આંબાડુંગર પાસે કડીપાનીમાં એશિયામાં પ્રથમ એવું ફ્લોરસ્પારનું કારખાનું નખાયું છે. ધાતુ અને રાસાયણિક ઉદ્યોગોમાં એનું ઘણું મહત્ત્વ છે અને એનાથી દેશનું મોટું હૂંડિયામણ બચે છે. અબરખ અને કોલોમાઈટ જેવાં ખનિજ પણ અહીં છે. પણ આદિવાસી જાતિઓના ઉત્કર્ષકાર્યની અસર અહીંના રાઠવાઓ હજી પૂરતા પ્રમાણમાં ઝીલી શક્યા નથી; એટલું જ નહિ કદાચ ગુજરાતના અન્ય આદિવાસીઓની સરખામણીમાં યે તેઓ ઘણા પાછળ છે. અહીં એમનો આછો પરિચય આપ્યો છે. —સંપાદકીય

મહમદબેગડાએ ઈ. ૧૪૮૪માં ચાંપાનેર જીત્યું ત્યારે ત્યાંથી પૂર્વમાં નાસી છૂટેલા રાજપૂતોએ છોટાઉદેપુર વસાવેલું, ડુંગરાળ ને ગાઢ જંગલોથી છવાએલું તે રેવાકાંઠાનું એક નાનકડું રાજ્ય હતું. ત્યાંના પર્વતીય માર્ગો પર બરાબર નજર રહી શકે અને બચાવ થઈ શકે એ સારુ 'મોહન' માં રાજધાની રાખી રાજાએ ત્યાં એક ગઢ બનાવેલો. એ પરથી આ રાજ્ય 'મોહન' નામે પણ ઓળખાતું. પણ પછી ત્યાંથી રાજગાદી છોટાઉદેપુરમાં ફેરવાઈ હતી. સંરક્ષણની દૃષ્ટિએ નબળા સ્થાન પર આવવાથી અહીંનો રાજા ગાયકવાડના વર્ચસ્વમાં આવી ગયો ને પછી ઈ. ૧૮૨૨થી ત્યાંના વહીવટ પર બ્રિટિશ સત્તા પણ આવી. છતાં રાજાને કેટલીક મર્યાદિત સત્તાઓ હતી ખરી. રાજા 'મહા રાવલ' કહેવાતા અને અંગ્રેજી શાસનમાં એને નવ તોપોની સલામી મળતી. ઈમારતી લાકડું, કપાસ અને મહુડાનાં ફૂલની નિકાસમાંથી રાજને ઠીકઠીક આવક મળતી. પણ અહીંની ખનિજ સંપત્તિનો લાભ લઈ શકાયો નહોતો.

સ્વાતંત્ર્ય પછી આ દેશી રાજ્ય પણ ભારતમાં ભળી ગયું. આજે આ

રાઠવા એ છોટ ઉદેપુર તરફના ઊજળા વાનના આદિવાસીઓ છે. પોતાના વસવાટથી નજીકના કોઈ મોટા ગામના સંપર્કમાં આવનારા એમાંના થોડાકને બાદ કરતાં બાકીની આ આખી જાતિ હજી ઘણી પછાત ને ગરીબ છે. જંગલ વચ્ચે જ્યાં પાણીની સગવડ હોય ને થોડીઘણી ખેતી થઈ શકે ત્યાં છૂટાછવાયા એ વસે છે ને પોતાના ખેતરની પાસે, પણ એકબીજાથી દૂર રહે છે. જંગલ વચ્ચે તાડવૃક્ષની નિશાની એ જાણે એમની દીવાદાંડી. ત્યાં તેઓ વાંસ કરાઠાં ને તાડ પાંદડાં યા ક્વચિત્ નળિયાંવાળાં બે ઢાળિયાં છાપરાં અને વાંસ-કરાઠાંની ભીંતવાળાં કાચાં ઘર બાંધીને રહે છે. આગળ ઓટલો ને એક પ્રવેશદ્વારવાળા એ ઘરોને માળ તો ક્યાંથી હોય ? પણ માળિયું ખરું. અજવાળા માટે ભીંતમાં એકાદ બાકોરું રાખે. જરૂર પડ્યે અંદર ભીંતનો આંતરો કરી ખંડ પાડી લે. પાસે એક ખૂણામાં ઢોર બાંધે. વધુ ઢોર હોય તો ઘરની બાજુમાં જ બીજું ઘર ઊભું કરી લે ને એ બંનેનાં નેવાંનાં પાણી ઝીલવા પતરાં મૂકી બંને ઘર જોડી દે. અંદર એક તરફ અંધારામાં એમનું રાંધણિયું હોય ને પાસે એઠું પાણી વગેરે જવા ભીંતમાં પતરું કે થડની છાલ ખોસી નીક બનાવી હોય.

એક ઘરમાં પાંચ–દસ જણ સાથે રહે. વહુવારુ સિવાય મોટે ભાગે બધાં બહાર સૂએ અને દિવસે ઓટલા પર બેસે ઊઠે. જગ્યાની ખેંચ પડે તો રાંધણિયામાં યે પથારી નાખે.

એમની ઘરવખરી પણ બહુ ઓછી. અનાજ રાખવા વાંસની 'મોહરી' યા માટીના 'પોહરા' (કોઠી), રાંધવા–ખાવા માટે માટીનાં વાસણો ને લાકડાની કથરોટ, એકાદ તવેથો ને દાળશાક લેવા માટે લાકડાનો 'ચાટવો.' આ ઉપરાંત, ઘંટી, ખાંડણિયો, સાંબેલું, ટોપલા, સૂપડું ને ગોળી જેવું માટલું તથા પાણી લેવા તૂંબડીનો ડોયો. આ ડોયા વડે ઊંચે હાથે પોસ વાળીને સૌ પાણી પીએ. જો કે હવે કેટલાક ઍલ્યુમીનિયમ કે પિત્તળનાં બેચાર વાસણ પણ વસાવે છે ખરાં.





△ હાથપગનાં ઘરેણાં

ઘરઆંગણમાં તડકામાં સ્નાન ▷





△ કરતાલ લઈ નાચતા રાઠવા પુરુષો: કેડે લંગોટી, ઉપર લાંબી રંગીન ખાંપજ યા પટ્ટાવાળું ખમીસ અને માથે રંગીન ફાળિયું. આ એમનો પોશાક. કાનમાં સાંકળીવાળી કીકરી ને ખમીસમાં સાંકળીવાળાં બટન એ એમનાં ઘરેણાં.

(જમણી બાજુ) રાઠવા ઘેરૈયા. માથે મોરપીછ ને કેડે ઘૂઘરા ને ડીલ પર લીલાં ટપકાં. ▷

મળસ્કે ઊઠી જાય, પણ કામે ન ચડતાં તાપણું કરી તાપ્યા કરે. દિવસ ઊગતાં સાગ, ખાખર, ટેટી, કંઈ કે સાટોડીમાંથી જે મળે એનું દાતણ કરીને રાબડી પી લે ને ખેતરમાં કે બીજે કામે વળગે. સ્ત્રીઓ વહેલી ઊઠી દળે ને ઢોર છૂટ્યા પછી વાસીદું પતાવી, પાણી ભરીને રાંધે ને પછી ભાત લઈ ખેતરે જાય. ત્યાં પણ એ કામમાં મદદ કરે. છોકરાં ઢોર ચારે યા નાનાં ભાંડુને સાચવે. સાંજે ઘરે આવી રાંધે ને વાળુ કરી સૂઈ જાય. આ એમની દિનચર્યા.

સામાન્યત: પોતાની ખેતીમાં મકાઈ, જુવાર, ડાંગર જે કંઈ પાકે એનો જ ઘરમાં ઉપયોગ કરે. અરસપરસ અદલોબદલો ભાગ્યે જ કરે. ને જરૂર પડે તો નજીકના ગામે જઈને લઈ આવે. તેમના આહારમાં મકાઈ, જુવાર, મઠ, અડદ, ડાંગર, કોદરા, સામેલ, વગેહુ (ડાંગર કે દરાનું મિશ્રણ), સાંગરુ (બધાં અનાજનું મિશ્રણ) વગેરે જે મળે તેના રોટલા; ને તેની સાથે મળે તેનું 'હાંચતું' કે 'હાંચણું' (શાક), આમલીનાં પાન યા કાચી કેરી નાખીને બનાવેલી અડદ, મઠ કે તુવેરની 'ડાળ' (દાળ) યા કેરી કે આમલીનું પાણી કરી એમાં ગોળ, મીઠું ને મરચું નાખી બનાવેલું 'ડોળુ' હોય છે. સામાન્યત: રોટલા તથા છાશ નાખેલી કે તેના વિનાની રાબડી ને ભાજી નાખેલી દાળ એ એમનો રોજિંદો ખોરાક.

હોળી પર અડદના પાપડ ને ચોખાની પાપડીનું માહાત્મ્ય વધુ. જુવાર યા મકાઈ ભરડીને ભૈડકું પણ બનાવે. અડદનાં વડાં (ઢેબરાં) પણ કરે. વાર તહેવારે ઘઉંના લોટનાં હાથે વણેલાં 'સુસિયાં' (સેવો)ને દૂધ-ચોખાની ગોળ નાખી બનાવેલી ખીરમાં બાફીને ખાય. તહેવાર કે ઉત્સવ મનાવે ત્યારે માંસાહાર ને દારૂતાડીનો ઉપયોગ પણ કરે. ઢોર હોય તો એનાં ખાટાં દહીં-છાશ વાપરે, પણ ઘી વેચી દે.

તેલ તરીકે મહુડાંનું 'ડોળિયું' વાપરે. બીજાં તેલોને પણ એથી ડોળિયું જ કહે. મહુડાંની બીજી કેટલીક મીઠી વાનગીઓ પણ બનાવે. મહુડાં શેકીને ધાણી-ચણા કે મગફળી સાથે મેળવીને લાડુ કરે. મહુડાંનો ગર લોટમાં ભેળવી ટેકળાં બનાવે. તાજાં મહુડાં બાફી, એના પાણીમાં ચોખા નાખી ખીર કરે યા મહુડાંમાં દાળ નાખી 'ગોંદિયું' બનાવે. બફેલાં મહુડાં ખાઈ જઈ, એના વધેલા પાણીમાં લોટ નાખી શીરો પણ બનાવે.

દારૂબંધીને કારણે મહુડાં સંઘરાતાં નથી, પણ આદિવાસીઓ માટે મહુડાં એક પૂરક ખોરાક હતો. એને સૂકવી ટીપીને મીઠું ભેળવી રાખી મૂકવાથી એ ખોરાક તરીકે કામ લાગતાં. પગમાં કથીર કે રૂપાનાં 'કલ્લાં' (એ પોલાં હોય તો 'વાલ્તાં'). ગળામાં રંગીન મણકાની માળાઓ, રૂપાની માળાઓ, રૂપાની નક્કર 'હાંસડી' ને એમાં જડેલા ચલણી સિક્કા, કાનમાં ઉપરના ભાગે રૂપાના ચારપાંચ 'વીંટલા' ને કાનની બૂટમાં 'લોળિયાં', હાથે રાતા કે ધોળા ચૂડા, કથીરનાં 'ભોરિયાં' ને બલોયાં, નાકમાં 'જડ' ને 'મમ્મરિયો કાંટો' એ સ્ત્રીનાં આભૂષણો. આંગળીઓ પર, પહોંચા પર, હાથે, કપાળે, હડપચી પર ને પગની પીંડીની ઉપર તથા આંખના ખૂણે છૂંદણાંની હાર કે ઝૂમખાં પણ ત્રોફાવે.

ગરીબી ને અજ્ઞાનને કારણે રેવાકાંઠાના આ જંગલવાસીઓ આજ સુધી પોતાના પરંપરિત રસમો રિવાજમાં બાહ્ય અસરો ને સગવડોથી વંચિત રહી પોતાના મર્યાદિત વર્તુળમાં આ રીતે જીવન ટકાવી રહ્યા છે. ☐

શૈલેશ દે લિખિત ભારતના વૈપ્લવિક ઇતિહાસનું એક પ્રેરક પ્રકરણ
સરફરોશી માટે થનગનતા યુવાનોની કથા

વિનય બાદલ-દિનેશ

અનુવાદક · સુકન્યા ઝવેરી

૬

રાઈટર્સ બિલ્ડિંગ. સામ્રાજ્યવાદી બ્રિટિશરોનો સૌથી અભેદ્ય કિલ્લો. એના પર એક વાર છાપો મારવો જ રહ્યો. અને વારે વારે હુમલા કરી એને તોડવો જ રહ્યો.

યોજના તૈયાર હતી. પક્ષના અનન્ય નેતા પ્રફુલ્લ દત્તની સહાયથી રાઈટર્સ બિલ્ડિંગના કયા કયા માળ પર કયો વિભાગ છે એનો અને ત્યાં શી શી અગવડ છે અને શી શી તકેદારી રખવાની છે એનો બારીકાઈથી અભ્યાસ કરીને નકશો તૈયાર કરવામાં આવ્યો હતો. તારીખ અને દિવસ પણ નક્કી થઈ ગયાં હતાં. હવે કેવળ એ દિવસની વાટ જ જોવાતી હતી.

ના, કોઈનેય છોડવાના નહોતા, કોઈને ય માફ કરવાના નહોતા. પરરાજ્યના શાસનતંત્રના પ્રત્યેક વિભાગને તે દી પ્રાયશ્ચિત્ત કરાવવાનું હતું.

સાંભળો બ્રિટિશ સામ્રાજ્યવાદીઓ! તમારી ભાષામાં તો અમે 'ત્રાસવાદી'—એટલે કે ધણ્ય ચોર લુટારાની ટોળી માત્ર! શાંત સ્વસ્થ સમાજની છાતી પર ત્રાસ ફેલાવવો એ જ કેવળ અમારું કામ! પણ હું પૂછું છું કે ગયા યુદ્ધમાં તમે જર્મનીને હાથે હારી જાત તો શું કરત? તમારા દેશના મુક્તિકામી યુવાનોને તમે આ રીતે સંબોધત?

સાંભળો ચાર્લ્સ ટેગાર્ટ! કબૂલ કરું છું કે તમે દક્ષ પોલીસ ઑફિસર. તમે અસીમ ક્ષમતાના અધિકારી. પણ તમે જ વિચાર કરો: તમે ચાહો છો કે તમારી બ્રિટિશ જાતની સ્વભાવસુલભ પરરાજ્ય-લિપ્સા સદાકાળ કાયમ રહે; અને અમે ઇચ્છીએ છીએ કે એ તમારી ચુંગાલમાંથી અમારી પરાધીન માતૃભૂમિને છોડાવીએ. અને તેને માટે અમે કોઈ પણ મૂલ્ય ચૂકવવા તૈયાર છીએ. અને તેથી જ હું હુમલો કરીશ, ટેગાર્ટ!

ના, દૂરથી છુપાઈને નહિ; સામી છાતીએ સંગ્રામ. તારી સાથે હશે સમગ્ર પોલીસ અને સૈન્યવાહિની, અને મારી સાથે માત્ર બે સાથી: દિનેશ અને બાદલ. વિક્રમપુરની પૂર્વમાં આવેલા શિમુલિયા ગામના અવની ગુપ્તના દીકરા બાદલ, અને યશોલંગના સતીશ ગુપ્તના દીકરા દિનેશને આટલી જલદી તમારી પોલીસ ભૂલી ગઈ હોય એમ હું માનતો નથી—જેમણે એમની રાતોની રાતની ઊંઘ હરામ કરી નાખી હતી. હા, એ જ મારી સાથે હશે. કેદ કરશો? મને? વિનય બોઝને? ના, એ સૌભાગ્ય તમને નહિ સાંપડે ટેગાર્ટ! તમે તો શું, સારી યે બ્રિટિશ સલ્તનત પણ એ નહિ કરી શકે. આ જન્મે તો નહિ જ. હા, મારો દેહ વખતે મળશે, પણ હું નહિ. અને જેલ ઈન્સ્પેક્ટર જનરલ કુખ્યાત કર્નલ સિમ્પસન, તમે પણ સાંભળી લેજો: તમારી નામના તો ગગનચુંબી થઈ ઊડી છે. પડેલો ઘા તમારા પર જ. તમે જ અમારું પહેલું નિશાન હશો.



બાદલ અને દિનેશ

અને સૌ ખ્યાત-અખ્યાત અંગ્રેજ કાર્યકર્તાઓ, તમે પણ સાંભળી લો! વ્યક્તિગત મને તમારા કોઈ પર રોષ નથી. તમને ઘાયલ કરવાનો મારો ઈરાદો પણ નથી. પણ તમે વચ્ચે પડશો તો તમારું આવી બન્યું જાણજો; કેમ કે હું અચૂક નિશાનબાજ છું.

'રક્તે મારે આજ મચી છે સર્વનાશની ધૂન!'

મલ્લિકા! આ જ એક લીટી લખેલાં રક્તરંગી પોસ્ટરો તે દી કલકત્તાની છાતી પર લાગ્યાં હતાં. જ્યાં નજર કરો ત્યાં બસ પોસ્ટર જ પોસ્ટર! લાલમલાલ થઈ ગઈ હતી એ મહાનગરી! શહેરવાસી સૌ અવાક! શી વાત હતી? કોના રક્તમાં આવી સર્વનાશની ધૂન મચી હતી? નક્કી કંઈક થશે જ. ચાર્લ્સ ટેગાર્ટની ધારણા પણ એવી જ હતી, કે નક્કી કંઈક બનશે જ. રક્તરંગી લાલ અક્ષરો એ અમંગલની જ આશંકા સૂચવતા હતા. પણ ચાર્લ્સ ટેગાર્ટ તો તૈયાર જ હતો. લાલબજારમાં એની વિરાટ પોલીસ ફોજ તૈયાર જ હતી, કેવળ આદેશનો જ ઇંતજાર હતો.

૭

દિનેશ ગુપ્ત! વિક્રમપુરના યશોલંગ ગામના સતીશ ગુપ્તનો પુત્ર દિનેશ ગુપ્ત! વૈપ્લવિક સંસ્થા બેંગાલ વૉલંટી બર્સનો દુર્ધર્ષ દુઃસાહસિક સૈનિક દિનેશ ગુપ્ત! કવિ, સાહિત્યકાર અને ફિલસૂફ, વીસ વર્ષનો યુવાન દિનેશ ગુપ્ત જાણે અગ્નિયુગનો સંપૂર્ણ એક ઇતિહાસ!

જન્મ ૧૯૧૧ની ૬ઠ્ઠી ડિસેમ્બર. કાર્યક્ષેત્ર ઢાકા. અદમનીય પ્રાણ. સંપદાએ ભરપૂર દુરંત બેપરવા એની જવાન આંખોમાં દિગંતસીમા જેવી ઉન્મુક્ત સ્વચ્છ દષ્ટિ. હૈયામાં એના દુર્વાર સાહસ. તંદુરસ્ત તબિયતનો તરુણ દિનેશ!

ત્યારે સમગ્ર દેશમાં અસહકારનું આંદોલન હજી શરૂ જ થયું હતું; કોઈએ વિલાયતી ચીજ વાપરવી નહિ, ખરીદવી પણ નહિ. ઢાકામાં પિકેટિંગ થતું. તે દી 'રૉય કંપની'ની વિલાયતી દારૂની દુકાન સામે પિકેટિંગ ચાલતું હતું. હાથ જોડીને અનુરોધ કરતા પિકેટરો વિનંતી કરતા હતા. ખબર મળતાં જ તે દી સશસ્ત્ર પોલીસ લઈને દોડી આવ્યા'તા મિસ્ટર હડસન, પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ. અને ફટ દઈને એક છોકરાનો હાથ પકડીને એને મારવાને દંડો ઉગામ્યો હતો, હડસનસાહેબે વાઘની જેમ.

'સ્ટૉપ! વૉટ ઈઝ નન ઑવ યૉર બિઝનેસ ટુ બીટ ધેમ?' કહેતોક ને સાઈકલ પરથી પટ દઈને ઊતરી પડ્યો'તો દિનેશ એ દશ્ય જોઈને, અને વજ્ર કંઠે તાડુકી ઊઠ્યો હતો.

'વ્હૉટ?! હડસનસાહેબે મોં ફેરવી પાછા વળી જોયું. આંખોમાંથી આગ ઝરતી હતી. આમ એક ગોરા સાહેબના મોં પર કહેવાનું કયા કાળા આદમીમાં શહૂર હતું! દઢ સ્વરે દિનેશે ફરી પોતાની વાતની પુનરુક્તિ કરી: યેસ! યૂ હૅવ નો રાઈટ ટુ બીટ હિમ!'

ગુસ્સાથી, અપમાનથી લાલ મુખ વધુ લાલ થઈ ગયું. અને સાથે સાથે જ કમર પરથી રિવૉલ્વર કાઢી ગર્જી ઊઠ્યો હડસન: 'ગેટ આઉટ! ઑર આઈ સૂટ યુ ડાઉન!' લાગતો જ દિનેશે જવાબ દીધો: 'શુટ મી હીઅર, ઈફ યૂ આર નૉટ અ કાવર્ડ!'

વિસ્મયથી હડસન અવાક! આ તો અસલ વનરાજ સિંહ જ

જોઈ લો! તે ચૂપ. ઝગડો કરવાથી શો લાભ? આમ દિનેશના સાહસિકપણાની સીમા નહોતી.

એ અદ્‌ભુત પ્રાણવંત છોકરા પર દુશ્મનને ય વહાલ વછૂટે એવો એ છોકરો. એ દિનેશ માટે આ દુનિયામાં કોઈ પરાયું નહોતું. બધાં જ આપ્તજન. કાર્યદક્ષતા પણ એવી જ! એક દિવસ રાતના ત્રણ વાગ્યે ઊઠ્યો. એણે બે-ત્રણ છોકરાઓને દોઢેક માઈલ દૂર કોઈ એક ઠેકાણે બોલાવ્યા હતા. તૈયાર થઈને બહાર આવ્યો. આવીને જુએ તો સાઈકલના પૈડામાં બિલકુલ હવા નહિ! હવે? એણે તો માંડ્યું દોડવા. જો એ સમય પ્રમાણે ન જાય તો બીજાને હુકમ કરવાનો, સમયસર પહોંચવાનો આદેશ દેવાનો એને કોઈ હક નહોતો. અને એ સમયસર પહોંચી ગયો. ના, મોડું નહોતું થયું. એ પલ્ટન મેદાનમાં વખતસર પહોંચી ગયો હતો. એવો હતો એ દિનેશ. જીવનના એક જ ક્ષેત્રમાં નહિ, દરેક ક્ષેત્રમાં એ એવો જ. એક શબ્દમાં જેને કહીએ સર્વતોમુખી પ્રતિભાશાળી સાહિત્યકાર, કવિ, દાર્શનિક, દરેક વિશેષણ આપણે સમાન ભાવે એના માટે વાપરી શકીએ.

એ જમાનામાં એ ઉમરે એની વાર્તાઓ છપાતી અને વખણાતી. પણ એ સૌથી યે શ્રેષ્ઠ તો હતો એનો માભોમ માટેનો પ્રેમ. બેંગાલ વૉલંટીઅર્સની મેદિનીપુરની શાખાનો પ્રતિષ્ઠાતા. અને એને માટે એ ઢાકા કૉલેજ છોડી દઈને દાખલ થયો મેદિનીપુરની કૉલેજમાં. જઈને એણે જગાવ્યો ઉન્મત્ત તરુણોમાં અસહ્ય આવેગભર્યો નશો, કોણ જાણે કઈ જાદુઈ લાકડીના સ્પર્શે!

૮

ઈ. સ. ૧૯૩૦. બાંગ્લા દેશમાં તે દિવસે નવજીવનનો સાદ. નૂતન દિનનો સંકેત.

સાતમી ડિસેમ્બર! અભિયાન (ઑપરેશન)ને માત્ર એક દી બાકી. આ બાજુ બધુ તૈયાર. પિસ્તોલો વગેરેની વારે વારે તપાસ-પરીક્ષા થઈ ગઈ હતી. બહુમૂલ્ય યુરોપીઅન પોશાક પણ તૈયાર હતા. આ જ પોશાકમાં આવતી કાલે એમને રાઈટર્સ બિલ્ડિંગમાં દાખલ થવાનું હતું.

ભલે નકશા-પ્લાન વગેરે દેખાડ્યા હતા, છતાં પણ એક વાર એ વિરાટ રાઈટર્સ બિલ્ડિંગની પ્રત્યક્ષ જાણકારી હોય તો સારું. વિનયને તો લઈ જવાય એમ જ નહોતો, કેમ કે એ હતો ફરારી. દિનેશ હતો સાચ્ચો ક્ષત્રિયબચ્ચો જાણે. જીવંત દારૂગોળો જ જોઈ લ્યો! તેથી બહેતર હતું કે ઠંડા મગજના બાદલને લઈ જવો સારો. એટલે નિકુંજબાબુ બાદલને લઈને નીકળી પડ્યા. અને તે સમયે દિનેશ કવિગુરુ રવીન્દ્રનાથની 'બલાકા' લઈને વાંચતો બેઠો હતો.

'નિકુંજબાબુએ જતાંજતાં પૂછ્યું: 'દિનેશ તને ખાવાનો ખૂબ જ શોખ છે, તો શું લાવું? કાલે તો તારે જવાનું છે.'

'મારે માટે મીઠાઈ, દહીં અને માંસ.' દિનેશે કહ્યું.

'ભલે ભલે, ખાઈ લેજે ભાઈ પેટ ભરીને.'

ઈ. ૧૯૩૦ની ૮મી ડિસેમ્બર. અગ્નિયુગના રક્તરંગી ઇતિહાસનો એક અવિસ્મરણીય દિન. સવારથી સાબદા થવાનો રવ જાગ્યો હતો પાર્ક સ્ટ્રીટના એ ગુપ્ત કેંદ્રમાં. સવારના જ જમવાના થાળ આવી ગયા. દિનેશ અને બાદલ વચ્ચે તો હરીફાઈ ને ચડસાચડસી: કોણ વધુ ખાય! આજ હતો આખરી દિન. સ્વાધીનતાની વેદિ પર આજ એમના આત્મોત્સર્ગનો દિન. કોઈ પાછું નહિ આવે. કોઈ ક્યારે ય પાછું આ પૃથ્વીનું મુખ નહિ દેખે. અને છતાં બંનેના મોં પર ભયની રેખા સરખી દેખાતી નહોતી. મરણ જાણે માત્ર એક ખેલ! અને એમની ઉંમરે ય શી હતી! વિનય બાવીસ, દિનેશ વીસ, અને બાદલે તો હજુ અઢારમા વર્ષમાં જ પગ દીધો હતો.

ખાઈ પીને બંને તૈયાર. હવે માત્ર રાહ જ જોતા હતા. ત્યાં નિકુંજબાબુ ટૅક્સી લઈને દિનેશને બોલાવવા કમરામાં દાખલ થયા. દિનેશ રવીન્દ્રનાથના કાવ્યનું પઠન કરી રહ્યો હતો: જે સુણે છે કાને! એનું આહ્વાન ગીત. દોડી આવે છે એ નિર્ભીક પ્રાણે સંકટ. આવર્ત વચ્ચે દે છે એ વિશ્વવિસર્જન. નિર્યાતને લે છે એ સામી છાતીએ મૃત્યુનું. ગર્જન સુણે છે એ સંગીતની જેમ.

નિદારુણ શૂન્યતાથી નિકુંજબાબુનું હૈયું હાહાકાર કરી ઊઠ્યું. દિનેશના કાવ્યપઠને કેટલી યે સંધ્યાને મુખરિત કરી હતી, આજ એ બધાંનો ઇતિ! બધાંની સમાપ્તિ! મન ન માને છતાં ય વિદાય તો દેવાની જ હતી—ચિર વિદાય!

એક પળની જ હતી એ દ્વિધા. બીજી પળે એમણે સાદ દીધો: 'દિનેશ!'

'જી!' નિમેષમાત્રમાં દિનેશ પૃથ્વી પર ઊતરી આવ્યો.

ઢાકામાં લોમેન વીંધાયો ૨૯મી ઑગસ્ટે. આ જ હતી ૮મી ડિસેમ્બર. એટલામાં ત્રણ મહિના વીતી ગયા! સવારના સાત વાગી ગયા હતા. હજુ યે વિનય ઊંઘતો હતો! ભાભીએ આવીને અસીમ મમતા સાથે વિનયને જગાડ્યો. 'હં!' કહી ઝબકી ઊઠ્યા રાજકુંવર: 'ભાભી! કેટલું મોડુ થઈ ગયું! તમે મને જગાડ્યો નહિ?'

'જાઓ ભાઈ, મોં ધોઈ આવો, હું ચાની તૈયારી કરું છું'

'હું જરા નાહી પણ લઉં ભાભી. નવ વાગ્યે તો તેડવા આવશે.'

આવીને જુએ તો અન્નકૂટ! જાતજાતનાં ભોજન! અરે, બાપ રે! આટલું તો દસ જણ પણ ન ખાઈ શકે! અને છતાં ય ભાભીના આગ્રહને વશ થઈ રાજકુંવરે જમી લીધું. અને પછી કિંમતી સૂટ, નેકટાઈ શૂઝ અને માથા પર હૅટ પહેરીને તૈયાર. એ પોશાક હતો રાઈટર્સ બિલ્ડિંગનો પાસપોર્ટ, જેથી રાઈટર્સ બિલ્ડિંગમાં દાખલ થવા માટે વાંધો ન આવે.

જવા ટાણે ભાભી આંખોનાં આંસુના બંધને ન જાળવી શક્યાં.

'પણ ભાભી, આપણા દેશની માતાઓ તો દીકરાને સ્વહસ્તે તિલક કરી યુદ્ધમાં મોકલતી. એ દેશની દીકરીની આંખમાં આંસુની ધારા? અને વળી ભાભી, તમે તો દળનાં સદસ્ય, વિપ્લવી. તમે આમ રડો છો?' ચરણરજ લેતાં રાજકુંવર બોલ્યા.

'ભાઈ, વહેલો વળજે જંગ જીતીને!' હસી પડ્યા રાજકુંવર. એ જ હસમુખો ચહેરો. એમાં રતીમાત્ર ફેર નહોતો.

ભાભી નિર્નિમેષ નેત્રે નિહાળી રહી પોતાના લાડીલા દિયરને, ટૅક્સીમાં આંખોથી ઓઝલ થતા.

નિશ્ચિત મૃત્યુ જાણવા છતાં પણ આગળ વધી રહી હતી હસતે મુખે, મૃત્યુંજયી વીરની ટોળી: મેજર વિનય બોઝ, કૅપ્ટન દિનેશ ગુપ્ત અને લેફ્ટેનન્ટ બાદલ ગુપ્ત. અને આ પદવી તેમણે મેળવી હતી પોતાનું સામરિક કૌશલ દેખાડીને બેંગાલ વૉલંટીઅર્સના અભિજ્ઞ વિચારકો પાસેથી. પ્રથમ નિશાન હતા જેલ-વિભાગના ઈન્સ્પેકટર જનરલ લેફ્ટેનન્ટ કર્નલ સિમ્પસન.

ગાડી દોડી રહી હતી ડેલહાઉસી સ્કવેર તરફ. ગાડીમાં બેઠા હતા ત્રણ મુક્તિ-જોદ્ધા. દરેક ઘડિયાળમાં તે વખતે સમય હતો બાર. ઘડી આવી પહોંચી હતી. હવે વાર નહોતી. સામે જ રાઈટર્સ બિલ્ડિંગ.

ગાડીમાંથી ઊતરી નિર્ભયે આગળ વધ્યા ત્રણે મુક્તિ-સૈનિક. પ્રહરીઓએ સલામ ઠોકી. હશે કોઈ મોટા માણસો, કોઈ જજ-મૅજિસ્ટ્રેટ, ઇંગ્લૅન્ડ રીટર્ન્ડ. પોશાક તો એવો જ હતો. સીધા ઉપર ગયા—પહેલે માળે. પૅસેન્જમાં પગ મૂકતાં જ ધીમેથી રાજકુંવરે પૂછ્યું: 'દિનેશ! બાદલ! યૂ રેડી?' 'યસ સર.' માનપૂર્વક પોતાના દલપતિને જવાબ દીધો.

'યાદ રાખજો, દરેક ગોળીનો રજેરજ ઉપયોગ કરવાનો છે. અને તે ઉપરાંત પોટાશિયમ સાઈનાઈડ ખિસ્સામાં છે ને?'

'યસ સર!' કહી ચરમ સંગ્રામ પહેલાં બંનેએ (અનુસંધાન પૃ. ૪૫૧)

કૉલેજિયનોને જ નહિ, પણ સૌ સાહિત્યરસિક ઉત્સુક વાચકોને આકર્ષી રહેલી ડૉ. **મધુસૂદન પારેખની** લેખમાળા

ટૉમસ મિડલટન
જહૉન ફ્લેચર
ફ્રાન્સિસ બોમાં

અંગ્રેજી સાહિત્યનું આચમન

ખંડ ૪થો · પ્રકરણ ૭મું

ડેકર અને હેવૂડની જેમ જ ટૉમસ મિડલટન (Thomas Middleton)નો (૧૫૭૦ ? -૧૬૨૭) પણ લંડન નગર સાથે ગાઢ સંપર્ક છે અને એ પણ એ નગરનાં જીવંત ચિત્રો આલેખે છે. તેમ છતાં એ નગરજનોની ખુશામત થતી લાગે તેવાં ચિત્રો આપવાને બદલે તેમની નિર્બળતાનાં, તેમના જીવનમાં પ્રકટ થતાં દૂષણોનાં ચિત્રો રજૂ કરે છે અને એ રીતે એ બેન જૉન્સનની હરોળમાં બેસે છે. બેન જૉન્સને એને 'અધમ માણસ'—a base fellow—તરીકે ઓળખાવ્યો હતો. એ સિવાય તેના વિષે બીજી કોઈ ખાસ માહિતી પ્રાપ્ત થતી નથી.

શેક્સ્પીઅરના સમકાલીનોમાં મિડલટનનું સ્થાન કૉમેડી અને ટ્રૅજડી બંને પ્રકારના નાટ્યકાર તરીકે છે. તેની 'અ ટ્રિક ટુ કૅચ ધી ઓલ્ડ વન' 'A Trick to catch the old one', 'અ મૅડ વર્લ્ડ, માઈ માસ્ટર્સ' 'A Mad World, My Masters', 'અ ચેસ્ટમેઈડ ઈન ચીપસાઈડ' 'A Chastemaid in Cheepside', 'અ ગેઈમ ઍટ ચેસ' 'A Game at Chess' ઇત્યાદિ પ્રસિદ્ધ કૉમિક રચનાઓ છે. એની આ પ્રકારની કૉમેડીમાં મોટે ભાગે ધુતારાઓની પ્રપંચલીલા અને તેમનો શિકાર બનતા મૂર્ખાઓની ઘટનાનું ચિત્રણ હોય છે, અને અંતભાગમાં ધુતારા પોતે જ પોતાની જાળમાં ફસાઈ જતા હોય છે. ઉદાહરણ તરીકે 'અ મૅડ વર્લ્ડ, માઈ માસ્ટર્સ'માં એક ધૂર્ત યુવાન એના દાદાને (દાદાનો એ વારસદાર છે, પણ દાદા તેને કશું પરખાવવા માગતા નથી) ઠગવાનો પ્રપંચ કરે છે, પણ અંતે એના ટાંટિયા એના જ ગળામાં ભેરવાય છે. આ સાદ્યંત રમૂજી નાટકમાં દાદાનું પાત્ર–સર બાઉન્ટિયસ પ્રોગ્રેસ–પોતાને જ ભોગે ખૂબ રમૂજ પૂરી પાડે છે. ઈલકાબો માટેનો એમનો અભરખો, આનંદ-પ્રમોદ અને યુવતીઓ પાછળ તેમની દોડાદોડ, લંડનની વેશ્યાને હાથે નિરાંતે છતી આંખે ધુતાવાની તેમની વૃત્તિ પ્રવૃત્તિ, એ વેશ્યા સાથેના સહ-વાસ પછી પોતે બુઝર્ગ વયમાં પણ પિતા બનવા સમર્થ છે એ વાત-નો–એમની તાકાતનો–ગર્વ, અને વારંવાર લપડાક પડવા છતાં હમેશાં જળવાઈ રહેતો તેમનો ખુશમિજાજ અને આશાવાદ, એ સર્વ આ નાટકમાં મુખ્ય આકર્ષણ બની રહે છે. નાટકમાં ઘટનાઓની કુશળ ગૂંથણી, વિગતસભર આયોજન, સમકાલીન સમાજની નીતિરીતિનાં વિનોદપ્રેરક ચિત્રો એ સર્વ મિડલટનની કલાની વિશેષતા છે, અને નવજાગ્રતિકાળ-માં એના જેવો નવીન તાજગીભર્યો હાસ્યકાર ભાગ્યે જ બીજો જડે.

મિડલટનનાં કરુણાંત નાટકો

મિડલટને રાઉલી (Rowley)ના સહયોગમાં અનેક કરુણાંત ના-ટકો રચ્યાં છે, પણ તેની પોતાની રચેલી એક ટ્રૅજડી 'વીમન બીવેર વી-મન' (Women beware Women), જે સંભવતઃ ૧૬૧૨માં રચાઈ હતી–એમાં વેનિસની એક નર્તકી બીઆન્કાના જીવનની હૃદયસ્પર્શી કથા છે. એક યુવાન લીઅન્ટીઓ (Leontio) વેનિસથી એક યુવતીને પરણી લાવે છે. ધનિક ઘરની એ યુવતી અને લીઅન્ટીઓના સન્નિષ્ઠ પ્રેમના દિવસો ઝાઝા ટકતા નથી. લીઅન્ટીઓને તાકીદના કામે પરગામ જવું પડે છે. બારીએ બેઠેલી બીઆન્કા તેને આમ એકાએક પોતાને એકલી મૂકીને ન જવાની પારાવાર વિનંતી કરે છે. લીઅન્ટીઓ થોડીક ક્ષણ તો ચલિત થાય છે, પણ મન મક્કમ કરી ચાલ્યો જાય છે; અને તરત જ ડ્યૂકની સવારી એ મકાન પાસેથી નીકળે છે. ડ્યૂકની દૃષ્ટિ પોતાના ઉપર પડી–હરી–એવી શંકાથી બીઆન્કાને કાળજે ફાળ પડે છે—

શેક્સ્પીઅરના સમકાલીનો · બેન જૉન્સન અને બીજા

Did not the duke look up? Me thought he saw us.

એ પછી, એક ખંડમાં ડ્યૂકની કાર્યસાધક (procuress) લીવિયા અને લીઅન્ટીઓની માતા વચ્ચે ચેસની રમત, અને બીજા ખંડમાં ડ્યૂકની બીઆન્કા પર જોરતલબી—નાટકની આ શ્વાસ અધ્ધર કરે તેવી ઘટના મિડલટને પૂરા સામર્થ્યથી મૂર્ત કરી છે. એ પછી વક્રતાની ધાર પર નાટક વિકસતું જાય છે. લીઅન્ટીઓ ઘેર પાછો આવે છે અને બીઆન્કા તરફથી તેને ઠંડો વક્રતાભર્યો સત્કાર—સહકાર મળે છે બીઆન્કા પોતાનું શીલ ગુમાવીને સર્વસ્વ ખોઈ બેઠી છે. એ નિરાશામાંથી એનો રોષ અને તિરસ્કાર જન્મે છે. એના અંતરનું તુમુલ યુદ્ધ નાટ્યકારે અત્યંત કૌશલ-પૂર્વક રજૂ કર્યું છે. લીઅન્ટીઓને સમગ્ર રહસ્યની જાણ થાય છે; પણ હવે કશો અર્થ નથી. બીઆન્કા આત્મતિરસ્કારપૂર્વક ડ્યૂકને વશ થતી જાય છે, તેની સાથે લગ્ન કરે છે, અને છેવટે બંનેની કતલ થઈ જાય છે. મિડલટન આ નાટકનો યોગ્ય અંત આણવામાં સફળ થયો નથી. એક હૃદયસ્પર્શી નાટક એના અકલાત્મક અંતને કારણે એની ગુણવત્તા ગુમાવી બેસે છે.

મિડલટને રાઉલીના સહયોગમાં રચેલી એક ટ્રૅજડી 'ધ ચેઈન્જ-લિંગ' (The Changeling)માં બિયેટ્રીસના પતનની કરુણ કથા છે. સમગ્ર નાટક એમાંની કાર્યવેગભરી ઘટનાઓને કારણે તેમજ ઊર્મિનો ઉન્માદ પ્રગટ કરનારાં પાત્રોને કારણે આકર્ષક ગણાયું છે. એક અણગમતા પુરુષ સાથેનું લગ્ન ટાળવા (તે બીજા યુવાન અલ્સેમેરોના પ્રેમમાં છે) બિયેટ્રીસ એક શઠ દ ફ્લોરેસ (De Flores)ને સાધે છે. આ શઠ પણ બિયેટ્રીસનો ચાહક અને ઉમેદવાર છે, પરંતુ હમેશાં તે તેના તરફથી હડ-ધૂત થયો છે. બિયેટ્રીસ પોતાની આફત ટાળવા આ બદમાશનો ઉપયોગ કરે છે. એના માર્ગમાંથી કાંટો નીકળી જાય છે; પણ દ ફ્લોરેસ, બિયેટ્રી-સની ધારણા હતી તે મુજબ, પૈસાથી રીઝતો નથી. એને તો બિયેટ્રી-સનો દેહ જોઈએ છે. હવે પોતે રચેલા પ્રપંચમાં જાતે જ કેવી ફસાઈ પડી છે તેનો તેને ખયાલ આવે છે. નાટ્યકારે એના ચિત્તની આ વ્યથા માનસશાસ્ત્રીય સૂઝથી આલેખી છે. દ ફ્લોરેસ તેનું નૂર હરી લે છે અને એની સાથે લગ્ન કરવા સિવાય તેનો છૂટકો જ નથી. બીજી તરફ પોતે ઝંખેલા પુરુષ સાથે લગ્નનો માર્ગ પણ મોકળો બન્યો છે. પરંતુ એ પુરુષ તેના આ દ ફ્લોરેસ સાથેનાં લગ્નની વાત જાણે તો? આ સંતાપમાંથી છટકવા તે નવાંનવાં કરતૂકો-પ્રપંચો ખેલતી પોતાની જ જાળમાં વધુ ને વધુ ગૂંચવાતી જાય છે ને દ ફ્લોરેસને હાથે જ તેનો કરુણ અંજામ આવે છે.

મિડલટન અને રાઉલીની બીજી સહિયારી ટ્રૅજિક કૃતિઓ 'અ ફેર ક્વૉરલ' (A Fair Quarrel) અને 'ધ સ્પૅનિશ જિપ્સી' (The Spanish Gipsy) છે. રાઉલીનું પોતાનું કર્તૃત્વ હોય તેવી કૃતિઓમાં એક ટ્રૅજડી–'ઑલ્'સ લૉસ્ટ બાઈ લસ્ટ' (All's Lost by Lust) અને બે કૉમેડી 'અ મૅચ ઍટ મિડનાઈટ' (A Match at Midnight) અને 'અ ન્યૂ વન્ડર, અ વૂમન નેવર વેક્સ્ડ' (A new Wonder, a Woman Never Vexed) છે. પણ રાઉલીની નાટ્યકાર તરીકેની કક્ષા મધ્યમ છે. એનું પદ્ય પણ ખામીયુક્ત છે એવો વિવેચકોનો અભિપ્રાય છે.

મિડલટનની કૃતિમાં ઉચ્ચકક્ષાની ટ્રૅજડીમાં આવશ્યક એવાં લક્ષણો સ્પષ્ટપણે વરતાય છે. તદુપરાંત એની કૉમેડી અને ટ્રૅજડી બંને પ્રકારની કૃતિઓમાં નૈતિક વ્યવસ્થા ખાસ ધ્યાન ખેંચે છે. પ્રેમવાસનાને પોતાનું

વાજબીપણું હોય છે એવું તેનાં નાટકોમાં તે કદી નિર્દેશતો નથી. કાવ્ય-ન્યાયનો તે આગ્રહી છે.

જૉન ફ્લેચર અને ફ્રાન્સિસ બોમાં

જૉન ફ્લેચર (૧૫૭૯–૧૬૨૫) ધર્મગુરુનો પુત્ર હતો. શિક્ષણ અને સાહિત્યના ઉચ્ચ વાતાવરણમાં તેનો ઉછેર હતો. કેમ્બ્રિજમાં પણ તે ઉત્તમ વર્તુલોમાં ફર્યો હતો. નાટકો માટે પ્રજાની માગણીથી તેમજ પોતાની રુચિથી તે નાટ્યલેખન માટે પ્રેરાયો. એનામાં નાટ્યકાર થવા માટેની નૈસર્ગિક શક્તિ હતી અને એણે તેનો બરાબર ઉપયોગ કર્યો. લોકોની નાટકો માટેની માગણીને પહોંચી વળવા માટે નાટ્યલેખકોની play–factory રચી. આવી વર્કશૅાપ રચવાની પ્રથા એ જમાનામાં નવી નહોતી. પૂર્વે પણ આવી વર્કશૅાપની રચના હતી. તેમ છતાં વિખ્યાત નાટ્યકારોની આવી 'પ્લે ફૅક્ટરી' રચવાનો આ પહેલો પ્રસંગ હતો.

ઈ. ૧૬૦૭ની આસપાસ ફ્લેચરે બોમાં (૧૫૮૪–૧૬૧૬)ના સહયોગમાં નાટકો લખવાની પ્રવૃત્તિ શરૂ કરી. બોમાં પણ ઉમદા કુટુંબમાં ઊછરેલો, સાહિત્યિક વર્તુલોમાં ફરેલો કવિજીવ હતો. ફ્લેચર અને બોમાં બંને ગ્લોબ થીએટર પાસે રહેતા અને બોમાંનાં લગ્ન થયાં ત્યાં સુધી સહયોગમાં નાટકો રચતા. પણ લગ્ન પછી તરત જ ઈ. ૧૬૧૬માં બોમાંનું અવસાન થયું. તેમના સહિયારા લેખનના ફળ રૂપે 'ધ સ્કૉર્નફુલ લેડી'–The Scornful Lady (૧૬૧૦) રચાયું. એ કુટુંબલક્ષી કૉમેડી છે. 'ધ નાઈટ ઑાવ ધ બર્નિંગ પેસલ' એ એમની રસપ્રદ પૅરડી (parody) છે. એમણે બે ટ્રૅજડીની પણ રચના કરી છે: 'ધ મેઇડ્ઝ ટ્રૅજડી' (The Maid's Tragedy) અને 'અ કિંગ ઍન્ડ નો કિંગ' (A King and No King) (૧૬૧૧). એમની એક સહિયારી ટ્રૅજીકૉમેડી 'ફિલૅસ્ટર' (Philaster) ઈ. ૧૬૦૯માં રચાએલી છે.

'ધ નાઈટ ઑાવ ધ બર્નિંગ પેસલ' (The Knight of the Burning Pestle)માં લંડનના નગરજનોમાં રોમૅન્ટિક સાહિત્ય વાંચવાની ને પરાક્રમો કરવાની ઘેલછા પ્રસરી હતી અને ડૉન કિહોટે પેઠે તેમનાં દિમાગ ફરી ગયાં હતાં એ મનોવૃત્તિ પર લેખકનો કટાક્ષ છે. એમાં નાટકની અંદર નાટક યોજીને લેખકે પોતાનું વિડંબનાનું પ્રયોજન સાધ્યું છે. એમાં એમની કુશળતા દાદ માગી લે તેવી છે. અલબત્ત એમાં પાત્રવિકાસ માટે અવકાશ નથી; પરિસ્થિતિજન્ય રમૂજનું જ મુખ્ય આકર્ષણ છે.

એમની પ્રસિદ્ધ કૃતિ 'ફિલેસ્ટર' શેક્સપીઅરનાં નાટકોનું વારંવાર સ્મરણ કરાવે છે. નાયક ફિલેસ્ટરમાં હૅમ્લેટના અંશો છે. કેટલીક વાર તે ઑથેલોનું સ્મરણ કરાવે છે: કિશોરના વેશમાં પોતાનો ભાગ ભજવતી યુફ્રેસિયા (Euphrasia)'ટ્વેલ્ફ્થ નાઈટ'ની વાયોલાના કેટલાક અંશો પ્રકટ કરે છે. નાટકનું સ્વરૂપ જોતાં સમજાય છે કે તેમણે શેક્સપીઅરનાં નાટકોનાં દશ્યો ને પાત્રોમાંથી કેટલાક અંશો પસંદ કરીને તેમાંથી નવું નાટક રચ્યું છે. પણ તેમ કરવા જતાં બાવાનાં બેય બગડયાં જેવો ઘાટ થયો છે. શેક્સપીઅરની કલા તો તેમાં આવી શકી નથી જ. સિડનીની કૃતિ 'આર્કેડિયા' (Arcadia)નો સૂર પણ આમાં સુસ્પષ્ટ સંભળાય છે. અલબત્ત થોડીક મજાની કવિતા ક્યારેક મનોરંજક બની રહે છે ખરી.

ફ્લેચર–બોમાંની ઉત્તમ ગણાએલી ટ્રૅજડી તો 'ધ મેઈડ્ઝ ટ્રૅજડી' (The Maid's Tragedy) છે. સ્ટૂઅર્ટ સમયના જેઈમ્સ પહેલા અને ચાર્લ્સ પહેલાના રાજદરબારનું સ્મરણ કરાવે તેવી આ ટ્રૅજિક કૃતિની મુખ્ય ઘટના છે. આપખુદ રાજા આ નાટ્યકૃતિના કેન્દ્રમાં છે. એનો ઈશ્વરી હક્ક (Divine Rights)નો દાવો છે. તે ગમે તેવું અયોગ્ય કૃત્ય કરે તથાપિ પ્રજા તેની સામે બોલીચાલી શકે નહિ! રાજા પ્રત્યેની પરમ વફાદારી એ પ્રજાનું પ્રથમ કર્તવ્ય છે, એમાં જ પ્રજાનું ગૌરવ મનાયું છે! એ રાજાને એક પ્રિયતમા ઈવાદ્દન (Evadne) છે; અને પોતાનો એની સાથેનો છૂપો વહેવાર ઢાંકવા માટે તે એનાં અમિન્ટર (Amintor)નામના એક પ્રતિષ્ઠિત પણ નિર્બળ ઉમરાવ સાથે પૂરા ઠાઠથી લગ્ન ગોઠવે છે. અમિન્ટરે આ રૂપવતી ઈવાદ્દન સાથે લગ્ન કરવાની લાલસામાં પોતાની પ્રિયતમાને રઝળાવી છે. એ પાત્ર જો કે આ નાટ્યકૃતિમાં બહુ ઝળકતું નથી, તેમ છતાં તેની કરુણતાને લક્ષ્ય કરીને 'નાટ્યકારે મેઈડ્ઝ ટ્રૅજડી' એ શિર્ષક યોજ્યું છે. લગ્નની રાતે જ અમિન્ટરને જાણ થાય છે કે લગ્ન એ તો એક બહાનું છે, એની પત્ની ઈવાદ્દન તો રાજા માટે જ છે. નિરાશાની લાગણી કરતાં ય વિશેષ તેને રાજાની આવી શઠતા માટે ખેદ થાય છે. પણ ભગવાન એને પહોંચશે; વફાદાર-તુચ્છ નાગરિક એની સામે શું કરી શકે? સહી લેવું અને રાહ જોવી—

> In that sacred word
> 'The King', there lies a terror: what frail man
> Dares lift his hand against it? Let the gods
> Speak to him when they please:
> Till when, let us suffer and wait.

અને બીજો પ્રત્યાઘાત આવે છે તે એની પોતાની પ્રતિષ્ઠાનો! આ 'ખાનગી વાત' કોઈ ના જાણે તો કેવું સારું!

ઈવાદ્દનનો ભાઈ આ સજ્જનનો મિત્ર છે. એની પાસેથી તે લગ્નની રહસ્યમય વાત સમજે છે અને રોષપૂર્વક એ ઈવાદ્દનને ધુત્કારે છે, રાજાનું ખૂન કરવા તેને પ્રેરે છે. ઈવાદ્દન એ વચન પાળે છે પલંગમાં પોઢેલા રાજાને એ બાંધે છે અને ભારે ધિક્કારભરી વાણીમાં તેની ઝાટકણી કાઢી તેને મારી નાખે છે. લોહી નીગળતા ખંજર સાથે એ પોતાના પતિ પાસે પ્રેમના નવા પ્રફુલ્લની આશાએ આવે છે ત્યારે પતિના મુખમાંથી પ્રશંસા નહિ, પણ નિરાશાની–નારાજીની, ભયની ચીસ નીકળે છે. ઈવાદ્દન નિરાશાના ઝનૂનથી એ ખંજરથી આત્મહત્યામાં જ પોતાની ફલશ્રુતિ જુએ છે.

અમિન્ટરની તરછોડાએલી પ્રિયતમા એસ્પેશિયાનું ભાવિ પણ ઈવાદ્દનના જેવું જ નિર્માય છે. પ્રિયતમને ઝંખતી તે પુરુષવેશમાં તેને મળે છે. પણ તેને નિરાશા જ સાંપડે છે. નિરાશાથી ઉશ્કેરાઈને તે અમિન્ટરને દ્વંદ્વ માટે આહ્વાન કરી તેની તલવારથી જ મૃત્યુ પામવામાં પોતાનું શ્રેય જુએ છે. નાટકના અંત ભાગમાં ઈવાદ્દનનો ભાઈ મૃત રાજાના ભાઈ લાઇસિપસ (Lysippus) સમક્ષ પોતાના કાર્યની વધામણી ખાય છે ત્યારે એ રાજવંશી એટલી જ ટીકા કરે છે કે વિલાસી રાજાઓ માટે વિધાતા આવાં જ મોત નિર્માણ કરે છે, તો પણ એ મોતમાં જે નિમિત્ત–સાધન બને છે તે તો પાપી જ છે!

સમગ્ર નાટકમાં પ્રસંગનું આયોજન અને કાર્યવેગ અસરકારક બન્યાં છે, અને ઘટનાની જાળમાં ફસાતો પ્રેક્ષક પાત્રચિત્રણની અસંગતતા જોવાનું પણ ચૂકી જાય એમ બને. તેમ છતાં આ ટ્રૅજડી ભવ્ય નથી, ચિત્તાકર્ષક છે ખરી. અમિન્ટર નિર્બળ અને ચંચળ છે. જ્યારે એની પત્ની ઈવાદ્દન લગ્નની રાતે પોતાનું અંગત રહસ્ય ઉકેલે છે ત્યારે અમિન્ટર—રાજા પ્રત્યેની વફાદારીથી બંધાએલે—ભલે રાજાની હત્યા ન કરે, પણ પત્ની માટે પણ કશી શિક્ષા—સજા નહિ? કદાચ રાજાની પ્રેયસીરૂપ પોતાની પત્નીથી એ અત્યંત ડરી ગયો હશે! ઈવાદ્દન ઉગ્ર, નિર્લજ્જ, નિર્દય નારી છે પણ તેના પાત્રમાં ય સુસંગતતા નથી: જો તે 'કામિની' ન હોય અને મહત્ત્વાકાંક્ષાથી જ પ્રેરિત હોય તો પોતાના નામને ઝાંખપ લગાડે તેવું વર્તન દાખવવાને બદલે રાજા સાથેનો સંબંધ નીડરપણે શા માટે સ્વીકારી લેતી નથી? એમાં તો એનું વિશેષ ગૌરવ થઈ શકે તેમ છે. અને પોતાના ભાઈની ઈચ્છાને તાબે થઈને એકદમ જ રાજાનું ખૂન કરવાની હદ સુધી એ પહોંચે, રાજાનો તિરસ્કાર કરે, આ બધું એકાએક થતું પરિવર્તન પ્રતીતિકર નીવડતું નથી. આ ટ્રૅજડીમાં સ્થળ અને કાર્યની એકતા લેખકે જાળવી છે અને તેની ભાષા મનોહર, ઘટનાને અનુરૂપ છે. તેમાં

(અનુસંધાન પૃષ્ઠ ૪૬૯ ઉપર)

મૂળ લેખક : વિભૂતિભૂષણ મુખોપાધ્યાય • અનુવાદક : સુકન્યા ઝવેરી

શબ્દરૂપ

'લતા—લતે—લતાઃ ......લતા—લતે—લતાઃ ......

બાજુના ઘરનો છોકરો જોરજોરથી શબ્દરૂપ ગોખતો હતો. સાંભળ્યું છે કે છઠ્ઠી કે મૅટ્રિકમાં ભણે છે.

રાતના અગિયાર. મેં જમી કરીને પાન ચાવતાં સિગારેટ સળગાવી. પાસે જ શુભ્ર સ્વચ્છ પથારી તૈયાર હતી, મન ફાવે ત્યારે સૂઈ જવાનું. એ મન પર બહારના કોઈના અધિકારનો ઉપદ્રવ નહોતો. આ જ જીવન! મુક્ત...આત્મસંપૂર્ણ...

છોકરા પર કરુણા ઊપજી. સાથેસાથે મારા જમાનાનું ચિત્ર આંખ સામે તરવરી ઊઠ્યું: વહેલું ઊઠવું......હમણાં ય ઊઠું છું, પણ એ તો ગમે છે એટલે, સવારનો પહોર મીઠો લાગે એટલે. પણ ત્યારે તો પથારી વહાલી લાગતી હતી. સવારથી તે રાતના દસ સુધીનો સમય ખૂબ જ કડવો લાગતો...જેઓ શોખથી ફરી બાળક કે કિશોર થવા ચાહતા હોય તેઓ ભલે થતા; મને એનો શૉખ નથી.

શબ્દરૂપનો ગગનભેદી શબ્દ વહેતો આવતો હતો: 'તૃતીયઃ—લતયા, લતાભ્યામ્, લતાભિઃ'...જોકે મારે અત્યારે મુખસ્થ કરવું પડતું નથી, તો પણ જાણે સાંભળીને ય થાક લાગે છે. કાનમાં જાણે વિસર્ગ હથોડી મારે છે. અને મારી અંબુરીના ધુમાડા પણ કડવા લાગે છે. સામેના જ્યોત્સ્નાદીપ્ત આકાશની નીલાભા મલિન થવા માંડી, એ શૈશવની યાદે.

જોકે એ મારે માટે ઉચિત નથી; બલ્કે એ અધર્મ જ કહેવાય. કેમ-કે હું પ્રોફેસર. મહોલ્લાના ઘેર ઘેર જો કિશોરકંઠે શબ્દસાધનાના સૂર જાગે તો મારા પ્રોફેસરી કાનને એ સંગીત મીઠું લાગવું જોઈએ પણ...

એવામાં મારી નાની બહેન આવી. ના, અગિયાર વાગ્યે એ સૂતી નથી. એને ઘણાં કામ. એમાં સૌથી મોટું કામ ઘરની ગેઝેટગીરી. સવારના છથી રાતના બાર સુધી જે બને એ બધા સમાચાર ઉત્સાહપૂર્વક સહુને સંભળાવવા એ સુધાનું નિત્યકર્મ. હું એને નિરુત્સાહ નથી કરતો, કેમ કે એની વર્ણન કરવાની ક્ષમતા અને સ્વકીય મંતવ્ય એવાં મર્મસ્પર્શી અને નિર્ભીક છે કે મને લાગે છે એ મોટી થઈ ને સાહિત્યિક જ થશે.

આવીને મારી આરામખુરશીના હાથા પર બેઠી, ને બોલી: 'દાદા, તમે ઢાંકણીમાં પાણી લઈ ડૂબી મરો.' મેં હસીને પૂછ્યું: 'કેમ ભાઈ?'

સુધી બોલી: 'કેમ શું? ભણવાનું બગડે કરીને પરણ્યા નહિ, તો યે જજ-મૅજિસ્ટ્રેટ તો થયા નહિ. થઈ થઈને થયા તો પંતુજી! પ્રોફેસર એટલે ટાઈ પહેરેલા પંતુજી જ તો!'

સમજ્યો કે નીચે મારી જ રામાયણ ચાલતી હશે; કેમ કે શબ્દો સુધીના નહોતા. સુધી મોડી રાતે એ શ્રુતિગોચર કરાવવા આવી હતી.

'અરે પરણ્યો હોત તો આટલો પંતુજી યે ન થાત—'

'રાખો રાખો હવે. જુઓ આ છોકરો—' 'કયો?'

'જે રૂપ ગોખે છે તે.' 'તેનું શું છે?'

'અરે, એક મહિના પહેલાં એ છોકરો સાવ રખડેલ હતો. ભણતો નહિ, ગણતો નહિ ને રખડતો, અને માબાપના પૈસા ઉડાડતો. વારે વારે નાપાસ થતો—ખાલી ઊંચો ઊંચો તાડ જેમ વધ્યે જતો. એક વાર તો ભાગીને પશુપતિનાથ ફરી આવ્યો. એવામાં એક દિવસ એનાં માસી આવ્યાં. કહે: સુરુ-શું જુએ છે? એનાં લગન કર લગન. જો છોકરો ન સુધરે તો મારું નામ લખમી નહિ. છોકરાની મા કહે: ઠીક ભાઈ, એમ તો એમ, જો સુધરે તો. આ તો રોજ લોકોની રાવ લાવે છે. કહીએ તો કહેશે હું તો બહારવટિયો થઈશ. ત્યાં તો માસીએ એક છોકરી શોધી કાઢી ને લગન કીધાં. આજની ઘડી ને કાલનો દી. છોકરો બદલાઈ ગયો ને!'

આ તરફ કઠોર સાધના ચાલુ હતી:—'છઠ્ઠી વિભક્તિ—લતાયાઃ લતયોઃ—લતાનામ્......ષષ્ઠી—લતાયાઃ'

સુધી બોલી: 'અમે આજ એને ઘેરે ગયાં હતાં. હમણાં જ પાછાં આવ્યાં. શું મજાની વહુ છે! ગોરી, ફૂટડી, નમણી, શાણી—આવી તમને ય એક—'

મેં ધમકાવી. તો યે એની રેકોર્ડ ચાલુ જ હતી: 'નામ પણ શું સુંદર! વનલતા—લતા. અને છોકરો જુઓ કેવો સુધરી ગયો! વહુથી લાઈટ સહેવાતી નથી એટલે અભ્યાસ બંધ કરશે—'

આ કઠોર સાધનાનું મૂળ રહસ્ય જાણી આટલી વાર સુધી છોકરા માટે થતું દુઃખ, દુશ્ચિંતા દૂર થયાં અને હસવું આવ્યું. વિવાહનાં ગુણગાન અને સત્ દૃષ્ટાંતનું પ્રત્યક્ષ સુફળ જાણી સુધાએ પૂછ્યું: 'બાને કહું કે તમે રાજી છો? હેં દાદા?'

આ તરફ ક્લાન્ત સ્વરે મૂર્છિત ધ્વનિ આવતો હતો: સંબોધને—હે લતે, સંબોધને—હે લતે—હે લતે—હે લતે...... □

અનુસંધાન] **સાહિત્ય, સાહિત્યકાર અને સાહિત્ય પરિષદ** [પૃષ્ઠ ૪૪૮થી

ઓના, વિચારવિનિમયના પરિષદનાં અધિવેશનોમાં કે જ્ઞાનસત્રોમાં થતા કાર્યથી સાહિત્યરસિક જનતા પરિચિત રહ્યા કરે એ માટેના સર્વ પ્રયત્નો મોવડીઓ કરતા રહ્યા છે. અને આ પ્રયત્નોના ફલરૂપે મળતા લેખો, ગ્રંથો અને અન્ય ગ્રંથો જળવાય, પરિષદનું તંત્ર એક નિયત સ્થળેથી સુરક્ષિત રીતે ચાલે, એ હેતુથી મકાનની યોજના પણ પગભર થઈ છે. આ કાર્ય કરવા માટે તંત્ર તો જોઈએ. અને તંત્રની યોજના થાય એટલે તંત્રસંચાલન માટે સમિતિ રચવી જોઈએ. અને એ પ્રદેશમાં પ્રવેશે ત્યારે સાહિત્ય પરિષદ સાહિત્યના વ્યોમમાં વિહાર કરવાને બદલે ભૂમિ ઉપર પગ માંડે એ અનિવાર્ય છે. એ તંત્રના પ્રદેશની ભૂમિ પર પગ મૂકતો સાહિત્યકાર અને સાહિત્યસેવક પણ પૃથ્વીના ગુરુત્વના આકર્ષણને અને સમાજગત માનવને સહજ એવા લઘુત્વના અનુભવને વશ, કદાચ, બને એવો સંભવ છે. બ્રહ્મલોકમાં વિહાર કરનારા અધ્યાત્મપરાયણ પુરુષને ય ચાલવા માટે ખાડાટેકરાવાળી ભૂમિ પર પગ મૂકવો પડે, દેહરૂપ અન્નમય કોષના પોષણ અર્થે આહાર કરવો પડે, દેહની અને ઇંદ્રિયોની સહજ અપેક્ષાઓની પૂર્તિ કરવી પડે, તો સાહિત્યના વ્યોમમાં–મનો-વ્યોમમાં–વિહરનારા સાહિત્યકારને પણ તંત્રસંચાલન પરત્વે માનવ-વ્યવહારની ભૂમિકાએ આવવું પડે, લૌકિક દૃષ્ટિથી જોતાં માનવો જોડે સંઘર્ષમાં યે આવવું પડે.

સદ્‌ભાગ્યે સાહિત્ય પરિષદના તંત્રસંચાલકો સારા, અનુભવી, કુશળ અને શ્રદ્ધેય કાર્યકરો છે અને એથી જ સાહિત્ય પરિષદ ઉત્તરોત્તર અભિનંદનીય પ્રગતિ કરતી રહી છે. એ કાર્યકરો સાહિત્યકાર છે અને સાહિત્યના ભક્ત છે, એટલે પરિષદ સાહિત્યની અને સાહિત્યકારોની સારી સેવા કરતી રહી છે.

પરિષદના કાર્ય વિષે—વિશેષ કર્તવ્ય વિષે—સૂચના તો અનેક આપવાવાળા આપે. પણ એ વાત—કર્તવ્ય શું તે—સાહિત્ય પરિષદોના ધુરંધર અધિકારીઓના લક્ષ બહાર હોય એમ માની લેવું ન્યાય્ય નથી. છતાં સુજ્ઞ વિચારકો સૂચના કરે, તો તે ઉપર અધિકારીઓ લક્ષ અવશ્ય આપે. વિચારવી રહે માત્ર શક્યતા કે અશક્યતા, તત્કાળ કે કાલાન્તરે.

(શ્રી ચંપકલાલ મહેતાએ લીધેલી તાજી મુલાકાતમાં દર્શાવેલા વિચારો. જુઓ આ અંકના 'માધુકરી' વિભાગમાં ચરિત્રરેખા) □

કલાવાર્તા

એ. પી. ગજ્જરનું કલાકૌશલ


સીધી કે આડકતરી રીતે બધાં જ ક્ષેત્રોમાં કલા વ્યાપેલી છે. સર્જનાત્મક ચિત્રાલેખનથી આગળ વધી અનેકવિધ વ્યાવસાયિક રજૂઆતમાં ચિત્રકળા સંકળાઈ ગઈ છે. ગ્રંથ-આવરણો, પોસ્ટરો, નામાક્ષરો (લૉગો) કે સંજ્ઞાલેખનો એમાંનાં અમુક અંગ છે. અહીં આ પ્રકારનાં કેટલાંક ઉદાહરણો આપ્યાં છે. અગાઉ 'કુમાર' અંક ૫૬૧માં જેમનો પરિચય આપેલો એ ભાઈ અર્જુનકુમાર પી. ગજ્જરનું આ સર્જન છે. આ પ્રકારની કલામાં વિષયને વફાદાર રહીને સમયાનુકૂળ રજૂઆત કરવાનું કલાકૌશલ જ નહિ, પણ કેટલુંક બુદ્ધિ ચાતુર્ય પણ જરૂરી છે. સાથેના નમૂનાઓમાં એ જોવા મળશે. વિષયની પૂરી સમજ, વૈવિધ્ય રજૂ કરવાની સદાબહાર કલ્પનાશક્તિ અને કૌશલ તથા સ્પષ્ટતાભર્યું અણીશુદ્ધ આલેખન એ આ પ્રકારના કામની પ્રથમ શરતો છે. □



△ 'અગ્નિબાણ': ભોપાલની કલાપરિષદ દ્વારા રામચરિત માનસ પર આધારિત એક અખિલ ભારતીય ચિત્રકલા પ્રદર્શનમાં અર્જુનકુમારના આ ચિત્રને રૂા. ૧૫૦૦નું પ્રથમ પારિતોષિક મળેલું. અગ્નિબાણ મારવા તત્પર થએલા રામને માર્ગ કરી આપતા સમુદ્રનું એમાં આલેખન છે.

▽ ત્રણ સંજ્ઞાચિત્રો: નીચેની પ્રથમ સંજ્ઞા 'ટી બોર્ડ-ઇંડિયા'ની સંજ્ઞા માટે કરેલું આલેખન છે. એના ૐ જેવા આકાર દ્વારા ભારતના સૂચન સાથે 'ટી બોર્ડ'ના પ્રથમ અંગ્રેજી નામાક્ષરો 'ટી' અને 'બી'ને સાંકળીને ચાની સૂચક કીટલીના જેવી ચાતુરીભરી રચના કરી છે. બાજુમાં ચાનું પાન પૂરક બની રહે છે. વચ્ચે: 'શ્રી રામ ગૃહનિર્માણ સોસાએટી'ની સંજ્ઞા છે. શ્રી રામના નામાક્ષરોને જ સાંકળી લઇને ઉપર છાપરાની સૂચક રેખા મૂકી મકાન દ્વારા સોસાએટીના કાર્યનો સરસ રીતે નિર્દેશ કર્યો છે. ત્રીજી સંજ્ઞા 'ઇંડિયા ઇન્ટરનૅશનલ ટ્રેઈડ ફેર' માટેની છે. શુક્ર ને ચંદ્ર એ બે ગ્રહો વ્યાપાર-વાણિજ્યના ગણાતા હોઈ □ દ્વારા શુક્ર અને ○ વડે ચંદ્ર દર્શાવી નીચે આ વ્યાપાર-મેળાના નામના અંગ્રેજી પ્રથમાક્ષરોમાં કાળી રેખાના ચાતુરીભર્યા પ્રયોગથી સુંદર સંયોજન કર્યું છે.


સામે પાને મથાળાના પહેલા પોસ્ટર ડિઝાઈનમાં હિંદી ભાષાને એક વૃક્ષ કલ્પી તેના પર વિશ્વસમ્મેલનની સંજ્ઞાનું પુષ્પ મૂક્યું છે. નીચે વિવિધ પટ્ટામાં જુદા જુદા લોકોનું સૂચન છે.




△ પોસ્ટર




△ બે ગ્રંથ-વરણો : ઉપરના ડિઝાઈનને ઈ. ૧૯૭૪માં 'નૅશનલ બુક ફેર'માં ઍવૉર્ડ મળ્યો હતો. ▽











ઉપર વચ્ચે : 'નગર છાત્ર નિકાય'ના સામયિકનું પૂઠું. એમાં પુષ્પ દ્વારા છાત્ર નિકાય (સમૂહ) અને ચોરસ દ્વારા એને સીમિત પરિવેશ કલ્પ્યો છે. ઉપર 'ઇન્ડિયા ઈન્ટરનૅશનલ ટ્રેઈડ ફેર' માટે કરેલા બે ચાતુરીભર્યા 'લૉગો' : 'ઈન્ડફેર-૭૪'. જમણી બાજુ ઉત્તર પ્રદેશ ગ્રંથ અકાદમીના એક સાહિત્યિક સામયિક 'વીક્ષા' માટે કરેલું ડિઝાઈન ▷



ટપાલટિકિટ પર ભારતીય નૃત્યશૈલીઓ

ભારતીય નૃત્યોની પ્રાચીન પરંપરાઓ છે. સ્થળભેદે આ દરેક પરંપરાની આગવી વિશિષ્ટતાઓ વિકસી છે. આ રીતે વનવાસી પ્રજાથી માંડી નગરવાસી ભદ્ર સમાજની સંસ્કારપૂત શાસ્ત્રીય શૈલીઓમાં વિકસિત નૃત્યના અનેક પ્રકાર ભારતમાં જોવા મળે છે. આમાંની મુખ્ય છ શાસ્ત્રીય નૃત્યશૈલીઓ આગવી રીતે અત્યંત કલામય વિકાસ પામી છે. એ છે : ભરતનાટયમ્, ઓડિસી, કથ્થક, કથકલી, કુચિપુડી ને મણિપુરી ગઈ ૨૦મી ઑક્ટોબરે આપણા ટપાલખાતાએ તે છ યે નૃત્યશૈલી દર્શાવતી આ અત્યંત સુંદર પૂર્ણરંગી ટિકિટો બહાર પાડી છે.

ભરતનાટયમ: લગભગ બેએક સદી પૂર્વે દક્ષિણ ભારતમાં આ નૃત્યશૈલીનું વર્તમાન સ્વરૂપ ઘડાયું. આ નૃત્યપ્રકારનાં વિષયવસ્તુ ને સંગીતમાં ૧૮ અને ૧૯મી સદીના તાંજોરના દરબારી સંગીતજ્ઞોની મોટી દેણગી છે. આજે તો ભરતનાટયમ ઘણું પરિચિત બની રહ્યું છે.

ઓડિસી : ભરતનાટયમની લગભગ સમાંતર આ શૈલીનો વિકાસ પણ સંગીતનાટકમાંથી થયાનું મનાય છે. ઈસ્વી સન પૂર્વે બીજી સદીની પ્રતિમાઓની અંગભંગિઓ તથા બારમી સદીનાં ઓડિસી લખાણોમાંથી જાણવા મળે છે કે આ નૃત્ય દેવમંદિરોમાં પૂજાઅર્થે તથા જનમનરંજનના સાધનના રૂપમાં પ્રચલિત હતું.

કથ્થક: સામાન્યત: ઉત્તર ભારતના નવાબોનાં દરબારી નૃત્યોની પરંપરામાંથી એનો ઉદ્‌ભવ થયાનું મનાય છે, પણ વાસ્તવમાં અનેક લોકપરંપરા તથા મથુરા-વૃંદાવનનાં મંદિરોમાં પ્રચલિત કૃષ્ણલીલાની પારંપરિક નૃત્યનાટક રૂપી શૈલીનું એમાં સુંદર ને અત્યંત નજાકતભર્યું સંમિશ્રણ છે.

કથકલી: કેરળના શાસ્ત્રીય નૃત્યનાટકનો એક પ્રકાર. મુખ્યત્વે અભિનયાત્મક અને મૂળ તો કેવળ પુરુષ નર્તક દ્વારા જ નિર્વાહિત નૃત્યશૈલી. વિશિષ્ટ વેશપરિધાન અને મુખવટાની પાત્રાનુરૂપ રૂપસજ્જા તથા જટિલ પ્રતીકવિધાન વગેરેને કારણે સર્વથા ભિન્ન નૃત્યશૈલી.

કુચિપુડી: આંધ્રમાં કુચિપુડી ગામમાં વિકસિત ભરતનાટયમની નજીકની આ નૃત્યશૈલી 'ભામા-કલાપમ્' તરીકે પણ ઓળખાય છે. મુદ્રા, પદસંચલન અને હાવભાવનું સામાન્ય પ્રતિમાન ભરતનાટયમ્ સમું, પણ વધુ મુક્ત અને મૃદુ.

મણિપુરી: પૂર્વ ભારતના મણિપુર રાજ્યમાં પ્રાચીન કાળથી પ્રચલિત અનેક અનુષ્ઠાનિક અને ધાર્મિક નૃત્યો તથા વૈષ્ણવ સાધના-પદ્ધતિના પારસ્પરિક પ્રભાવમાં સુવિકસિત લયમધુર નૃત્યશૈલી.

શતરંજ: કાર્પોવની એક વધુ રમત.... સુરેશ મોદી

ગયા અંકમાં આપણે કાર્પોવ-કોર્ચનોયની મૅચની બીજી રમત જોઈ હતી, આ વખતે એ જ મૅચની છઠ્ઠી રમત જોઈશું. આમાં સફેદ મ્હોરાં કાર્પોવનાં અને કાળાં કોર્ચનોયનાં છે.

1 P-K4, P-K4; 2N-KB3, N-KB3. આ Petroff Defenceની લાક્ષણિક ચાલ છે. Ruy Lopez જેવી સફેદને લાભકારી પદ્ધતિ અટકાવવા ઘણા આ રીત અપનાવે છે.


અહીં જૂનામાં જૂની ચાલ 3 N×P, P-Q3, 3N×P; પછી કાળાની સ્થિતિ નબળી રહે છે. 4N-KB3, N×P; 5 P-Q4, P-Q4; 6 B-Q3, B-K2; 7 O-O, N-QB3; 8 R-K1. અહીં 8 P-B4 પણ રમાય છે. તે પેટા પદ્ધતિ Janisch Variation તરીકે ઓળખાય છે. અહીં આગળ રમાય છે તે Berger Variation છે.

8,... B-KN5; 9 P-B3, P-B4. Petroff Defence પરના તેમના ખાસ પુસ્તકમાં David Hooper લખે છે, 'કાળા પાસે અહીં બીજી સારી ચાલ નથી. જો કાળાને 9 P-B4; રમવું હોય તો 8..., B-KN5 ન રમવું જોઈએ.'

10 Q-N3, O-O; 11 QN-Q2, K-R1, અહીં 11..., P-QN3થી કાળો QNP બચાવી શકત, પણ 12 N×N, N-QR4; 13 N-B6ch, B×N; 14Q-Q1 પછી તેની સ્થિતિ નબળી રહે છે.

12 P-KR3, B-R4; 13 Q×NP, R-B3, 14 Q-N3, R-N3, 15B-K2 B-R5. બન્નેની બારમી ચાલ બાદ કરતાં અત્યાર સુધીની ચાલ અગાઉ રમાએલી અને પુસ્તક પ્રમાણેની છે. અહીં 15...; R-N1ને બદલે 15...; B-R5 રમીને કોર્ચનોય સફેદ રાજા પરના હુમલાની શરૂઆત કરે છે.

16 R-B1, B×N; 17 N×B, B×Pch; 18 R×B, N×R; 19 K×N. ઊંટ અને ઘોડાની કિંમત હાથી અને પ્યાદા બરાબર છે, પણ મધ્યના તબક્કામાં નાનાં મહોરાં વધુ ઉપયોગી હોઈ સાધારણ રીતે હાથીને પ્યાદાના બદલામાં બે નાનાં મહોરાં આપવાં યોગ્ય નથી, પરંતુ અહીં સફેદનો કિલ્લો નબળો પાડવા અને હાથી અને વજીરથી તેના પર હુમલો કરવા કાળાએ આમ કર્યું જણાય છે. 19..., Q-Q3; 20 N-N5! કાળાની 20..., Q-N6chની ધમકી ટાળવા ફક્ત રક્ષણાત્મક ચાલને બદલે સામે 21 N-B7ની ધમકી આપતી આ એક સુંદર ચાલ છે.



20..., R-KB1; 21 Q-R3, Q-Q1; 22B-KB4, P-KR3; 23N-B3, R-K1; 24 B-Q3, R-K5! (જુઓ આકૃતિ)

ઝડપી હુમલા માટે ઊંટના બદલામાં હાથીનો ભોગ આપે છે, જો સફેદ સ્વીકારે તો કાળાનો હુમલો સફળ બને. દા.ત. 25 B×R, BP×B; 26 N-K5, R-B3, 27N×N, R×Bch; 28 K-N1, Q-R5, 29 R-KB1, P-K6; 30R×R, Q×R; અને હવે 31..., Q-B7ch તથા પ્યાદાને બે ચાલમાં વજીર બનાવીને કાળો જીતે. પણ આ બધું જોતાં કાર્પોવ તેનો અસ્વીકાર કરે છે.

25 P-KN3!, R-B3, 26 Q-B5, P-N4; 27 N×P, P×N; 28 B×NP R/5-K3; 29 R-K1, Q-KN1; 30 P-KR4! આ બીજી વખત કાર્પોવને ઊંટના બદલામાં હાથી મળતો હતો અને બીજી વખત તેનો અસ્વીકાર કર્યો. જો સ્વીકારે તો 30 R×B, R×B અને પછી 31..., P-B5; 32 P-KN4, Q-N4, અને પછી Q-R5chથી સફેદ રાજા કાળા હાથી અને વજીરના હુમલા સામે બચાવરહિત છે.

30..., R-N3; 31 R×R.

અહીં 31..., R×R, પછી બન્ને પક્ષે મહોરાંનું જોર એક સરખું છે, પણ સફેદના બે ઊંટ અને વજીર સક્રિય છે, જ્યારે કાળાનાં મહોરાંને સારી ચાલ નથી. તેથી સફેદ સહેલાઈથી જીતી શકે છે. દા.ત. 32 B×P, R-Q3; 33 Q×R, P×Q; 34 B-B6ch, Q-N2; 35 B×Qch, K×B, ને ત્રણ પ્યાદાં વધુ હોવાથી સફેદ સહેલાઈથી જીતે. પણ અહીં તો કાળાએ સમયમર્યાદા ઓળંગતાં સફેદ જીતે છે.



બચુભાઈ રાવત (૧૯૪૮) પત્રકારત્વ

અનુસંધાન] **પચ્ચીસ વર્ષ પહેલાં** [પૃ. ૪૭૨થી

વળી ૧૯૪૮નો ચન્દ્રક બચુભાઈ રાવતને જાહેર થયો હતો. એ એમની પ્રકાશનકલાને અનુલક્ષીને હશે એમ આપણે માની લઈએ. 'કુમાર'ના અંકે અંકે એ પથરાએલી છે. એનું હાથમાં આવે એ પૂંઠું નીરખો: ક્યાંક ને ક્યાંક તેમાં માતાની મમતા ગુંજતી હશે. આ ઉપરાંત ભાષા, લિપિ, કલા, કવિતા, ઇતિહાસ-સંસ્કૃતિની આવી અનેક શાખાઓ પ્રત્યે એમને અજબ અનુરાગ છે, જેના પડઘા અને પ્રતિબિંબ પણ આપણે 'કુમાર'માં જોઈએ છીએ.

૧૯૪૯નો ચન્દ્રક ચિત્રકાર સોમાલાલ શાહને નામે ચડયો છે. એમની વિષયપસંદગી અને રંગમેળવણી અત્યંત આકર્ષક હોય છે. પરપ્રાન્તીય કલાકારોના ય મત મુજબ ભારતીય ચિત્રકલા-પ્રદર્શનોમાં સોમાલાલ તરી આવે છે. એમણે તૈયાર કરેલી ચિત્રાવલિ એક દિવસ આપણું અમૂલું ધન ગણાવા લાગશે. સોમાલાલને એ મળવાથી રવિભાઈને તો પોતાના ઘરમાં ચોથો ચંદ્રક આવ્યાનું ગૌરવ થશે!



સોમાલાલ શાહ (૧૯૪૯) ચિત્રકલા

આવો બાવીસ વરસનો, રણજિતરામ સુવર્ણ-ચન્દ્રકનો રસિક ને સમૃદ્ધ ઇતિહાસ છે. અમુક વ્યક્તિને અમુક કૃતિ અંગે તે મળ્યો છે એ દરેક દૃષ્ટાંતમાં સંપૂર્ણપણે સાચું નહિ નીવડે. સાહિત્યસભાએ એમની સમગ્ર પ્રવૃત્તિને પણ લક્ષમાં લીધી હશે, મને લાગે છે કે એથી ચન્દ્રકની ચમક વધે છે. કલાકારની પરમ લક્ષ્મી એની પ્રેરણા છે અને ક્યારેક એના પર આવી કલગી ચડે ત્યારે એનો આત્મા ઠરે છે અને જીવન ધન્ય બને છે. આ ૨૨ ચન્દ્રક-ધરોમાંથી ૧૯ સાથે હું સ્નેહના સંબંધે સંકળાએલો છું. આવી સાહિત્યની અને સંસારની મૈત્રી એ જ અમારી મોટામાં મોટી મૂડી છે. એથી રખે તમે એમ માનતા કે મેં એમના વિષે અતિશયોક્તિ કરી હશે. ના, ના. મને તો સંદેહ છે કે મેં એમને સસ્તે ભાવે રજૂ કર્યા છે. આમાં સાચું શું તે તો તેમની કૃતિઓ કહેશે. મને લાગે છે કે કદાચ તમે મારો આભાર માનશો! □

સાહિત્યસંપર્ક

શબ્દકથા : પલ્લું · પાલી · અધવાલી

સંસ્કૃત पल्यं 'ધાન્ય માટેનો કોથળો', पल्लः 'ધાન્ય ભરવાની કોઠી' અને તેમાંથા થએલા પ્રાકૃત पल्लं, पल्लो 'ધાન્ય માટેનું મોટું પાત્ર', 'ધાન્યનો કોઠાર' એ શબ્દો એક જ મૂળના છે. હિંદી पाला ગુજરાતી पालु 'અનાજ ભરવાનો વાંસ કે માટીનો કોઠલો' તથા હિંદી पल्ला, पलडा, ગુજરાતી पल्लुं 'ત્રાજવાનું છાબડું' પણ એમાંથા આવેલા છે.

સ્ત્રીલિંગમાં સં. पल्ली 'ધાન્યનું એક માપ' એવા અર્થમાં છે, જેના ઉપરથી ગુજરાતી पाली 'અનાજનું એક માપ, તે માટેનું માપિયું' ઊતરી આવ્યો છે; અને अर्धपल्ली ઉપરથી આપણને अधवाली મળ્યો છે.

સૌરાષ્ટ્રમાં અનાજ વગેરેને ભરીને માપવા માટે વપરાતા 'ગડિયું', 'પાલી' (=ચાર ગડિયાં)ને 'માણું' (=ચાર પાલી) શબ્દો એ માપપદ્ધતિની સાથે જ પ્રચારમાંથી લુપ્ત થવા લાગ્યા છે. આમાંથી 'પાલી' અને 'માણું' (પ્રાકૃત मानय, मानक)ને લગતા શબ્દ કેટલીક અન્ય ભારતીય ભાષાઓમાં પણ મળે છે. ભરીને માપવાના પ્રાચીન માપ 'કુડવ' (=એક મતે બાર પસલી), 'પ્રસ્થ' ને 'આઢક' (=ચાર પ્રસ્થ) એમનું ગડિયું, પાલી અને માણું એ હાલનાં માપો સાથે કેટલું સામ્ય વૈષમ્ય છે તે તપાસવું રસપ્રદ થશે. મરાઠી कुडो, પંજાબી पथ ને કુમાઉની पाथा, બંગાળી आढी ને બિહારી आढा વગેરેમાં એ સંસ્કૃતના માપવાચક શબ્દો જળવાયા છે; ગુજરાતીમાં જુદા જ શબ્દો પ્રચલિત થયા. **હરિવલ્લભ ભાયાણી**

ભાવયિત્રીની વિશુદ્ધ 'વિદ્યુતિ'

પ્રો. ધીરુભાઈ પરીખ

છેક ઈ. ૧૯૩૮માં 'આપણું વિવેચન-સાહિત્ય' નામક પોતાનો મહાનિબંધ પુસ્તકાકારે પ્રકટ કર્યો ત્યારથી જ આ વિવેચનસંગ્રહ*નાં લેખિકા હીરાબેન પાઠકની અભ્યાસુ વૃત્તિ સુપેરે પ્રાકટ્ય પામી હતી. એમના એ અભ્યાસ-સાતત્યનું આ ગ્રંથમાં પણ સુપરિણામ આવ્યું છે. અહીં સંગૃહીત વિવિધ પ્રકારના અઢાર લેખોમાં 'કાવ્યમાં રહસ્ય, રૂઢ ઘટકાંશ અને કાર્યપ્રયોજન' જેવો સાહિત્યિક તત્ત્વચર્ચા કરતો લેખ, 'પ્રશ્નોત્તરી'માં એવી જ માર્મિક ચર્ચા, 'ઉદ્દામ અને ઉદાત્ત આધ્યાત્મિકતા','યેન જ્ઞાતેન', 'દિવ્યચક્ષુ–એક દૃષ્ટિ' આદિમાં પુસ્તક-વિવેચન, 'કલાપી, સ્નેહી કે કવિ?' 'કોણ ચડે? કલાપી કે કાન્ત ?', 'શેષનો વિશેષ' આદિમાં સર્જકલક્ષી ચર્ચા, 'પ્રિય વાર્તા', 'એક કુહૂ' જેવા આસ્વાદલેખો, 'કૃ. મો. ઝવેરી' જેવી અવસાન-નોંધ કે 'દીપિની' જેવામાં ચિત્રનું રસદર્શન, આદિનો વૈવિધ્યભર્યો સમાવેશ થાય છે.

આ બધા જ લેખો વાંચતાં લેખિકાની એક સાચા વિવેચક તરીકેની મુદ્રા ઊપસી આવે છે, તેની સાથેસાથે સવિશેષે તો એક ભાવક–સહૃદય ભાવક–તરીકેની પણ વિવેચ્ય વિષયને ચોમેરથી જોઈજાણી નાણવાની તેમની અભ્યાસવૃત્તિ અહીં અછતી રહેતી નથી. એ અભ્યાસની ફલશ્રુતિ રૂપે સત્યકથન અહીં આગળ તરી આવે છે, અને એ સત્યકથન માટે આવશ્યક એવો નિર્ભીકતાનો ગુણ પણ. આમ છતાં ય તાટસ્થ્ય ચૂકી એઓ ક્યાંય અતિ રીઝી જતાં નથી કે ક્યાંક અતિ ખીજી જતાં નથી. સ્ત્રીસહજ મૃદુતાથી પણ મક્કમપણે પોતાનું મંતવ્ય એઓ પ્રકટ કરી દે છે.

પ્રથમ લેખ—જે ગ્રંથમાંના લેખોની ગુણવત્તાની દૃષ્ટિએ પણ પ્રથમ છે—'કાવ્યમાં રહસ્ય, રૂઢ ઘટકાંશ અને કાર્યપ્રયોજન'માં તદ્વિષયક, ખાસ કરીને કાર્યપ્રયોજન (motivation) વિષે, તેમજ એ ત્રણેયના આંતર-સંબંધ વિષે, હવે પછી એ વિષય પર કામ કરનાર માટે અહીં પ્રથમ અને પથદર્શક ચર્ચા કરેલી છે. આ ત્રણેયનો આંતરસંબંધ લાઘવથી રજૂ કરતાં એઓ કહે છે: 'કવિ પોતાને અભિપ્રેત રહસ્યને, રૂઢ ઘટકાંશ સંયોજી, કાર્યપ્રયોજનોથી તેને અનુપ્રાણિત કરી કૃતિ દ્વારા મૂર્ત કરે છે.' (પૃ. ૨૬) 'પ્રશ્નોત્તરી'માં પણ સાહિત્યવિષયક પાંચ માર્મિક પ્રશ્નોના વિગતે ઉત્તરો આપેલા છે. સાહિત્યકારની પ્રતિબદ્ધતા વિષે એઓ જણાવે છે: 'કલાકારના ચિત્તમાં પડેલું ઉદાત્ત આભિજાત્ય—ભાવનાની ભીનાશની અનેરી પ્રેરણા વ્યવહાર-જગતને ઉદ્ધારશે. એણે વ્યવહારમાં વ્યવહારજગતના રીઢા માણસ તરીકે પડવાનું નથી; પણ વરદાન રૂપ અંતઃસ્ફુરણાની સૂઝ લઈને સ્નિગ્ધપણે પડવાનું છે: જેનો ભારે ખપ છે જગતને.' (પૃ. ૬૨) એ જ લેખમાં શ્લીલ–અશ્લીલની ચર્ચા કરતાં એઓ સ્પષ્ટપણે જણાવે છે કે 'જાગરુક પ્રજામતનો ઊહાપોહ એ જ પ્રતિબંધ હોય તે આદર્શ છે: જે લગભગ અસંભવ સ્થિતિ ગણાય. એટલે સાહિત્યધુરીણોએ કૃતિની યોગ્ય ચકાસણી બાદ પ્રતિબંધનિર્ણય લેતાં રખેને જૂનવાણી ગણાઈ જઈશું, વિચારીને અચકાવું જોઈએ નહિ.' આમ છતાં ય એઓ આગળ વધીને કહે છે: 'અશ્લીલ હોય અને છતાં કલાત્મક હોઈ શકે: ત્યારે તેને વિષે વિશેષ ગંભીરપણે વિચારવું ઘટે છે.' પછી જણાવે છે: 'માનો કે આપણે આ મંતવ્યને મંતવ્ય ખાતર સ્વીકારી લઈએ. તેથી વ્યવહારમાં શું? આ અશ્લીલ લખાણને ઇયત્તા કે ગુણની અમુક માત્રા સુધી, પ્રજા અને મોવડી વર્ગ ચલાવી લે છે—દુર્લક્ષ સેવે છે...નવો નવો વાચનરસ કેળવતા આપણા સમાજને તેવું વિષ શા માટે પાઈએ?' અને આખરે તદ્દન સ્પષ્ટોચ્ચાર કરે છે: 'એટલે, જો તે સાહિત્ય ન હોય તો ગલીચ લખાણ છે; અને જો તે સાહિત્ય હોય, તો જનતાના ચિત્ત પર અસર કરનારું અનિષ્ટ છે.' આમ, અત્રે જોઈ શકાશે કે તેમનામાં તાટસ્થ્યની સાથેસાથે સત્યકથન કરવાની હિમ્મત પણ છે. આ અને ગાંધીજીની બે કૃતિઓ-'મંગલ પ્રભાત' તથા 'ત્યાગમૂર્તિ અને બીજા લેખો'-માં એમણે જે સામાજિક સમાનતા દાખવી છે તેમાં તેમના આભિજાત્યનાં દર્શન થાય છે. સર્જક અને સમાજ ઉભય પરત્વે વિવેચક તરીકેની પોતાની ફરજ એમણે યોગ્ય રીતે અદા કરી છે.

'દિવ્યચક્ષુ—એક દૃષ્ટિ' જેવા સર્જનલક્ષી અવલોકનમાં સર્જનની વિશેષતા સાથે મર્યાદાઓ સદૃષ્ટાંત ચર્ચી સર્જકની સર્જકતાને પણ સમ્યકતયા મૂલવી લે છે. આ જ લેખમાં ર. વ. દેસાઈની આ કૃતિનું યોગ્ય મૂલ્યાંકન કર્યા પછી સર્જક વિષે ચતુરાઈથી જણાવી દે છે: 'દિવ્ય ચક્ષુનું કથાસ્વરૂપ અને તેમાં રહેલી શક્યતાઓ જોતાં આપણને લાગ્યા કરે છે કે જો રમણલાલ પાસે ગોવર્ધનરામની અડધેરી યે ઊંડાણથી નિરૂપવાની શક્તિ હોત, ને 'દિવ્ય-ચક્ષુ'ને તેનો લાભ મળત, તો તે કેવી વેધક બનત!' આ જ રીતે 'પ્રિય વાર્તા' (પૃ. ૨૨૬) માં એમણે સુન્દરમની, અને 'કસુંબી રંગ' (પૃ. ૨૬૩)માં 'મડિયાની શ્રેષ્ઠ વાર્તાઓ' પુસ્તક નિમિત્તે તેમની વાર્તાકાર તરીકેની ખૂબીઓ તારવી બતાવી રસલક્ષી આલોચના–આસ્વાદ કરાવ્યાં છે. 'શેષનો વિશેષ' (પૃ. ૨૦૧) અને 'તત્ત્વચિંતક વિવેચક' (પૃ. ૧૨૩)માં અનુક્રમે રા. વિ. પાઠકની કવિતામાં તેમની વિશેષતા, તથા નર્મદાશંકર દે. મહેતાની વિવેચક તરીકેની વિશેષતાઓ સબળરીતે છતી કરી આપી છે. 'કલાપી, સ્નેહી કે કવિ?' (પૃ. ૧૪૪)માં એ

દીર્ઘકાલીન ચર્ચાસ્પદ મુદ્દાની સંપૂર્ણ વિગતો અને સંદર્ભો સાથે વિશદ ને વિદ્વત્તાપૂર્ણ ચર્ચા કરી છે. એમાં સ્વમત-પ્રસ્થાપના અર્થે વકીલ-શાઈ અભિગમ જોવા મળે છે, જેણે લેખને અનિવાર્યતયા પ્રસ્તારી બનાવ્યો છે. એ જ રીતે 'કોણ ચડે? કલાપી કે કાન્ત?' (પૃ. ૧૭૩)માં સંવાદલેખક તરીકે આ બે કવિઓના સર્જક-કર્મની તુલના કરી કલાપીનું ચડિયાતાપણું પ્રતીતિકારકતાથી પ્રકટ કરી આપ્યું છે. 'ફૂ. મો. ઝવેરી' (પૃ. ૨૭૮) એક લાગણીભરી સામાન્ય અવસાનનોંધ છે તો 'દીપિની' સોમાલાલ શાહ અને કનુ દેસાઈનાં તદ્દનામધારી ચિત્રોનું સામાન્ય રસદર્શન છે. ગ્રંથાન્તે મૂકવામાં આવેલા ટૂંકા શુદ્ધિપત્રકમાં અનુક્રમમાં દ્વિતીય લેખના શીર્ષકમાં 'કાવ્ય પ્રયોજન'ને સ્થાને કાર્યપ્રયોજન જોઈએ, કે પૃ. ૧૭૫ પર 'ઉપસી'ને સ્થાને 'ઊપસી' કે ૨૧૭ ઉપર 'ઉંડાણથી'ને સ્થાને 'ઊંડાણથી' વગેરે કેટલીક અશુદ્ધિઓનો ઉમેરો કરી શકાયો હોત. એકંદરે આ ગ્રંથ હીરાબેન પાઠકની ભાવયિત્રી પ્રતિભાનો પુરાવો હોઈ વિશુદ્ધ 'વિદ્રુતિ' બની રહ્યો છે.

*('વિદ્રુતિ'-પ્રકા. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય,—અમદાવાદ-૧. પાકું પૂઠું, પૃ. ૨૯૨, રૂ. ૨૫)

અન્ય પ્રકાશનો

વિશ્વની લોકમાતાઓ : માનવજીવનમાં નદીઓનું મૂલ્ય અમૂલ્ય છે, એ સર્વ સ્વીકૃત સત્યને આધારે આ પુસ્તકમાં લેખક શ્રી શંકરલાલ જ. જાનીએ વિશ્વભરની મહાન નદીઓને ઐતિહાસિક, ભૌગોલિક, સાંસ્કૃતિક પરિવેશમાં પારખીને આપણી ભાષામાં પ્રથમ વાર જ તેનો આવો પદ્ય–પરિચય કરાવ્યો છે, નદીઓ સાથેનું લેખકનું તાદાત્મ્ય, એ વિષેનો એમનો સર્વગ્રાહી અભ્યાસ અને સાફ પદ્યશૈલી આ પુસ્તકને સુવાચ્ય તો બનાવે છે જ, પણ સાથે સાથે જ્ઞાનકોષીય મહત્તા પણ અપાવે છે. (મુખ્ય વિક્રેતા : એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ., શામળદાસ ગાંધી માર્ગ, મુંબાઈ-૨; કાચું પૂઠું, પૃ. ૨૧૬, રૂ. ૧૨.)

યોગદર્શન : યોગ વિષેની પ્રાથમિકથી માંડી ઊંડી સમજ આપતા શ્રી 'યોગેશ્વર'ના આ ગ્રંથમાંના ચાર ખંડ—'સમાધિપાદ', 'સાધનાપાદ', 'વિભૂતિપાદ' અને 'કૈવલ્યપાદ' દ્વારા જિજ્ઞાસુ માણસને તદ્વિષયક જ્ઞાન મળી રહે છે અને લેખકના સર્વગ્રાહી અભ્યાસની પણ પ્રતીતિ થઈ રહે છે. (પ્રકા. સાહિત્ય સંગમ, બાવાસીદી, ગોપીપુરા, સૂરત–૨; પાકું પૂઠું, પૃ. ૫૧૮, રૂ. ૧૫)

સાહિત્યકાર અખો : મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના પ્રતિભાશાળી અને લોક-

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો : ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



ગુણવંતરાય ભટ્ટ

જન્મ : અવિધા (રાજપીપળા)માં તા. ૧૬-૩-૧૮૯૩. ગુજરાતની સ્કાઉટ પ્રવૃત્તિના આદ્ય સ્થાપક અને એ ક્ષેત્રનું 'સિલ્વર વુલ્ફ'નું ઉચ્ચોચ્ચ માન પામનાર સેવાભાવી થીઓસોફિસ્ટ તથા દિલરુબાવાદનના જાણકાર સંગીતજ્ઞ. કન્યાશાળા, અંત્યજશાળા, ભગિનીસમાજ, 'ધર્મજિજ્ઞાસુ મંડળ', અને ઘરગથ્થુ દવાઓ આપનાર 'પુષ્ટિકુંજ'ના સ્થાપક-સંચાલક. કુળવધૂની એક આદર્શ સંસ્થા 'નર્મદા આશ્રમ'માં એમણે અનેકવિધ સંસ્કારપ્રવૃત્તિનું સુંદર સંચાલન કર્યું. પત્ની મહાલક્ષ્મીબહેનને પણ પોતાની પ્રવૃત્તિઓમાં પ્રયોજી એમણે રચનાત્મક આદર્શમય જીવનનું એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

૧ કિશોર, કુમાર અને યુવકો માટે સ્કાઉટિંગની ઉપયોગિતા શી?

ઉ. ઊછરતી પ્રજામાં સારી સુદૃઢ ટેવો પડે અને એમની સુપ્ત શક્તિઓ પ્રકટે, એમનો ફુરસદનો સમય સર્જનાત્મક કાર્યોમાં વપરાય, તથા ગૃહસ્થજીવનમાં તેઓ સ્વાશ્રયી, પરોપકારી, ચારિત્ર્યશીલ અને નિરુપદ્રવી ઉમદા નાગરિક બને એ માટે સ્વસુધારણા કરી તેઓ દેશની સેવા કરી શકે એવા ઘડવા.

૨ નાજુક શરીર છતાં આપ ખડતલપણું કઈ રીતે કેળવી શક્યા?

ઉ. સ્વાવલંબન, ઉદ્યમશીલતા તથા અવનવું શીખવાની તમન્ના, અને એમાં સ્કાઉટિંગનો રસ ભળ્યો. ટાઢ, તડકો કે વર્ષા જેવાં પરિબળો સાથે કોઈ પણ પ્રતિકૂળ પરિસ્થિતિ સામે ફરિયાદ ન કરતાં મોજથી અને સંતોષથી એ વેઠી લઈ સતત કાર્યશીલ રહેવાની આદત કેળવવાથી.

૩ આપ અચ્છા દિલરૂબાવાદક છો, આપને કયા રાગ વિશેષ ગમે?

ઉ. કોમળ સ્વરના ઓડવ રાગો ગમે છે. સોહિણી, માલકૌંસ, હિંડોળ તથા ભૈરવ ને ભૈરવી વધુ ગમે છે.

૪ આપનાં પરિચિતોમાંથી કોનાં વ્યક્તિત્વ આપને વધુ ગમ્યાં?

ઉ. પ્રથમ તો મારા પિતા મંગળભાઈના સાદગીભર્યા સેવામય અને સતત ઉદ્યમશીલ સ્વમાની વ્યક્તિત્વનો મારા પર પ્રભાવ છે. એ પછી સ્નેહસભર આજીવન મિત્ર મગનભાઈ ટી. વ્યાસ, વાણી, વિચાર ને વર્તનની એકતાવાળા હરજીવન કાલિદાસ મહેતા, વિદ્યાપ્રતિભાસંપન્ન સ્નેહાળ ડૉ. એરૂંડેલ, સેવાવ્રતધારી ઉદાર ઠક્કરબાપા ને આપણા કલાગુરુ રવિશંકર રાવળની પ્રેરક પ્રતિભાનો પણ મારા પર ઊંડો પ્રભાવ રહ્યો છે.

૫ અનેક સ્થળોથી પરિચિત આપને ગુજરાતનાં ક્યાં સ્થળો વિશેષ ગમ્યાં છે?

ઉ. સ્કાઉટ-શિબિર યોજવાની દૃષ્ટિએ શુક્લતીર્થ, કબીરવડ, પાવાગઢ, શામળાજી સારાં લાગ્યાં. સૌંદર્ય અને શાંતિની દૃષ્ટિએ નર્મદાના બંને કાંઠા પરનાં સ્થળો સરસ છે, પણ ત્યાં બધે આધુનિક સુવિધાઓ કદાચ ન મળે. કપડવણજ પાસે ઉત્કંઠેશ્વર, ભાલોદ નજીક મણિનાગેશ્વર, કુબેરેશ્વર, નારેશ્વર વગેરે પણ સરસ સ્થળો છે. તિથલ, નારગોલ, ઉભરાટ વગેરેનો દરિયાકિનારો પણ સુંદર છે.

૬ બર્કનહેડ સ્કાઉટ જંબોરીમાં ભારતીય કંપની શી વિશિષ્ટતાઓથી પ્રભાવક બની હતી?

ઉ. ત્યાં આપણા કૅમ્પનું ભારતીય ઢબનું પ્રવેશદ્વાર, આપણા દાંડિયારાસ અને આભલાં જડેલા ને ભરત ભરેલા પોશાકો, પ્રાર્થનાસમયનાં આપણાં સંગીત–સાધનો, ધોતી–કફની કે અચકન-સુરવાલનો આપણો પોશાક અને આપણી ખીચડી તથા ભજિયાં ત્યાં એકઠા થએલા વિદેશીઓ માટે આકર્ષણરૂપ હતાં. ભજિયાંની અંદર બટાટાનું પતીકું એમને માટે કોયડો હતો!

ઊર્મિની ઓળખ

નામી-અનામી ગુજરાતી ગઝલ-કારોનાં જીવન-કવનનો પરિચય

[૬૯]

કરાવનાર · **જલન માતરી**



હેમન્ત દેસાઈ

હેમન્ત દેસાઈનું નામ વર્ષોથી ગુજરાતી સાહિત્યમાં ખૂબ જ જાણીતું છે. 'કુમાર ચંદ્રક'ના ધારક છે, એટલે 'કુમાર'ના વાચકો તો એમનાં નામ અને કાવ્યોથી સારી રીતે પરિચિત છે. ગીત અને ગઝલમાં એમનો ફાળો નાનોસૂનો નથી. ઈ. ૧૯૫૩-માં એમની કલમનાં અજવાળાં પ્રગટયાં ત્યારથી જ શિષ્ટ સામાયિકોમાં એમની કૃતિઓ પ્રસિદ્ધ થવા લાગી. એમનાં શરૂનાં જ કાવ્યો માટે ઈ. ૧૯૫૮નો 'કુમાર ચંદ્રક' મળ્યા પછી એમના કાવ્યસંગ્રહ 'ઇંગિત'ને તો ગુજરાત રાજ્યનું રૂ. ૧૦૦૦નું પારિતોષિક પણ મળ્યું છે. કવિતા ઉપરાંત લેખો અને વિવેચનો પણ લખે છે. ગીતની દુનિયામાંથી થાકે છે તો ગઝલમાં વિસામો લે છે, અને ગઝલથી થાકે છે તો ગીતમાં શ્વાસ લે છે.

મૂળ નામ હેમન્ત ગુલાબભાઈ દેસાઈ. જન્મ તા. ૨૭–૩–૧૯૩૪. વતન બિલીમોરા. વિખ્યાત કવિ શ્રી 'ઉશનસ્'ની છાયામાં એમણે કલમને ઘૂંટી. આદર્શ પ્રકાશન તરફથી તાજેતરમાં એમનો નવો સંગ્રહ 'મ્હેક મંજરીની, ગ્હેક સ્વપ્નોની' બહાર પડયો છે.

સાબરમતી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજમાં ગુજરાતી વિભાગના પ્રાધ્યાપક, અધ્યક્ષ અને વાઈસ પ્રિન્સિપલ તરીકે હાલમાં સેવા આપી રહ્યા છે. સાહિત્ય ઉપરાંત સંગીત, તત્ત્વજ્ઞાન, આયુર્વેદ અને જ્યોતિષના ભારે રસિયા છે.

ખરતાં અશ્રુઓ કંઈ કહેતાં નથી માટે મૌનના કણકણ વીણી રહેલા, કોઈના હૈયે પુરાઈ કૈંકની આંખો થકી છલકાઈ રહેલા, જન્મભર ચાલતા રહેવાથી અકળાઈને પ્રિયજનના આંગણે વૃક્ષ થઈને બેસી જવાની ખ્વાહિશ રાખતા આ યુવાન શાયરના શબ્દની મજા લઈએ:

મઝધારમાં પડયા તો કિનારા મળી ગયા!
આવ્યું જ્યાં ડૂબવાનું–સહારા મળી ગયા!

તમને ખબર નથી, કે તમારી જ મ્હેક છું,
આંખોની રેખ છું, હું અધરનો વિવેક છું!

વગર સમજ્યે મને સૌ બેફિકર કહે છે, ને મારાથી
ફિકરમાં ને ફિકરમાં મોત આવ્યે પણ મરાયું ના!

જ્યાં નહિ પ્હેલાં જતો ત્યાં જાઉં છું,
ઓળખાયા વિણ બધે પુછાઉં છું!
કોઈને હૈયે પુરાયો છું છતાં,
કૈંકની આંખો થકી છલકાઉં છું!
વૃક્ષ થઈ બેસું હવે તમ આંગણે,
જન્મભર ચાલ્યા કર્યું, અકળાઉં છું!

એવી રીતે સંબંધ ભૂંસાતા બધા ગયા–
આ આભમાંથી જેમ ઊડી તારલા ગયા!
વૈભવની દશા કેવી નડી ખેતને જુઓ:
પંખીઓ થયાં સ્થિર, ઊડી ચાડિયા ગયા!
રસ્તાને જંપ કેમ કરીને વળી શકે?
પગલાંમાં 'પ્રવાસી'ઓ વ્યથા મેલતા ગયા!

આંસુ બનીને આંખથી ટપકી રહ્યાં હતાં,
જે વેણ મેં અજાણ્યે તમોને કહ્યાં હતાં!
આ ઓટની અસર તો સહન ના થઈ શકે,
જ્યાં જોમભર્યાં પૂર નિરંતર વહ્યાં હતાં!
ન્હોતી ખબર કે શિલ્પ સમાં થઈ જશો તમે,
મેં તો સજીવ સ્વપ્ન ગણીને ચહ્યાં હતાં!

કદર તો કેવી કરી આહીં કદર કરનારે,
દીધો અપાર અહો સ્નેહ આવકાર વગર!
અમારું ભાગ્ય ગણો તો ઘણું છે, અમને તો
વ્યથાઓ આવી મળી સામી ઈતજાર વગર!

ને જતાંને જોઈ રહેશો કયાં સુધી?
દષ્ટિના પડઘા ય તે પડશે નહિ!
પ્રશ્નની પાંખો ભલે વીંઝયા કરો,
ઉત્તરોનાં પિચ્છ કૈં ખરશે નહિ!
શબ્દ કો ફેંકી જુઓને ભીંત પર,
આવશે ઊછળી; પડી રહેશે નહિ!
મૌનના કણ કણ વીણું છું, શું કરું?
આંસુઓ વ્હેશે, કશું કહેશે નહિ!

થયું તે એવું થયું છે કે કૈં ઈલાજ નથી,
નભે છે ઝિન્દગી ફૂલોની સારવાર ઉપર!
થયું, જવા દો; હવે કોઈ ના હસે જોજો,
તમારા પ્યાર ઉપર ને અમારી હાર ઉપર!

મધુરું સ્થાન ને મીઠી હવા જોઈ કદી થાતું:
બને તો આહીં થોડી વેદના હળવી કરી લેવી.
પ્રકટ કર પાનખર! તારાં બધાં રૂપો ધીરેધીરે,
તને માણીને મારે સૌ વસંતો વિસ્મરી લેવી!

અહીં આ સૂર્યની નીચે નવું કૈં યે નથી બનતું,
છતાં એ સૂર્યની જયમ નિત નવો અવતાર પામું છું.
તમારું રૂપ તો બ્હાનું બન્યું છે ફક્ત મહોબતનું,
ખરું સદ્ભાગ્ય છે કે દિલ હું ખુશ્બોદાર પામું છું!

હલાહલ ગટગટાવીને ય દિલ આ જીવતું રાખ્યું,
જવાનીને અમે તો વેદનાથી તરબતર કીધી.
વધારી મૂક્યું શું ગૌરવ કરી સહવાસ મીઠેરો,
ગુલોએ મહેરબાની કેટલી કંટક ઉપર કીધી!

ચમનમાં શહરના હું શોધું છું તમને,
સુગંધે સુગંધે શું સરજાય રસ્તો!
ઘણાં લોકથી ત્રાસી જઇ—મારી માફક
ફરી કેડી થાવાને લલચાય રસ્તો!
શરૂ થઈને મારા આ ઘરથી સ્મશાને,
સરકતો સરકતો વિલોપાય રસ્તો!

પ્રિય કવિ અખાનાં જીવનકવનનાં શ્રદ્ધેય પરિચય–પરિશીલન કરાવતા પુસ્તકના આ નવસંસ્કરણમાં અનેક વિદ્વાનોના લેખો સમાવી લેવામાં આવ્યા છે, જે અખાના અભ્યાસીઓને ઉપયોગી થઈ પડશે. (મૂળ સંપાદક ડૉ. મંજુલાલ મજમુદાર, પ્રકા. પ્રેમાનંદ સાહિત્ય સભા, વડોદરા; પાકું પૂઠું, પૃ. ૩૪૦, રૂ. ૧૫.)

દક્ષિણાપથ : દક્ષિણ ભારતનાં અનેક તીર્થધામોનો મનોરમ પરિચય આપતા આ પુસ્તકના લેખક મગનલાલ જમનાદાસ ભુતાએ તે તે સ્થળોનું ધાર્મિક–પૌરાણિક મહત્ત્વ સમજાવવાની સાથેસાથે ભૌગોલિક સ્થાન, ભૌગોલિક રચના, ઐતિહાસિક–પૌરાણિક સ્થાપત્યકલા, રીતરિવાજો વગેરેને પણ સંક્ષેપમાં અહીં આવરી લીધાં છે, જેથી આ પ્રવાસકથા હિંદુ-બિનહિંદુ સહુ પ્રવાસીઓને ઉપયોગી થઈ પડે તેવી બની રહી છે. (પ્રાપ્તિસ્થાન : પરિવ્રાજક કાર્યાલય, પ્લૉટ ૫૯૦, ડૉ. આંબેડકર રોડ, મુંબઇ–૪૦૦૦૧૯; કાચું પૂઠું, પૃ. ૨૨૦, રૂ. ૧૦.)

—અને છેલ્લે

'નવલગ્રંથાવલિ'ના કર્તા ને આરૂઢ વિવેચક નવલરામ લક્ષ્મીરામ પંડિત લેખનમાં લાઘવના બહુ આગ્રહી હતા. એ રાજકોટની હન્ટર ટ્રેઇનિંગ કૉલેજના પ્રિન્સિપલ હતા ત્યારના એક વિદ્યાર્થી અને ગોંડલના કવિ 'વિહારી' એમની એ લાઘવક્રિયાનું વર્ણન કરતાં કહેતા કે નવલરામ પોતાના લેખો વિવેચનો વગેરે લાલ ચામડા વડે બાંધેલી ફૂલ્સ્કૅપ કાગળોની એક જાડી ફાઈલમાં લખતા. કાગળ ઉપર વિચારો જેમ આવતા જાય તેમ ઝડપથી પહેલાં લખી નાખે, અને પછી લંબાણ કે પુનરાવર્તન કરતા ભાગ છેકતા જઈ લખાણને ટુંકાવતા જાય—તે છેવટના એવા સ્વરૂપ સુધી, કે જેમાં અક્ષર પણ આઘોપાછો કરવો ન પડે. એમનાં બધાં કાચાં લખાણો એ રીતે ફાઈલમાં સચવાતાં.

રત્નમુકુટની ચોરી

અદ્રિશ વર્ધને બંગાળીમાં રૂપાંતરિત કરેલી એક રહસ્યકથાનો અનુવાદ · સુકન્યા ઝવેરી

રાત્રે ખૂબ બરફ પડ્યો હતો. એ બરફથી લપસણા થઈ ગએલા રસ્તા પર વહેલી સવારે કોણ નીકળી પડે? પણ એવી ટાઢમાં યે હાંફળાફાંફળા થતા એક સજ્જન શેરલૉક હોમ્સ પાસે આવ્યા હતા. એમના કહેવા પ્રમાણે રાત્રે એમનો સર્વનાશ થઈ ગયો હતો.

'કેવો સર્વનાશ?' હોમ્સે પૂછ્યું અને શાંતિથી બેસવા કહ્યું.

'બેરીલ મુગટનું નામ તો તમે સાંભળ્યું હશે દેશની એ એક અત્યંત કિંમતી ચીજ છે. એનાં ઓગણચાલીસ રત્નોમાંથી એકેયની જોડ જડે તેમ નથી. કાલે રાત્રે એમાંથી ત્રણ નંગ ઊપડી ગયાં છે.'

અને પછી હોમ્સના કહેવાથી એ સજ્જને બધી વાત વિગતે કહી.

'મારું નામ ઍલેક્ઝાંડર હોલ્ડર. હું નાણાવટી છું અને ઈશ્વરકૃપાએ મારો ધંધો ઘણો જ સારો ચાલતો હોઈ મારી સારી એવી પ્રતિષ્ઠા છે. ગઈ કાલે જેનો આ મુગટ છે—હું એની ઓળખ નહિ આપું—એ સજ્જનને કોઈ અત્યંત ઓચિંતી જરૂર ઊભી થતાં એ મુગટ મારે ત્યાં ગીરો મૂકીને મારી પાસેથી ચાર દિવસ માટે પચાસ હજાર પાઉન્ડ લઈ ગયા છે. અત્યંત કિંમતી મુગટને પેઢી પર રાખતાં મારો જીવ ન ચાલ્યો એટલે હું એને મારે ઘેર લઈ ગયો. રાત્રે જમતી વખતે મેં આ વાત મારી ભત્રીજી મેરીને કહી. એ છોકરી અત્યંત ડાહી છે અને અમારી સાથે જ રહે છે. એ સમયે મારો દીકરો આર્થર પણ જમવામાં સાથે હતો. મુગટને મેં મારા ડ્રેસિંગ રૂમના કબાટમાં સાચવીને મૂક્યો છે એમ મેં કહ્યું ત્યારે આર્થર હસી પડેલો. એણે કહ્યું કે એ કબાટ ખોલવો કંઈ મુશ્કેલ નથી. નાનપણમાં મેં ઘણી યે વાર એ છાનામાના ખોલ્યો હતો. નાનપણમાં જ આર્થરની મા ગુજરી ગઈ મેં ફરી લગ્ન કર્યાં નહિ. દીકરાને લાડથી ઉછેર્યો અને પરિણામે એ ખોટી સંગતે ચડી જઈ બિલકુલ નાલાયક બની ગયો છે. મેરી સાથે એ પરણવા ઇચ્છે છે. એણે લગ્નનો પ્રસ્તાવ પણ બેએક વાર મૂકેલો, પણ મેરી હા પાડતી નથી. પણ જો એ આર્થર સાથે પરણી હોત તો આર્થરમાં જે કંઈ બુરાઈ છે એ પાંગરી શકત નહિ.'

'વારુ, પણ મુગટની આ વાત બીજું કોઈ જાણે છે?' હોમ્સે પૂછ્યું.

'હા, લ્યૂસી કદાચ જાણતી હશે. એ અમારી નવી નોકરાણી છે. યુવાન છે, સુંદર છે. એની પાછળ કેટલાક લટ્ટુઓ ભમે છે. પણ એ કામઢી છે અને પ્રામાણિક પણ.' 'બીજા નોકરો?'

'બીજા નોકરો પણ છે, પરંતુ બધા જ જૂના અને પૂરેપૂરા વિશ્વાસુ છે. વળી, આ મુગટની તો એમને જાણ પણ નહોતી.'

'અચ્છા, બહારની કોઈ વ્યક્તિની ઘરમાં આવજા ખરી?'

'હા, એક છે: આર્થરનો મિત્ર સર જ્યૉર્જ બર્નવેલ. બહુ મીઠાબોલો ને ચબરાક, પણ પાજી અને લપટ લાગે છે એને વાદે ચડીને જ આર્થર જુગાર રમતો થઈ ગયો છે. કાલે રાત્રે યે જમ્યા પછી આર્થરે મારી પાસે બસો પાઉન્ડ માગ્યા હતા. પણ મેં એને ધુત્કારી કાઢ્યો. અને હવે એ દીકરાએ જ મારી આબરૂ પર પાણી ફરી વળે એવું કર્યું.'

'ઘરનાં બારીબારણાં તો બધાં બરાબર વસાયાં હશે.' હોમ્સે પૂછ્યું.

'મેં જાતે જ વાસેલાં, અને પછી સૂતાં પહેલાં યે ફરી તપાસવા માટે હું નીચે આવ્યો તો મેરી પોતે જ બારી બંધ કરી રહી હતી. મને જોઈને એણે કહેલું કે લ્યૂસી આજે ફરી કોઈને મળવા બહાર ગઈ છે એટલે તમે એને જરા તતડાવજો.'

'રત્નો ચોરાયાની તમને કેવી રીતે જાણ થઈ?'

'મધરાતે કંઈ અવાજ સાંભળી હું જાગી ગયો. સ્વાભાવિક જ હું મુગટ સલામત છે કે નહિ એ જોવા ડ્રેસિંગ રૂમમાં ગયો. ખંડમાં પ્રવેશતાં જ મેં જોયું કે ખુલ્લા કબાટ પાસે હાથમાં મુગટ લઈ આર્થર એમાંથી રત્નો તોડવા મથી રહ્યો હતો. એના પગ ઉઘાડા જ હતા. માત્ર નાઈટ-ડ્રેસમાં જ એ હતો. હું એકદમ 'ચોર ચોર'ની બૂમો પાડી ઊઠ્યો મારી બૂમો સાંભળી એ ચિડાઈ ગયો. એના હાથમાંથી મેં મુગટ આંચકી લીધો ને જોયું કે એમાંથી ત્રણ રત્ન સાથેનો એક ભાગ તૂટેલો હતો ને એ ભાગ વળી ગયો હતો. મારી બૂમો સાંભળી મેરી તુરત દોડી આવી. મુગટમાંનાં રત્નો તૂટ્યાની જાણ થતાં એ તો બેહોશ થઈ ગઈ.

'પછી તો મેં તુરત પોલીસમાં જાણ કરીને આર્થરને પકડાવી દીધો. ગુસ્સાનો માર્યો એ માર પર ધસી આવ્યો હતો. પેલાં ત્રણ રત્નો ક્યાં છુપાવ્યાં છે એ પૂછ્યું તો કહ્યું કે એની ખબર નથી, પણ એ માટે તપાસ કરવા એણે પોતાને થોડી વાર માટે પણ છૂટો કરવા કહ્યું. એ તો શક્ય જ નહોતું. છૂટો થતાં એ નાસી જ જાય. પોલીસે પણ પેલાં રત્નો માટે ખૂબ તપાસ કરી પણ મળ્યાં નથી. અને આર્થર તો મોં ખોલતો જ નથી. હવે મિ. હોમ્સ, તમે જ મને ઉગારો. આમાં મારી જ નહિ પણ મુગટ આપી જનારની આબરૂનો સવાલ છે. અને હું તો આ ધંધામાંથી હમેશ માટે ઊખડી જ જાઉં. આ છોકરાએ તો મને ક્યાંયનો ન રાખ્યો.'

'પણ આર્થર મુગટમાંથી રત્નો કાઢવાને બદલે વળી ગએલો ભાગ સીધો કરવા તો નહોતો મથતો ને?'

આ પ્રશ્ન સાંભળીને તો ઍલેક્ઝાંડર સમસમી ગયા: 'મિ. હોમ્સ, તમે શું એ નાલાયક છોકરાનો પક્ષ તાણો છો?'

'પક્ષ નથી તાણતો, માત્ર એ શક્યતા તરફ તમારું લક્ષ દોરું છું. પણ ખેર ચાલો આપણે તમારે ઘેર જઈએ.'

મિ. હોલ્ડરને ત્યાં જઈ ઘરમાં પ્રવેશતાં પહેલાં તો હોમ્સે મકાનની આસપાસ બધે જાતે જઈને તપાસ કરી. બરફને કારણે એને કોઈનાં પગલબગલાં જરૂર જોવા મળ્યાં હશે. દરમિયાન ડૉ. ડૉસન ને મિ. હોલ્ડર ઘરમાં જઈ બેઠા. એકાએક મેરી ત્યાં આવી ચડી. એનું મોં તદ્દન ઊતરી ગયું લાગતું હતું. એણે પોતાના કાકાને કાકલૂદી કરવા માંડી: 'કાકા, તમે આર્થરને ખોટો પકડાવ્યો છે. મારું અંતર કહે છે કે એ નિર્દોષ છે.'

આ જ વખતે બહારની તપાસ પતાવીને હોમ્સ ઘરમાં દાખલ થયા એને ઓળખી જઈ હોમ્સે પૂછ્યુ: 'રાત્રે તમે કંઈ અવાજ સાંભળેલો?'

'ના; કાકાની બૂમથી હું જાગી ગએલી, ને દોડી આવી હતી.'

'તમારા કાકા કહે છે કે એણે તમને બારી પાસે જોએલાં, ખરું?'

'હા, હું બારીઓ બંધ કરવા આવેલી મેં એ બંધ કરેલી અને સવારે એ બંધ જ હતી' 'લ્યૂસી વિષે પણ તમે કંઈ કહેલું'

'હા, હું બારી બંધ કરતી હતી ત્યારે મેં એને રસોડાના બારણેથી ગુપચુપ ઘરમાં આવતી જોઈ હતી ઘણી વાર એ અહીં જ રાત રોકાઈ રહે છે. કાલે પણ એ અહીં રોકાઈ હતી.'

'મુગટની વાત એ જાણતી હતી.' 'કદાચ એણે સાંભળી હશે.'

'અચ્છા, એના દોસ્તનો એક પગ લાકડાનો છે ખરું ને?'

આ પ્રશ્નથી મેરી હેબતાઈ ગઈ હોમ્સની તપાસ શક્તિનો એ પ્રભાવ હતો. પણ પછી તુરત મેરીએ ઉત્તર આપ્યો: 'હા, અહીં રોજ શાકભાજી આપવા આવનાર એ માણસનો એક પગ લાકડાનો છે.'

જેમાં મુગટ રાખવામાં આવેલો તેની તપાસ કરતાં હોમ્સે એ કબાટને ખોલી જોયું. ખોલતાં કે બંધ કરતાં બિલકુલ અવાજ થતો ન-

હોતો. હોમ્સે પેલો મુગટ પણ જોયો અને એનો બેસી ગએલો ભાગ સીધો કરવા પોતાની તાકાત અજમાવી જોઈ. મિ. હોલ્ડરને પણ પ્રયત્ન કરી જોવા કહ્યું, પણ એમનાથી યે કંઈ થઈ શક્યું નહિ; એટલે હોમ્સે કહ્યું : 'જોયું? સાધારણ તાકાતથી એ વળે તેમ પણ નથી, તો તૂટે ક્યાંથી? અને તૂટે તો જરૂર અવાજ થાય. જે કદાચ તમે સાંભળ્યો હોત.'

'એટલે ?' મિ. હોલ્ડરે પૂછ્યું. 'એટલે એમ કે આર્થર ભલે ગમે તેવો હોય પણ આ રત્નોનો ચોર તો એ નથી જ લાગતો.'

અને પછી બીજે દિવસે સવારે પોતાના નિવાસ-સ્થાને મિ. હોલ્ડરને મળવા આવવાનું કહીને હોમ્સ પાછો ફર્યો.

બેકર સ્ટ્રીટ જઈને હોમ્સ રખડેલ લફંગા જેવો સ્વાંગ સજીને ક્યાંક તપાસ અર્થે ઊપડી ગયો. પાછો ફર્યો ત્યારે પગરખાંની એક જોડ ઉપાડતો આવેલો. એને ઘેર રાખીને ને પેલો વેશપલટો કાઢી નાખી પોતાના અસલ સ્વરૂપે એ ફરી બહાર ઊપડી ગયો તે છેક મોડી રાતે પાછો આવ્યો.

સવારે મિ. હોલ્ડર આવ્યા. બે જ રાતમાં તો એ તદ્દન નંખાઈ ગયા હતા. હોમ્સની સાથે વાત કરતાં એમણે જણાવ્યું કે એમની ભત્રીજી ઘર છોડીને ક્યાંક ચાલી ગઈ હતી, અને પોતાની તપાસ ન કરવાનું વીનવતી ગઈ હતી. એ પછી એમણે મુગટની તપાસનું શું થયું તે પૂછ્યું.

'ખોવાએલા એક એક રત્ન માટે હજાર હજાર પાઉન્ડ આપશોને ?' હોમ્સે પૂછ્યું. 'દસ દસ હજાર આપીશ.'

'ના, ના. એટલા બધાની જરૂર નથી. લો આ પેન અને ચાર હજાર પાઉન્ડનો ચેક લખી આપો. ત્રણ હજાર ત્રણ રત્નના અને એક હજાર મારી તપાસફીના.' અને પછી હોમ્સે જ્યારે એમના હાથમાં પેલાં રત્નો મૂક્યાં ત્યારે તો એ સડક જ થઈ ગયા. એમના ચહેરા પર આનંદની સુરખી ફરી વળી. હોમ્સે કહ્યું : 'હજી એક ઋણ પણ ચૂકવવાનું છે.'

હાથમાં પેન પકડી તુરત એમણે પૂછ્યું : 'બોલો કેટલી રકમ માંડું ?'

'રકમ નથી આપવાની. તમારે ક્ષમા માગવાની છે, તમારા દીકરા આર્થરની. એણે જ તમારા આ મુગટને પાછો આણ્યો છે ને તમારી આબરૂ બચાવી છે. એણે બસો પાઉન્ડ માગ્યા તે તમે ન આપ્યા, એટલે પોતાનું દેવું ચૂકવવાની ચિંતામાં એની ઊંઘ હરામ થઈ ગએલી. મોડી રાતે એને ઘરમાં કંઈ હલચલ થતી લાગી. ચુપકીદીથી ઊઠીને એણે જોયું તો પેલો મુગટ ઘર બહાર જઈ રહ્યો હતો. એણે ચોરનો પીછો પકડ્યો ને એને પકડી પાડ્યો. બંને વચ્ચે મુગટ માટે જે ખેંચતાણ થઈ એમાં મુગટનો એક ભાગ તૂટી જઈ ત્રણ રત્નો ચોરના હાથમાં રહ્યાં ને આર્થર મુગટ બચાવી લાવ્યો. ઘેર આવી એણે જોયું કે મુગટમાં એક ભાગ દબાઈ ગયો છે. એ સીધો કરવા એ જોર કરતો હતો એ જ વખતે તમે ત્યાં પહોંચ્યા ને તમને લાગ્યું કે એ જ ચોર છે. તમે એને પૂરો સાંભળ્યા વિના પકડાવી દીધો.'

'પણ તમને આ બધી કેવી રીતે ખબર પડી ?'

'તપાસ કરતાં મેં જોએલું કે પેલી બારી બહાર કોઈનાં પગરખાંની આવતાંજતાંની છાપ હતી, અને એની ઉપર જ સાથે સાથે ખુલ્લા પગની. તમે આર્થરને ખુલ્લા પગે જ જોએલો ને ? મુગટ ઉઠાવી જનાર પાછળ એ ખુલ્લા પગે દોડેલો. થોડે દૂર બંને વચ્ચે થએલી ઝપાઝપીનાં નિશાન પણ મેં જોએલાં. એટલે મેં મારી કલ્પના બાંધી લીધી. પછી જેના પર ચોરીનો શક હતો તેની મેં તપાસ કરી. સર જ્યૉર્જ બર્નવેલ જ હતો એ. એક નંબરનો બદમાશ માણસ છે એ. અને સ્ત્રીઓની બાબતમાં પણ એ એટલો કુખ્યાત છે. ખેર, હું એને ત્યાં ગયો. નોકરને લાંચ આપી મેં એનાં પગરખાં મેળવ્યાં. બારી પાસેનાં પગલાં સાથે એની છાપ ચકાસી અને મને ખાતરી થઈ ગઈ કે એ જ ચોર હતો. પછી એને પણ હું મળ્યો. પ્રથમ તો એ નામુક્કર ગયો, પણ રિવૉલ્વર બતાવતાં ઢીલો પડી ગયો. રત્નો એણે એક જણને વેચી નાખેલાં. એ માણસ પાસેથી નંગ દીઠ હજાર પાઉન્ડ આપીને હું એ પાછાં લઈ આવ્યો, જે હવે આપના હાથમાં છે.' 'પણ કબાટમાંથી મુગટ કોણે કઢાવ્યો ?'

સુજ્ઞ વાચક, તમે કલ્પી શકો છો ? નહિ, તો જુઓ નીચે.

ભૂલ-સુધાર

ગયા અંક ૬૨૨માં આપેલા 'નવતર અંકચોરસ'માં છઠ્ઠી ઊભી હારમાં-પાંચમા અને પાંચમી આડી હારમાં છેલ્લા ખાનામાં છપાએલી સંખ્યા ૫૦૩ના બદલે ૬૦૩ જોઈએ.

હરિ: ૐ આશ્રમ તરફનાં

ઑક્ટો. અંક માટેનાં રૂ. ૫૦-૫૦નાં બે પારિતોષિકો

જીવનચરિત્ર 'અહિલ્યાબાઈ હોળકર' માટે પ્રો. વસંત જોષીને

વ્યક્તિચિત્રો 'પ્રભાશંકરના પાંચેક પ્રસંગો' માટે

મુકુંદરાય વિ. પારાશર્યને

રત્નમુકુટની ચોરી અંગે ખુલાસો

રાતના બારીબારણાં તપાસવા ઊતર્યા ત્યારે ઍલેક્ઝાંડરને કોણ મળ્યું હતું ? મેરી. પકડાએલા આર્થર પર ગુસ્સે થએલા ઍલેક્ઝાંડરના હાથમાં મુગટ જોઈ બેહોશ કોણ બન્યું હતું ? મેરી. ઘરમાં બહારની વ્યક્તિ તરીકે વધુ અવરજવર કોની હતી ? સર જ્યૉર્જ બર્નવેલની. અને એની આબરૂ પણ બદમાશ લંપટ તરીકેની જ હતી. એકલવાયી મેરી પર એણે પોતાની જાળ બિછાવેલી. પોતાની ચબરાકીથી એણે એને વશ કરેલી. રાત્રે મિ. હોલ્ડરે મેરીને બારી પાસે જોઈ ત્યારે એ બર્નવેલને મળવા જ ત્યાં ઊભી હશે. એ જ બારી બહાર બર્નવેલનાં પગલાં અને ત્યાંથી જ આર્થરનાં પગલાં હોમ્સને જોવા મળેલાં. સ્વાભાવિક રીતે જ મેરીએ બર્નવેલને મુગટની વાત કરી હશે. અને બર્નવેલે મેરી પાસે એ મુગટ ચોરાવ્યો હશે. આર્થર એ જોઈ ગયો. બર્નવેલની પાછળ પડી એ મુગટ પાછો લઈ આવ્યો. પોતે ખોટો પકડાઈ ગયો, પણ ખરી હકીકત કહી દે તો પોતે જેને ચાહતો હતો એ મેરી ફસાઈ પડે; અને પિતાને એના પર વિશ્વાસ પણ ન હોતો, એટલે એ ચૂપ જ રહ્યો અને જેલમાં ગયો. પણ હોમ્સની તપાસનો દોર જોતાં મેરી સમજી ગઈ કે ચોરી છૂપી નહિ રહે. એટલે પકડાઈને બેઆબરૂ થવાને બદલે એ નાસી ગઈ. કાકા પ્રત્યેના વિશ્વાસઘાતના ડંખથી કોરાતા હૃદયે એ મોં પણ શું બતાવે ? □

(સર આર્થર કૉનન ડૉઈલ કૃત શેરલૉક હોમ્સની એક વાર્તા 'ધ બેરિલ કૉરોનેટ'ના અદ્દીશ બર્મને કરેલા રૂપાંતર પરથી ફેરફાર સાથે)

○○ પ્રાચીન સિક્કા ૧૧

લેખક · ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી

ભારતીય-યવન સિક્કા

ઉત્તર-પશ્ચિમ ભારતમાં ઈરાનના હખામની વંશના અમલ દરમ્યાન ત્યાંની ઢબના સિક્કા પ્રચલિત થએલા. એના અગ્ર ભાગ પર રાજાનું મુખ અને પૃષ્ઠ ભાગ પર કંઈ લખાણ હોતું. પછી વળી માલના બદલામાં રોમન સામ્રાજ્યના સિક્કા અહીં આવતા થયા. ઈ. પૂ. ૩૩૦માં સિકંદરે હખામની સામ્રાજ્યનો અંત આણ્યો ને ભારતના ઉત્તર-પશ્ચિમ ભાગ પર પોતાની સત્તા પ્રસારી. પરંતુ થોડાં વર્ષમાં એનું અકાળ અવસાન થતાં ભારતના પ્રાંતો સ્વતંત્ર થઈ ગયા. અમુક પ્રકારના સિક્કાના અગ્ર ભાગ પર સિકંદરની ઊભી આકૃતિ છે ને પૃષ્ઠ ભાગ પર હાથી ઉપર હુમલો કરતા અશ્વારોહીની આકૃતિ છે. પૃષ્ઠ ભાગ પરનું આ દૃશ્ય સિકંદર-પુરુના યુદ્ધનું હોવાનું ધારવામાં આવ્યું છે. પરંતુ આ સિક્કા સિકંદરે પડાવેલા નથી; એની હયાતી બાદ એના કોઈ અનુગામી રાજાએ સ્મારક-સિક્કા તરીકે પડાવેલા છે, ચલણી સિક્કા તરીકે નહિ. સિકંદરના મૃત્યુ પછી એના એશિયાઈ મુલક સેલ્યુકસના કબજામાં આવ્યા. અશોક મૌર્યના સમકાલીન રાજા અતિયોક બીજાના સમયમાં એ રાજ્યોના બાહ્લિક પ્રાંત (હાલનો બલ્ખ પ્રદેશ-અફઘાનિસ્તાન) સ્વતંત્ર થઈ ગયો. બાહ્લિકરાજ્યના ગ્રીક રાજાઓના સિક્કાના અગ્ર ભાગ પર રાજાનું મુખ અને પૃષ્ઠ ભાગ પર કોઈ ગ્રીક દેવતા તથા ગ્રીક લખાણ હોય છે. એ વંશના રાજાઓએ સમય જતાં હિંદુકુશ ઓળગી કાબુલ, કંદહાર અને પશ્ચિમ ગંધાર સર કરીને સિંધુ નદી ઓળંગી પંજાબમાં પોતાની સત્તા જમાવી (ઈ. પૂ. ૨જી સદી). આ પ્રદેશોમાં એવાં બે રાજકુલ સ્થપાયાં: એક યુથીડિમસ (Euthydemos)નું ને બીજું એક્રતિદસ (Eukratides)નું. આ રાજાઓ ગ્રીક ઢબના સિક્કા પડાવતા. તેમાં ગ્રીક લખાણ ઉપરાંત ખરોષ્ઠી લિપિમાં પ્રાકૃત ભાષાનું લખાણ પણ આપતા. સિક્કા મુખ્યત્વે ચાંદીના અને તાંબાના પડાવતા ને તાંબાના સિક્કામાં ભારતીય તોલમાન અપનાવતા. આ રાજાઓ યવન (ગ્રીક) હતા, પણ હવે ભારતમાં સ્થિર થયા હતા. આથી તેઓને 'ભારતીય-યવન' કહેવામાં આવે છે. શરૂઆતના રાજાઓમાં દેમેત્રિયસ (Demetrius) અને પછીના રાજાઓમાં મિનેન્દર (Menander) નામાંકિત છે. મિનેન્દર બૌદ્ધ ધર્મમાં ઊંડો રસ ધરાવતો ને બૌદ્ધોમાં 'મિલિન્દ' તરીકે ઓળખાતો. ભારતીય-યવન રાજાઓના ચાંદીના સિક્કા મોટે ભાગે ગોળ આકારના અને ઈરાની તોલ-



મિનેન્દરનો એક ચાંદીનો અર્ધ દ્રમ્મ. (ડાબી બાજુ) એના અગ્ર ભાગ પર વામાભિમુખ કિરીટધારી રાજા ને જમણા હાથે ભાલો ફેંકતો દર્શાવ્યો છે. ફરતું ગ્રીક Basileos Soteras Menandrou લખેલું છે. પૃષ્ઠ ભાગ (જમણી બાજુ) પર પેલાસ દેવીની આકૃતિ છે. એના લંબાવેલા હાથમાં ઢાલ અને જમણા હાથમાં આયુધ છે. જમણી બાજુ 'મહારાજસ ત્રાતારસ મેનન્દ્રસ' એવું ખરોષ્ઠી લિપિમાં લખાણ છે.

માનના હોય છે. એમાંના ઘણાખરા સિક્કા દ્વિ-દ્રમ્મ અને અર્ધ-દ્રમ્મ હોય છે. તાંબાના ઘણા સિક્કા ચોરસ હોય છે ને મોટી સંખ્યામાં મળે છે.

આ બધા સિક્કા મુદ્રા-આહત પ્રકારના છે. એના અગ્ર ભાગ પર રાજાની મુખાકૃતિ અને ગ્રીક લખાણ હોય છે, જ્યારે પૃષ્ઠભાગ પર કોઈ દેવતા અને પ્રાકૃત લખાણ (પ્રાયઃ ખરોષ્ઠી લિપિમાં ને અથવા ક્યારેક બ્રાહ્મી લિપિમાં) હોય છે. ગ્રીક લખાણમાં રાજાના નામની સાથે Basileos (રાજા), Sotoros (ત્રાતા), Megalon (મહાન), Antiketon (અપ્રતિહત), Philapatoros (ધાર્મિક) વગેરે બિરુદો જોવામાં આવે છે, જેનું ભાષાંતર પ્રાકૃત લખાણમાં મળે છે. આ સિક્કાઓએ ભારતના સિક્કાઓમાં નવી ભાત પાડી.

મિનેન્દરના ચાંદીના સિક્કા ઘણા મળ્યા છે. ગુજરાતમાં પણ મળે છે. એના અગ્ર ભાગ પર રાજાની મુખાકૃતિ અને ગ્રીક લખાણ હોય છે. Basileos Soteros Menandrou, જેનું ભાષાંતર પ્રાકૃતમાં પૃષ્ઠ ભાગ પર 'મહારાજસ ત્રાતારસ મેનન્દ્રસ આપે છે. પૃષ્ઠભાગ પર Pallas જેવા ગ્રીક દેવની ઊભી આકૃતિ હોય છે. મિનેન્દરના તથા અપલદત્ત બીજાના દ્રમ્મ ભરૂચમાં આયાત થતા ને લાંબા સમય સુધી પ્રચલિત હતા. શકોએ ઈ. પૂ. ૧૩૫ના અરસામાં બાહ્લિકના યવન રાજાઓની અને . સ. ૭૫ના અરસામાં ભારતીય-યવન રાજાઓની સત્તા પડાવી લીધી હતી.

(ચાલુ)

અનુસંધાન] **અંગ્રેજી સાહિત્યનું આચમન** [પૃ. ૪૫૮ થી

કવિતા પણ વેરાએલી છે—જો કે નાટકનો અંશ બનીને તે પ્રકટતી નથી.

ફ્લેચરે શેક્સ્પીઅર સાથે પણ નાટ્યલેખન કર્યું હોવાનું મનાય છે. આમ તો શેક્સ્પીઅરે કોઈનો સહયોગ સાધવાનો રિવાજ રાખ્યો ન હતો, છતાં લંડનથી નિવૃત્ત થઇને પોતાના સ્ટ્રેટફર્ડ-એવનમાં વસવાટ કર્યા પછી તેનાં કેટલાંક અધૂરાં રહી ગએલાં નાટકો પૂરાં કરવાનું કામ તેણે ફ્લેચર જેવા યુવાન નાટ્યકારોને સોંપ્યું હોય તે શક્ય છે ખાસ કરીને 'હેન્રી ૮મો' જેવા નાટકમાં બંનેનું કર્તૃત્વ વિવેચકોએ પારખી કાઢ્યું છે.

ફિલિપ મસિન્જર (Philip Massinger) સાથે પણ ફ્લેચરે નાટકો રચ્યાં છે. મસિન્જર એની 'વર્કશૉપ'નો એક સભ્ય હતો અને ફ્લેચરનો શિષ્ય પણ હતો. ફ્લેચર તેને પ્રારંભનું અને અંતિમ દૃશ્યો પૂરાં કરવાનું કાર્ય સોંપી પોતે મહત્ત્વનાં દૃશ્યોનું આયોજન પોતાની પાસે રાખતો. તેમ છતાં મસિન્જર પોતાની નાટ્યલેખનની શક્તિમાં કેટલીકવાર ફ્લેચરથી પણ આગળ નીકળી જતો દેખાય છે. ફ્લેચર એને પુરસ્કાર આપીને નાટ્યલેખનનો સંપૂર્ણ યશ પોતે ભોગવતો, અને મસિન્જરે તેમાં વાંધો લીધો પણ નહિ. એમનાં સહિયારાં નાટકોમાં ઐતિહાસિક કરુણાંત નાટકો—'થીઅરી ઍન્ડ થીઓડોરેટ' (Thierry and Theodoret) અને 'ફૉલ્સ વન' (False One) નામનાં છે; 'લિટલ ફ્રેન્ચ લૉયર' (Little French Lawyer) 'ધ સ્પૅનિશ ક્યુરેઈટ' (The Spanish Curate) અને 'ધ બેગર્સ બુશ' (The Beggar's Bush) એ તેમની કૉમેડી રચનાઓ છે. આ બધાંમાં નોંધપાત્ર કાર્ય મસિન્જરનું હોવાનો વિદ્વાનોનો મત છે.

ફ્લેચરની અને બોમાંની નાટ્યલેખન શક્તિનો વિચાર કરતાં એક વિવેચકે નોંધ્યું છે કે તેમનાં નાટકોની—કાવ્યની હિમશિલાઓ લાગે છે આકર્ષક અને સ્થાયીપણાનો આભાસ પણ રચે છે; પણ તરત જ તેમનું અસ્થાયીપણું વરતાઈ જાય છે. સાચી અને ઊંડી ઊર્મિની કે કલ્પનાની પ્રતીતિ તેમાં મળતી નથી. વિવેચક હૅઝલિટે કહ્યું છે તેમ એ સુંદર વૃક્ષો પ્રફુલ્લેલાં છે, પરંતુ તેમને ફળ આવતાં નથી.

(ચાલુ)

પચ્ચીસ વર્ષ પહેલાં



નવેમ્બર ૧૯૫૦·સળંગ અંક ૩૨૩

'કુમાર'માં જે રસભર વૈવિધ્ય આવતું તેની એક વિશેષ પ્રતીતિ આજથી બરાબર પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાંનું આ નીચેનું અવતરણ આપશે. અમદાવાદની ગુજરાત સાહિત્ય સભા તરફથી ગુજરાતના સાહિત્ય અને સંસ્કારના ક્ષેત્રમાં આગળપડતું પ્રદાન કરનાર વ્યક્તિને આજ પિસ્તાળીસ વરસથી વર્ષોવર્ષ અપાતા આવેલા 'રણજિતરામ સુવર્ણચંદ્રક'ના નામથી આજે ભાગ્યે જ કોઈ સંસ્કારી ગુજરાતી અજ્ઞાત હશે, પણ એના ધારકોને એ જે જે કાર્યવિશેષ માટે અપાયો છે તેની તથા તેના તે તે ધારકો અંગેની માહિતી મોટા ભાગનાને નહિ હોય. આજથી પચ્ચીસ વર્ષ પહેલાં સ્વ. યશવંત પંડ્યાએ (જેમણે પાછળથી એવા જ હેતુઓ માટે પ્રાથમિક દાન આપી 'કુમાર-ચંદ્રક' શરૂ કરાવ્યો તેમણે) દિલ્હીના આકાશવાણી કેન્દ્ર પરથી દરિયાપાર વસતા ગુજરાતીઓ માટે તે વર્ષ સુધીના ધારકોનો જે પરિચય આપેલો તે આજની પેઢીના વાચકોને જ નહિ, પણ ઘણા મોટેરાઓને પણ રસપ્રદ થઈ પડશે.

રણજિતરામ એટલે ગરવી ગુજરાતના પનોતા પુત્ર, ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રણેતા અને પ્રાણ. એમણે એ સ્થાપી અને પાળીપોષી. રણજિતરામ એટલે કનૈયાલાલ મુનશી સરખાને મન 'મિત્ર અને મહાત્મા', ('ગુજરાતનો નાથ'ના અર્પણમાં એ 'મહાત્મા' શબ્દ છુપાએલો છે), એમને ઐતિહાસિકનવલકથાઓ તરફ દાળનાર અને એનું વસ્તુ પૂરું પાડનાર—જેને પરિણામે આપણને 'પાટણની પ્રભુતા', 'ગુજરાતનો નાથ' અને 'રાજાધિરાજ' સમી, આજની ઘડી સુધી અનન્ય એવી, રસીલી નવલત્રયી મળી. રણજિતરામ પોતે પણ સમર્થ લેખક અને સંશોધક હતા. ૧૯૧૭માં ભરયુવાન વયે એ અકસ્માતવશાત્ જુહુને કિનારે સાગરમાં સમાઈ ન ગયા હોત તો ગુજરાત એમની સેવાઓથી સવિશેષ સમૃદ્ધ હોત. એટલે એમના સુભગ સ્મરણમાં ગુજરાત સાહિત્ય સભા (જેની સ્થાપના યે એમને આભારી છે) તરફથી વરસે વરસે ગુજરાતની સંસ્કારિતાના સેવકને સુવર્ણચન્દ્રક અપાય છે.

આ ચન્દ્રકના મંગલાચરણનો યશ ગુજરાત વિદ્યાસભાના મંત્રી સદ્ગત હીરાલાલ પારેખને ઘટે છે. એમના યે પ્રેરણાદાતા એ મિત્ર રણજિતરામના અવસાન બાદ એમના નામે મિત્રો દ્વારા રકમ એકઠી કરીને તેમાંથી ત્રણેક વર્ષ સુધી વ્યવસ્થા એમણે ચલાવેલી. એ ખૂટી જતાં ગુજરાત સાહિત્ય સભાએ પોતાના એ સ્થાપકનું સ્મરણ કાયમ રાખવા હોંશ ને હિંમતથી તેની જવાબદારી સ્વીકારી લીધી ને આજે એ જ ચંદ્રકથી સભાની શોભા વધી ગઈ છે. એ ચંદ્રક સાથે જેમનાં નામ જોડયાં છે એમનો સિલસિલાબંધ પરિચય મોટા ભાગના વાચકોને નહિ હોય. એ આપવાનો આ પ્રયત્ન છે.

ઈ. ૧૯૨૮નો પ્રથમ ચંદ્રક ઝવેરચંદ મેઘાણીને આપવામાં આવ્યો હતો. એમની એ કાળે બોલબાલા હતી. ગામડે ગામડે ફરીને લોકસાહિત્યની કથા અને કવિતાને એ એકઠી કરતા હતા, અને એમની કલમમાંથી 'સૌરાષ્ટ્રના રસધાર' અને 'રઢિયાળી રાત'ના ભાગો ગ્રંથનાં રૂપ લેતા હતા. સાહિત્યની દરેક દિશા એમણે ખેડી ને ખીલવી છે. સંખ્યા સાથે ગુણની દૃષ્ટિએ પણ એમનો ફાલ સોળ આની આંકી શકાય. ઈશ્વરે એમને મધુર અને બુલંદ ગળું બક્ષ્યું હતું અને તેનો લાભ ગુજરાત અને સૌરાષ્ટ્રનાં શહેરોને મળતાં મેઘાણી સૌના લાડકવાયા થઈ પડ્યા હતા: જે જીવ્યા ત્યાં લગી રહ્યા હતા. મહાત્માજીને મુખે જે 'રાષ્ટ્રીય શાયર'નું પદ પામેલા. તે સ્વતંત્રતાના પ્રભાતની પળે એકાએક ચાલ્યા જાય એ તે વિધિની કેવી ક્રૂરતા?!

બીજા આવ્યા ગિજુભાઈ બધેકા;—બાલસાહિત્યના જેને જાણે સર્વ હક્ક સ્વાધીન હતા! દક્ષિણામૂર્તિની નાની ટચૂકડી ચોપડીઓ ઘરઘર જોવામાં આવતી. ક્યારેક એક દિવસમાં એવી બેચાર ચોપડીઓ એ લખી-લખાવી શકતા. બાળકોની તે માટે પડાપડી થતી. બાળક સાથે બાળક થતાં એમને આવડતું—એટલે સુધી કે એમનું નામ 'મૂછાળું બાળક' પડેલું!

ત્રીજો, ઈ. ૧૯૩૦નો ચન્દ્રક રવિશંકર રાવળને મળેલો. પણ એમને માટે તે આ પહેલો નહોતો. ઈ. ૧૯૧૭માં મુંબાઈની કલાસંસ્થા 'બૉમ્બે આર્ટ સોસાએટી' તરફથી એમને એ વર્ષના ત્યાંના પ્રદર્શનની શ્રેષ્ઠ કૃતિનો સુવર્ણચંદ્રક અર્પવામાં આવેલો. આ શુભ પ્રસંગે રણજિતરામ અને હાજીમહમ્મદ બંને હાજર હતા, એને હું શોભામાં સાચી અભિવૃદ્ધિ સમજું છું. ર. મ. રા. ચિત્રકાર છે એમ કહેવા કરતા ચિત્રકારના ચિત્રકાર છે એ કહેવું વધારે સાચું છે. કનુ દેસાઈ, રસિકલાલ પરીખ, સોમાલાલ શાહ અને બીજા ઘણા પીછીના પ્રદેશમાં એમનું માર્ગદર્શન મેળવીને ફાલ્યાફૂલ્યા છે. રવિભાઈ વ્યક્તિ નથી, સંસ્થા છે; અને આ ચન્દ્રકે જ્યારે સાહિત્યની સીમા વિસ્તારીને કલાને સાથમાં લીધી ત્યારે તેમની પસંદગી આપોઆપ હતી.

પછી વારો આવ્યો વિજયરાય વૈદ્યનો. વિશિષ્ટ વિવેચક તરીકે એમણે નામના મેળવી હતી. એક કાળે એ સાહિત્ય સંસદના મુખપત્ર 'ગુજરાત'ના તંત્રી હતા, પણ જે પ્રતિષ્ઠા એમના સાર્વજનિક ત્રૈમાસિકો 'કૌમુદી' ને 'માનસી'એ તે પછી મેળવી એ જુદી જ જાતની હતી. લેખકો ને કવિઓને એ પોતાનું લાગતું. સાહિત્યની સાધનામાં તન, મન, ધનથી






ઝ. મેઘાણી (૧૯૨૮) લોકસાહિત્ય · ગિજુભાઈ (૧૯૨૯) બાલસાહિત્ય · રવિશંકર રાવળ (૧૯૩૦) ચિત્રકલા · વિજયરાય વૈદ્ય (૧૯૩૧) વિવેચન









રમણલાલ દેસાઈ (૧૯૩૨) નવલકથા • રત્નમણિરાવ જોટ (૧૯૩૩) ઇતિહાસ • સુન્દરમ્ (૧૯૩૪) કાવ્ય • વિશ્વનાથ ભટ્ટ (૧૯૩૫) વિવેચન

અધિક મન ને મનથી અધિક તન ખર્ચવામાં-વિજયરાયની બરાબરી કોઈ કરી શકે એમ નથી.

૧૯૩૨ની આસપાસ રમણલાલ દેસાઈની નવલકથાનું જોર જામ્યું હતું. એમની કીર્તિના કાંગરા સમાં 'દિવ્ય ચક્ષુ' ને 'ભારેલો અગ્નિ' ત્યારે લખાએલાં; ને તેથી એમને અપાએલો ચન્દ્રક યથાસ્થાને યથાસમયે હતો. લેખક અને વાચકના વર્ગ પાડીએ તો વાચકવર્ગમાં રમણલાલ વિશેષ પ્રીતિપાત્ર રહ્યા છે. આના અનુસંધાનમાં મારે અહીં ઉમેરવું જોઈએ કે સાહિત્યકારોમાં રમણલાલ સજ્જન ગણાય છે.

રત્નમણિરાવ જોટનું નામ તમે સાંભળ્યું છે? ઇતિહાસના એ અભ્યાસી છે, ભૂગોળના ભોમિયા છે. એમનાં 'અમદાવાદ', 'ખંભાત' અને 'સોમનાથ' પરનાં દળદાર પુસ્તકોમાંથી તમે એક પણ વાંચશો તો તેની ખાત્રી થશે. એમને ખોળી કાઢીને ૧૯૩૩નો ચંદ્રક અપવા બદ્દલ સાહિત્ય સભાને અભિનંદન ઘટે છે.


ઈ. ૧૯૩૪નો ચંદ્રક સુન્દરમ્‌ને અને '૩૯નો ઉમાશંકર જોષીને મળવામાં વચ્ચે પાંચ વરસગાળો ગયો; આપણે તો એમને સાથે જ લઈશું. સુન્દરમ્ 'કાવ્યમંગલા'થી ને ઉમાશંકર 'ગંગોત્રી'થી પ્રથમ પંક્તિના કવિઓ તરીકે સ્થપાઈ ચૂક્યા હતા ને બંનેની પછીની કવિતાએ તેનું ઉત્તરોત્તર સમર્થન કર્યું છે. બંનેએ નાટક, નવલિકા, વિવેચન વગેરેમાં પણ ફાળો નોંધાવ્યો છે. ઉમાશંકરનાં 'અખો-એક અધ્યયન' અને 'ક્લાન્ત કવિ' અભ્યાસીને અવશ્ય ઉપયોગી છે. સુંદરમ્‌નું 'અર્વાચીન કવિતા' એકેએક કવિતાપ્રેમીને વાંચ્યા વિના ચાલે તેમ નથી.


ઈ. ૧૯૩૫માં વિશ્વનાથ ભટ્ટ, '૪૪માં વિષ્ણુપ્રસાદ ત્રિવેદી અને '૪૧માં ડોલરરાય માંકડ આ ત્રણે વિવેચકોની સેવા ભિન્નભિન્ન ભાતની મળી છે. વિશ્વનાથ વિશાળ વાચનમાંથી સરસ સાહિત્ય ઊપજાવે: દાખલા તરીકે અદ્ભુત એવું 'વીર નર્મદ', વિષ્ણુપ્રસાદની વિવેચના ધીરગંભીર, પરિશીલનશીલ પણ સ્વતંત્ર. ડોલરરાયનું સામર્થ્ય સંસ્કૃત ભાષા ને સાહિત્ય. ત્રણેમાં આવી વ્યક્તિગત વિશિષ્ટતા સમાએલી છે.


ચન્દ્રવદન મહેતાને કવિ કહેવા કે નાટ્યકાર એ કોયડો છે. છતાં ૧૯૩૬નો ચંદ્રક એમની રંગભૂમિની સેવાની કદર રૂપે મળેલો એ નક્કી છે. પોતે જેવા સફળ નાટ્યકાર છે એવા જ કુશળ નટ છે. એમની 'નટઘર'ની યોજના અમલમાં નથી આવી: આવી હોત તો ગુજરાતી નાટકો વંચાવા લાગત અને રંગભૂમિ ઊંચી આવત. દસકાથી વધારે વરસ એમણે ઑલ ઇન્ડિયા રેડિયો, મુંબઈના ગુજરાતી વિભાગનું સંચાલન સ્વમાન સાથે સંભાળ્યું છે. આ કાર્ય કેટલું કપરું છે તે તો જાણે છે તે જાણે છે, ને જે નથી જાણતા તેમને જાણવા જણાવવા જેવું નથી. ટૂંકમાં ચંદ્રવદન આપણા અભિનંદનના અધિકારી છે.


ચુનીલાલ વર્ધમાન શાહ (૧૯૩૭) અને ગુણવંતરાય પોપટભાઈ આચાર્ય (૧૯૪૫)ને પણ સાથે લઈએ એ સારું છે. બંને સફળ નવલકથાકાર ઇતિહાસમાંથી વસ્તુ મેળવતા. ગુણવંતરાયને આ દિશામાં આગ્રહ કરીને લખાવનાર ચુનીલાલ હતા વચ્ચે ગુણવંતરાય સિનેમાસૃષ્ટિ તરફ વળેલા, પણ પાછળથી એમણે એ પ્રવૃત્તિ પડતી મૂકી છે. ચુનીભાઈની નામના ગુજરાતના સંસ્કાર અને સમાચાર સંપન્ન સામયિક 'પ્રજાબંધુ'ના વર્ષો સુધી સંપાદક અને તેમાં આવતી 'સાહિત્ય ચર્ચાનું સૂક્ષ્માવલોકન' કરાવતા લેખક તરીકે હતી.

કનુ દેસાઈ વિષે કાંઈ કહેતાં હું અચકાઉં છું. પચ્ચીસેક વર્ષ પડેલાં, અમારા અભ્યાસકાળ-









ચન્દ્રવદન મહેતા (૧૯૩૬) નાટક • ચુનીલાલ શાહ (૧૯૩૭) નવલકથા • કનુભાઈ દેસાઈ (૧૯૩૮) કલા • ઉમાશંકર જોશી (૧૯૩૯) કાવ્ય






ધનસુખલાલ મહેતા (૧૯૪૦) હાસ્ય • જ્યોતીન્દ્ર દવે (૧૯૪૧) હાસ્ય • રસિકલાલ પરીખ (૧૯૪૨) કલા • ઓમકારનાથ ઠાકુર (૧૯૪૩) સંગીત

માં, કલાકોના કલાકો અને દિવસોના દિવસો સુધી અમે સાહિત્યકલાની ચર્ચા કરી છે. એમના જેવો ઉદ્યમી કલાકાર મેં જોયો નથી. એ પ્રેરણા અને પરસેવો બંને ઉપર આધાર રાખે છે. એમની અનેક ચિત્રાવલિઓમાં ને 'ભરત-મિલાપ', 'રામરાજ્ય' વગેરે ચલચિત્રોના કલા-નિદર્શનમાં આની પતીતિ થશે. ૧૯૩૯ના ચંદ્રક-નું માન એમને મળ્યું એ સર્વ વાતે યોગ્ય હતું.

સાથેસાથે શાંત અને શરમાળ ચિત્રકાર રસિકલાલ પરીખને લઈએ. આ પ્રથમ પંક્તિના કલાકાર મુંબાઈની જે. જે. સ્કૂલ ઑફ આર્ટની પરીક્ષામાં પણ પ્રથમ આવેલા. ત્યાંની આર્ટ સોસાઍટી તરફથી પણ એ સુવર્ણચંદ્રક પામ્યા છે. રસિકલાલ સુંદર ચિત્રકાર ઉપરાંત સુઘડ મૂર્તિકાર પણ છે. ૧૯૪૨ના ચન્દ્રકથી એમની કલાની કદર થઈ હતી.

એમ નથી લાગતું કે અત્યાર લગી આપણે ઘણી ગંભીર વાત કરી? ધનસુખલાલ મહેતાને ફાળે ૧૯૪૦નો ચન્દ્રક જતાં એમાં હાસ્યનું મૂલ સ્વીકારાયું હતું. આશરે પાંત્રીસેક વર્ષથી એ મુખ્યત્વે હળવા સાહિત્યની સતત ને સરસ સેવા કરતા આવ્યા છે, એટલે મારે એમની માંડીને ઓળખાણ આપવાની ન હોય. અહીં એટલું ઉમેર્યા વિના નથી રહેવાતું કે જીવનની કરુણતાને અંતરમાં સમાવીને એમણે જે હસતું મોં રાખ્યું છે અને અન્યને હસાવ્યાં છે એ સિદ્ધિ વિરલ છે.

અને ૧૯૪૧ના માટે નક્કી થયા જ્યોતીન્દ્ર દવે, આ અનિવાર્ય હતું. ધનસુખલાલે અને જ્યોતીન્દ્રે જેમ ભેગા મળીને 'અમે બધાં' લખ્યું, તેમ અન્યત્ર પણ બંને સાથે હોય એ જ શોભે ને? જ્યોતીન્દ્રનું હાસ્યસાહિત્ય ગુજરાતી ભાષામાં તો અજોડ છે જ : પણ અન્ય ભારતીય ભાષામાં યે એમની જોડી જલ્દી નહિ જડે. એમનું ભાષણ સાંભળવું એટલે હસીહસીને હારી જવું. એમના 'રંગતરંગ'ના ભાગો જેણે નથી વાંચ્યા તેણે જીવનનો આનંદ ખોયો છે.

સાહિત્ય અને કલાની બેલડી સાથે ૧૯૪૩-માં સંગીત સ્વીકારાતાં તેની ત્રિપુટી રચાઈ. ચન્દ્રક માટે પંડિત ઓમકારનાથ ઠાકુરનું નામ જાહેર થતાં એઓ સાહિત્યકાર કહેવાય કે કેમ, એ વિષે ઊહાપોહ થએલો. એ અસ્થાને હતો. ઓમકારનાથના સંગીત વિષે કશું કહેવું એ મારા જેવા માટે અવિવેકભર્યું : પરંતુ ચંદ્રક-પ્રદાનવિધિ પ્રસંગે એમણે આપેલા ભાષણમાંથી કંડિકા ઉતારવાનો હક્ક તો હું ધરાવું છું :

'સાહિત્ય અને સંગીતને હું તો સદૈવ સહોદર જ માનતો આવ્યો છું, કારણ સાહિત્ય જેનું જીવન છે અને સંગીત જેના જીવનનો નિષ્કર્ષ છે એવી વીણા-પુસ્તકધારિણી ભગવતી ભારતી માતાનાં યુગલ પયોધરને ધાવીને જ જેમનાં જીવનનાં ઘડતર ઘડાયાં છે એવા સાહિત્યકાર અને સંગીતકારને માટે માજણ્યા ભાઈ સિવાય અન્ય કયો સંબંધ યોગ્ય ગણાય? આપણી બે આંખો જે સાથે જ જન્મે છે, સાથે જ જીવે છે અને સદૈવ જે સાથે જ જુએ છે, સૂએ છે, હસે છે ને રૂએ છે એવું સહજીવન જીવતાં આપણાં ચક્ષુને વામસવ્ય કહી જુદાં ગણવાથી શો લાભ હશે, શો અર્થ સરશે? કોણ કહેશે કે ઓમકારનાથ શુદ્ધ સાહિત્યકાર નથી?

અને પછી તો ચન્દ્રકની સીમા એથી યે આગળ વધી હતી. ૧૯૪૭નો ચન્દ્રક હરિનારાયણ આચાર્યને એમના પ્રકૃતિવિજ્ઞાન માટે મળ્યો હતો. હરિનારાયણનો વ્યાયામ વિષયનો અભ્યાસ પણ ઊંડો છે અને ગુજરાતે એનો યે લાભ લેવો જોઈએ. (અનુ પૃ. ૪૯૩)






વિષ્ણુપ્રસાદ (૧૯૪૪) વિવેચન • ગુણવંતરાય આચાર્ય (૧૯૪૫) • ડોલરરાય માંકડ (૧૯૪૬) વિવેચન • હરિનારાયણ આચાર્ય (પ્રકૃતિવિજ્ઞાન)

વૃક્ષ-વેલ-પરિચય (૩૯) બોરસલી




મંદ મધુર મોહક સુગંધવાળાં બોરસલીનાં ઝીણાં નાજુક સફેદ ફૂલ તો સૌને પરિચિત છે. એને 'બકુલ' પણ કહે છે.

મૂળ મલાયા અને દક્ષિણના દેશોનું એ વતની. ભારતમાં લગભગ બધે જ ઉગાડાય છે. ચોતરફ ફેલાતી ઘેઘૂર શાખાઓ સાથે બોરસલીનું વૃક્ષ વીસેક મીટર ઊંચું વધે છે. એની છાલ લીસી ને ભૂખરા કે કાળાશ પડતા રંગની. પાન શાખાઓ પર આંતરે આવેલાં, ચળકતાં, ઘેરાં લીલાં. દરેક પાન સાદું, દાંડીવાળું ને પંદરેક સે. મી. લાંબું તથા ચાર-છ સે. મી. પહોળું. ટોચેથી અણીદાર ને લગભગ લંબગોળ આકાર.

જાન્યુઆરીથી માર્ચ ને જુલાઈથી ડિસેમ્બર દરમિયાન એના પર પુષ્કળ ફૂલ ખીલે છે. ને સતત ખરતાં રહે છે. કદમાં ટચૂકડાં, સફેદ, એકલાં યા ચાર-છના ઝૂમખામાં ઊગતાં આ ફૂલ સુકાયા પછી યે એની મધુર વાસ ટકી રહે છે.

મહુડા, રાયણ ને ચીકુના વર્ગનું આ વૃક્ષ. એનું ફળ અંડાકાર ને મોટા બોર જેવડું. પાકતાં સિંદુરિયું બની જાય. એમાં એક ને ક્વચિત્ જ બે બીજ હોય છે, જેના વડે એનું વૃક્ષ ઊગે છે.

બોરસલીનો ગુંદર પણ નીકળે છે. એની છાલ રંગાટી કામમાં ઉપયોગી છે. ફૂલનું અત્તર બને છે. ફળનો ગર્ભ મીઠો હોઈ એનો મુરબ્બો પણ બને. બોરસલીનાં ફૂલ, ફળ, છાલ બાધક છે. છાલ તથા કાચાં ફળ ચાવવાથી દાંત મજબૂત થાય છે. છાલના ઉકાળાના કોગળા દાંતનાં દર્દોમાં હિતકારી છે. બીજમાંથી તેલ નીકળે છે. લાકડું વિવિધ કામમાં ઉપયોગી છે. □



ભલે મારા માર્ગે ભયંકર ઊભેલા ષડરિપુ,
વિકારોનાં જૂથો સકળ, પથ મારો રૂંધી વળે;
નિરાશા યે ઘેરી કંઈક કરને છાવરી પળે
અને પ્રત્યાઘાતી બળ પ્રબળ જો સાથ ઊમટે.
છતાં મારે આગે અડગ કદમે કૂચ કરવી,
કરે ઝંખી સિદ્ધિ મુજ જીવનની સિદ્ધ કરવી.—ગોવિંદ સ્વામી

આગામી ગુજરાતી સાહિત્ય પરિષદના વરાએલા પ્રમુખ રામપ્રસાદ પ્રે. બક્ષી

અંગ પર સફેદ લાંબો કોટ અને શિર પર સફેદ પાઘડીમાં સજ્જ, મોરપ્ટ્રમાણ ઊંચાઈવાળી, ઝડપી ચાલે મુંબઈ ખાતે સાન્તાક્રુઝમાંથી પસાર થતી ૮૧ વર્ષની એ એક વિભૂતિની વેધક દૃષ્ટિ અને મુખ પરની મક્કમતાસૂચક રેખાઓ કહી આપશે કે એ રામપ્રસાદ બક્ષી છે—સ્નેહીઓ-સંબંધીઓના 'રામભાઈ' છે. જેમ ગુજરાતમાં રવિભાઈ કલાગુરુ છે તેમ રામભાઈ સાહિત્યગુરુ છે. અનેક સાક્ષરો તરફથી અનાયાસ જ અપાએલું આ બિરુદ સાર્થક છે. કલમક્ષેત્રે સર્વસહાયક અને અનેકોના પ્રેરક રામભાઈ માટે કદી નિવૃત્તિ નથી. વ્યાખ્યાનોની પરંપરા, અનેક પ્રસંગે પ્રમુખપદનો સતત ભાર, મુશાયરાનાં સંચાલનો, અનેક સમિતિઓનું સભ્યપદ, રેડિયો પર રસપ્રચુર કાર્યક્રમો, અનેક લેખકો પ્રકાશકો અને સંસ્થાઓને યોગ્ય દોરવણી, વિવેચનપ્રવૃત્તિ અને પુસ્તકોનાં પ્રાસ્તાવિક લેખનો—આવાં વિવિધ ક્ષેત્રીય કાર્યોમાં રત રહેવામાં જ એમને મન જીવનનો સાચો આનંદ સમાએલો છે એમના વાચનાલયમાં પ્રકટ-અપ્રકટ પુસ્તકો અને વિવિધ સામયિકો વચ્ચે એમને વ્યસ્ત જોતાં લાગે કે એ કદી 'વૃદ્ધ' થઈ શકવાના જ નથી. એમને આ કાર્યભાર વચ્ચે પણ હળવા ફૂલ રાખનાર છે એમનો નાગરી વિનોદ અને સુશીલ ગૃહિણી કંચનબહેનનું સાન્નિધ્ય.

શ્રી રામપ્રસાદ બક્ષી અવિરામ અભ્યાસયોગી છે. પંડિત યુગના પ્રભાવથી ઘડાએલાં વ્યક્તિત્વ અને વાઙ્મય-વિભાવના, ગાંધીયુગના પ્રભાવે ઘડાએલી ભાષાશૈલી અને અર્વાચીનયુગના પ્રભાવે પ્રેર્યો તરવરાટ: એમનામાં, આમ, ત્રિવેણી સંગમ છે. એમની અભિવ્યક્તિ એમના વ્યક્તિત્વ જેવી નિખાલસ અને સાદાઈપૂર્ણ છે, એમનું ગદ્ય પ્રાસાદિક અને તર્કસુસંગત છે, એમનાં લખાણોમાં અર્થગાંભીર્ય સાથે શબ્દચાતુર્ય છે, એમનાં સંપાદન-સંશોધનોમાં અભ્યાસપૂત પ્રતિભાનાં અજવાળાં પથરાએલાં છે. આ બધું એમને આગલી હરોળના સાક્ષરપદે સ્થાપવા પૂરતું છે. એમનું પ્રિય પુસ્તક છે 'સરસ્વતીચંદ્ર' અને પ્રિય લેખક છે ગોવર્ધનરામ. એમના પ્રિય કવિ છે ઉમાશંકર જોશી. એમનો પ્રિય વ્યવસાય શિક્ષણ અને સાહિત્ય. આજે એમનો ખાસ શોખ છે કાવ્યનું આસ્વાદન કરવાનો; ભૂતકાળમાં તે શોખમાં હતાં ક્રિકેટ અને સંગીતશ્રવણ.



આવા સાક્ષરસત્તમ રામભાઈનો જન્મ ૧૮૯૪ના જૂનની ૨૭મીએ જૂનાગઢમાં થએલો. વિજ્ઞાન, ગણિત અને અંગ્રેજી એમના પ્રિય વિષયો ખરા, પણ વિશેષ અભિરુચિ સંસ્કૃત તરફ પરિણમે ગુજરાતી ભાષા પરનું સ્વાભાવિક પ્રભુત્વ એમને પ્રાપ્ત થયું. ઈ. ૧૯૧૪માં સંસ્કૃત અને અંગ્રેજી વિષયો લઈ બી. એ. (ઑનર્સ) થયા અને પ્રભુતામાં પગલાં માંડ્યાં. બીજે જ વર્ષે એટલે કે ઈ. સ. ૧૯૧૫માં એમના સાસુ સ્વર્ગસ્થ ડિમતલાલ અંજારિયાની સંસ્કારશાસન અને સૌજન્યશાળી છાયામાં મુંબઈ ખાતે સાન્તાક્રુઝમાં વસવાટ કર્યો તે આજ

—— આપણાં વ્રત-ઉત્સવ ——

મોક્ષદા એકાદશી

હિન્દુ ધર્મમાં એકાદશીનું મહત્ત્વ સવિશેષ છે. એમાંયે અત્યંત પ્રાચીન કાળમાં આપણો વર્ષારંભ માગશર માસથી થતો ત્યારથી માગશર સુદ અગિયારશનું ભારે ગૌરવ કરાયું છે. આ જ દિવસે ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને ગીતા સંભળાવેલી. આ એકાદશીને મોક્ષદા એકાદશી કહે છે. મોક્ષદા એટલે મોક્ષ દેનારી. પ્રશ્ન થાય, કોને મોક્ષ દેનારી? એ વિષેની એક અતિ પ્રાચીન કથા છે. યુધિષ્ઠિરે આ એકાદશી વિષે ભગવાન શ્રીકૃષ્ણને પૂછ્યું ત્યારે તેમણે વૈખાનસ રાજાની પૌરાણિક કથા યુધિષ્ઠિરને સંભળાવેલી.

પૂર્વે 'ગોકુલ' નગરના વૈખાનસ રાજાને નરકમાં પડેલા પોતાના પિતાનું સ્વપ્ન આવ્યું. પિતાને એ અધમ યોનિમાંથી ઉગારવા શું કરવું જોઈએ તે માટે ગામના વિદ્વાન બ્રાહ્મણોની સલાહથી તે રાજા નજીકમાં જ આવેલા ત્રિકાળજ્ઞાની પર્વતમુનિના આશ્રમે ગયો. મુનિએ ભૂતકાળ વાંચીને જણાવ્યું કે તે રાજાના પિતા પોતાના પાપકર્મને લીધે નરકમાં યાતના ભોગવતા હતા. પૃચ્છા કરતાં મુનિએ રાજાને તે યાતનામાંથી પિતાને મુક્ત કરાવવાના ઉપાય તરીકે આ મોક્ષદા એકાદશીનું વ્રત કરવાની સલાહ આપી. રાજાએ સપરિવાર તે અગિયારશનું વ્રત કર્યું અને સકલ પુણ્ય પિતાને અર્પણ કર્યું. પરિણામે પિતા નરકમુક્ત થયા અને 'હે પુત્ર, તારું સદા કલ્યાણ થાઓ' એમ કહી સ્વર્ગે સિધાવ્યા. આમ, જે મનુષ્ય માગશર સુદ અગિયારશનું આ વ્રત કરે છે તે પોતાના પૂર્વજોના તો મોક્ષ કરે જ છે, પરન્તુ સાથે સાથે પોતાના પાપોનો પણ ક્ષય થતાં મૃત્યુ બાદ પોતે ય સ્વર્ગે જાય છે. આ અગિયારશનું વ્રત ઘણું સાદું છતાં ઉત્તમ ફળને આપનારું છે. મોક્ષદા એકાદશીને દિવસે 'દામોદર' દેવનું પૂજન કરવામાં આવે છે. આ પૂજનવિધિમાં ચંદન, પુષ્પ વગેરે ઉપયોગમાં લેવાય છે ને પૂજા દરમ્યાન માંગલિક ગીતો ગવાય છે.

આ રીતે સાદા ધર્મવિધિથી પળાતી મોક્ષદા એકાદશીના આ વ્રત પાછળનો ધ્વનિ સમજાતાં એનું સાર્થક્ય ધ્યાનમાં આવશે. ધર્મવિધિ કે ધર્મકથા ગમે તે હોય, પરન્તુ એક વાત નક્કી કે આ એકાદશીના વ્રતની પાછળ પરાર્થે શુભ કાર્ય કરવાનું ઇંગિત છે. જેમ રાજા વૈખાનસે પૂર્વજ માટે વ્રત કર્યું તો તેનો લાભ પૂર્વજને તો મળ્યો જ, પરન્તુ પોતે ય પાપોથી મુક્ત થયો અને મૃત્યુ બાદ સ્વર્ગનો અધિકારી બન્યો તેમ જે વ્યક્તિ પરાર્થે શુભ વ્રત ધારણ કરે છે તેનું પોતાનું પણ કલ્યાણ જ થાય છે. ધર્મમાં સ્વાર્થબુદ્ધિ કરતાં પરાર્થબુદ્ધિ વધુ મહાન છે તેના પ્રતીકરૂપે આ મોક્ષદા એકાદશીનું વ્રત સમજવું જોઈએ. પરલોકની વાત ઘડીભર બાજુ પર રાખી આ લોકની દૃષ્ટિએ વિચાર કરીશું તો પણ સમજાશે કે જે વ્યક્તિ પોતાના દુઃખી સ્વજન માટે શુભભાવથી વ્રત કરે છે તેની એ ભાવનાથી દુઃખીનાં દુઃખો દૂર થવાનો સંભવ છે. એ સાથે સ્વજનનાં દુઃખ દૂર થતાં વ્રતધારી વ્યક્તિને મન પણ પરમ આનંદ અને સંતોષ થાય એ ય સ્વાભાવિક છે. અને આ સ્વાભાવિક સંતોષ અને આનંદ એ જ શું પૃથ્વી પરનું પરમ સ્વર્ગ નહિ? □

દિન સુધી ૬૦ વર્ષથી એઓ ત્યાં જ રહે છે. ઈ. ૧૯૨૦માં એસ. ટી. સી. ડી.માં પ્રથમ વર્ગમાં પ્રથમ આવ્યા. દરમિયાનમાં ૧૯૧૫માં જ એઓ એલ્ફિન્સ્ટન હાઈસ્કૂલમાં જોડાઈ ગએલા તે ૧૯૨૭ સુધી ત્યાં રહ્યા. પરન્તુ એ જ વર્ષે શેઠ આનંદીલાલ પોદાર હાઈસ્કૂલનું સુકાન એમને સોંપાયું ત્યારથી રામભાઈ પોદાર હાઈસ્કૂલના પર્યાયરૂપ બની ગયા છે. ઈ. ૧૯૫૯ સુધી એઓ ત્યાં આચાર્યપદે રહ્યા. ત્યાર બાદ સાન્તાક્રુઝ ઍડ્યુકેશન સોસાએટીના સલાહકાર તરીકે વરાયા. વળી સાથેસાથે પારલેની મીઠીબાઈ કૉલેજમાં ગુજરાતીના માનાર્હ અધ્યાપક ને પીએચ. ડી.ના માર્ગદર્શક અધ્યાપક પણ બન્યા. ઉપરાંત મુંબઈ યુનિવર્સિટીમાં વિઝિટિંગ પ્રોફેસર બન્યા, તો એમ. એસ. યુનિવર્સિટી વડોદરામાં પણ સંગીત અને કલા વિભાગના ૧૯૫૬થી '૫૮ સુધી વિઝિટિંગ પ્રોફેસર તરીકે કામગીરી બજાવી. એમનાં અધ્યયન અને અધ્યાપનના ફળરૂપે ગુજરાતી સાહિત્યને જે પંદરેક જેટલા ગ્રંથો મળ્યા છે તેમાં મુખ્ય મુખ્ય છે: નરસિંહરાવ દિવેટિયાનાં વિલ્સન ફીલોલૉજિકલ લેક્ચર્સનો 'ગુજરાતી ભાષા અને સાહિત્ય' ભાગ ૧-૨ નામે અનુવાદ, 'વાઙ્મય વિમર્શ' (જેને લક્ષ્યમાં લઈ નર્મદ સાહિત્ય સભા, સૂરત તરફથી 'નર્મદ ચંદ્રક' એનાયત કરવામાં આવ્યો છે), 'નાટ્યરસ', 'કરુણ રસ' તેમજ 'નરસિંહરાવની રોજનીશી.'

પંડિત યુગના સર્જકોથી માંડીને પ્રવર્તમાન યુગના નવસર્જકો સુધી સહુના પરિચયમાં એઓ આવ્યા છે. એઓ પુરાતનના પ્રશંસક છે તો નૂતનના સમભાવી પુરસ્કર્તા પણ છે. આરામમાં એમણે નવસર્જનો કર્યાં છે તો સર્જનમાં એમણે આરામ માન્યો છે. સાહિત્ય અને શિક્ષણસેવા એ જ એમને મન પ્રભુસેવા છે. આવા આજીવન ઉત્તમ શિક્ષક અને સન્નિષ્ઠ સાક્ષરને આ વર્ષે ગુજરાતી સાહિત્ય પરિષદે પોતાના પોરબંદર ખાતે ભરાનારા ૨૮મા અધિવેશનના પ્રમુખ તરીકે સર્વાનુમતે પસંદ કર્યા છે તેમાં અસ્તંગત પંડિત યુગનું અને મધ્યાહ્નોજ્જ્વલ અર્વાચીન યુગનું ઉચિત ગૌરવ કર્યું છે.

—ચંપકલાલ મહેતા

શિયાળામાં આહાર-વિહાર

સામાન્ય રીતે કારતકથી મહા માસ સુધી શિયાળો ગણાય છે. હવામાનને આધારે શિયાળો બે ઋતુમાં વિભજિત કરવામાં આવેલો છે: હેમન્ત અને શિશિર. ઠંડીની શરૂઆત હેમન્તથી થાય. પોષ માસમાં ઠંડી પૂર્ણ કક્ષાએ પહોંચે ત્યારે શિશિર ઋતુ હોય. આરોગ્યના રક્ષણ અને વૃદ્ધિ માટે આ બંને ઋતુમાં કેવા આહાર-વિહાર રાખવા તે આયુર્વેદે નીચે પ્રમાણે સૂચવ્યું છે:

શિયાળામાં ઠંડીને લીધે જઠરાગ્નિ પ્રદીપ્ત થાય છે. તે વખતે પોષક ખોરાક ન લેવાય તો વાયુનો કોપ થાય છે અને કફનો ક્ષય થવા માંડે છે. આમ ન થાય તે માટે આ ઋતુમાં મધુર, અમ્લ અને લવણ રસ મળે તેવો ખોરાક લેવો જોઈએ. વળી સ્નિગ્ધ–ઘી તેલયુક્ત–હોવો જોઈએ. અડદ, તલ, નવો ભાત, દહીં અને આ ઋતુમાં પાકતાં ફળો, જમરૂખ, ટામેટાં, આમળાં, લીંબુ વગેરે ફળોનો ઉપયોગ કરવાથી મધુર અને ખાટો રસ મળે છે. શેરડીનો રસ અને ગોળ પણ આ મોસમની પેદાશ છે. તેમાંની મધુરતા અને તેમાંના લવણ-ક્ષારો આરોગ્યવૃદ્ધિમાં ઉપકારક થશે. મધુર રસ ઉષ્માપ્રદ, શક્તિપ્રદ ને પુષ્ટિકારક છે. ખાટો રસ અન્નની રુચિ ઉત્પન્ન કરનાર, તેને પચાવનાર, બળદાયક ને વાયુ તથા કફનો નાશક છે. પરન્તુ વધારે લેવાય તો પિત્ત વધારે અને લોહીનો બગાડ કરે.

ખારો રસ પ્રમાણસર લેવાય તો દીપક અને પાચક છે. તે રસ રોજની રસોઈમાં વપરાતા મીઠાથી મળે છે. પણ તેમાં એક જ જાતનો ક્ષાર–સોડિયમ ક્લોરાઈડ–છે. દેહના આરોગ્ય માટે ચૂનો, ફૉસ્ફરસ, મૅંગેનીઝ, લોહ, પોટૅશ્યમ વગેરે ખનિજ દ્રવ્યોના ક્ષારોની પણ જરૂર છે. એ બધા ક્ષારો અન્ન–કઠોળમાં પણ થોડાથોડા છે. પણ શિયાળામાં મળતી ભાજીઓ—તાંદળજો, મેથી, પાલક, સુવા વગેરેની–માં તેમજ મૂળા, મોગરી ને ગાજર જેવી આ ઋતુમાં પેદા થતી વનસ્પતિમાં તે વધારે છે. માટે એનો ભોજનમાં ઉપયોગ થાય તો જોઈતાં લવણો—ક્ષારો મળી રહે.

સ્નિગ્ધ ખોરાક ખાવાની ભલામણ કરી છે, કારણ કે તૈલી દ્રવ્યયુક્ત પદાર્થો તેમાંના તેલને લીધે વાયુનું અનુલોમન કરે છે. વળી અન્ન–કઠોળ કરતાં તૈલી દ્રવ્ય સવા બે ગણી ઉષ્માશક્તિ પેદા કરે છે.

અનંતકાલીન કૅલેન્ડર

તારીખ	૧ ૮ ૧૫ ૨૨ ૨૯	૧ ૮ ૧૫ ૨૨ ૨૯	૧ ૮ ૧૫ ૨૨ ૨૯	૧ ૮ ૧૫ ૨૨ ૨૯	૧ ૮ ૧૫ ૨૨ ૨૯	૧ ૮ ૧૫ ૨૨ ૨૯	૧ ૮ ૧૫ ૨૨ ૨૯	▼ વર્ષ
માસ	જાન્યુ. ઑક્ટો.	મે	ઑગ.	ફેબ્રુ. માર્ચ નવે.	જૂન	સપ્ટે. ડિસે.	એપ્રિલ જુલાઈ	૧, ૭, ૧૮, ૨૪, ૨૯, ૩૫, ૪૬, ૫૨, ૫૭, ૬૩, ૭૪, ૮૦, ૮૫, ૯૧
	મે	ઑગ.	ફેબ્રુ. માર્ચ નવે.	જૂન	સપ્ટે. ડિસે.	એપ્રિલ જુલાઈ	જાન્યુ. ઑક્ટો.	૬, ૧૨, ૧૭, ૨૩, ૩૪, ૪૦, ૪૫, ૫૧, ૬૨, ૬૮, ૭૩, ૭૯, ૯૦, ૯૬
	ઑગ.	ફેબ્રુ. માર્ચ નવે.	જૂન	સપ્ટે. ડિસે.	એપ્રિલ જુલાઈ	જાન્યુ. ઑક્ટો.	મે	૫, ૧૧, ૨૨, ૨૮, ૩૩, ૩૯, ૫૦, ૫૬, ૬૧, ૬૭, ૭૮, ૮૪, ૮૯, ૯૫
	ફેબ્રુ. માર્ચ નવે.	જૂન	સપ્ટે. ડિસે.	એપ્રિલ જુલાઈ	જાન્યુ. ઑક્ટો.	મે	ઑગ.	૦૦, ૧૦, ૧૬, ૨૧, ૨૭, ૩૮, ૪૪, ૪૯, ૫૫, ૬૬, ૭૨, ૭૭, ૮૩, ૯૪
	જૂન	સપ્ટે. ડિસે.	એપ્રિલ જુલાઈ	જાન્યુ. ઑક્ટો.	મે	ઑગ.	ફેબ્રુ. માર્ચ નવે.	૪, ૯, ૧૫, ૨૬, ૩૨, ૩૭, ૪૩, ૫૪, ૬૦, ૬૫, ૭૧, ૮૨, ૮૮, ૯૩, ૯૯
	સપ્ટે. ડિસે.	એપ્રિલ જુલાઈ	જાન્યુ. ઑક્ટો.	મે	ઑગ.	ફેબ્રુ. માર્ચ નવે.	જૂન	૩, ૧૪, ૨૦, ૨૫, ૩૧, ૪૨, ૪૮, ૫૩, ૫૯, ૭૦, ૭૬, ૮૧, ૮૭, ૯૮
માસ	એપ્રિલ જુલાઈ	જાન્યુ. ઑક્ટો.	મે	ઑગ.	ફેબ્રુ. માર્ચ નવે.	જૂન	સપ્ટે. ડિસે.	૨, ૮, ૧૩, ૧૯, ૩૦, ૩૬, ૪૧, ૪૭, ૫૮, ૬૪, ૬૯, ૭૫, ૮૬, ૯૨, ૯૭
વાર	સોમ	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ	રવિ	૦ + ૪ × N જ્યાં N = ૦, ૧, ૨, ૩..... વગેરે ◄ સદી
	શનિ	રવિ	સોમ	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	૧ + ૪ × N
	ગુરુ	શુક્ર	શનિ	રવિ	સોમ	મંગળ	બુધ	૨ + ૪ × N
	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ	રવિ	સોમ	૩ + ૪ × N

પ્રયોજક
ભાઈલાલ વી. ઝાલા

ઈસ્વીસનનાં આગલાં-પાછલાં વર્ષનાં તારીખ-વાર જોવા માટેનું આ એક કાયમી કૅલેન્ડર છે. એના દ્વારા કઈ સાલમાં કઈ તારીખે કયો વાર હોય તે જાણી શકાય છે. આ શોધવા માટે અહીં આપેલાં તારીખ, માસ, વાર, વર્ષ અને સદીનાં ખાનાંનો એકબીજા સાથેનો સંબંધ કઈ રીતે જોડવો તે સમજવા એક ઉદાહરણ લઈએ. ધારો કે ૧૯૪૭ની ૨૬મી જાન્યુઆરીએ કયો વાર હતો એ આપણે જોવું છે તો—

પ્રથમ જમણી તરફના નીચેના સદીઓના ભાગથી આરંભ કરીએ. એમાં ૩+૪×N વાળા ખાનામાં N=૪ ગણીએ તો ૩+(૪×૪)=૧૯ થાય. એટલે કે આ ૧૯મી સદીનું ખાનું થયું. (૨૦મી સદી માટે (૦+૪×N વાળા ખાનામાં N=૫ ગણીએ તો ૦+(૪×૫)=૨૦ થશે. એટલે કે એ ખાનું ૨૦મી સદીનાં વર્ષો માટે જોવાનું.) હવે ૧૯મી સદીનું ખાનું યાદ રાખી, એની ઉપરના વર્ષોના વિભાગમાંથી જેમાં ૪૭નો આંક દર્શાવતું ખાનું જુઓ. ઉપરથી છેક નીચેની હારમાં એ ખાનું છે. હવે આ જ ખાનાની હારની ડાબી બાજુ માસનાં ખાનાંઓમાંથી જાન્યુઆરી માસ-વાળું ખાનું શોધો. પછી આ જાન્યુઆરીવાળા ખાનાની ઊભી હારમાં નીચે 'વાર'નાં ખાનાંઓમાંથી ૧૯મી સદીની આડી હારમાં કયો વાર છે તે જુઓ. આ ઉદાહરણમાં બુધવાર છે. હવે આ જ ઊભી હારમાં મથાળે તારીખોનાં ખાનાંમાં જોતાં ત્યાં ૧, ૮, ૧૫, ૨૨ ને ૨૯ તારીખો આપી છે. આનો અર્થ એ કે ઈ. ૧૯૪૭ના જાન્યુઆરીની ૧, ૮, ૧૫, ૨૨ અને ૨૯મી તારીખે બુધવાર હતો. આ પરથી ગણતરી કરીને જોતાં ૨૬મી તારીખે શનિવાર આવે. મતલબ કે ઈ. ૧૯૪૭ની ૨૬મી જાન્યુઆરીએ શનિવાર હતો. વીતેલી કે આગામી તારીખો માટે આ જ રીત છે.

પરંતુ 'લીપઇયર'માં ૧લી માર્ચથી ૩૧મી ડિસેમ્બર સુધીના વાર શોધવામાં આ રીતે જ વાર મળે તેમાં પછીનો એક વાર ઉમેરવો પડશે. દા. ત. આવતું ૧૯૭૬નું વર્ષ લીપઇયર છે. ઉપર દર્શાવેલી રીતે જોતાં આપણને ૧૯૭૬ની ૧લી માર્ચે રવિવાર મળશે. પણ લીપઇયર હોઈ એક વાર ઉમેરતાં ૧લી માર્ચે સોમવાર થાય, જે ખરું છે. એ જ રીતે ૧લી માર્ચ પછી એ આખા વર્ષની બધી તારીખો જોતી વેળા એમાં એક વાર ઉમેરવાનો રહેશે. પણ ૧૯૭૭ની ૧લી જાન્યુઆરીનો વાર જોવામાં એક વાર ઉમેરવાનો નથી એટલે ઉપરની રીતે આવતો શનિવાર ખરો છે.


જામનગરની ડી. કે. વી. કૉલેજમાં બીએસ.સી.ના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીભાઈ ભાઈલાલ વી. ઝાલાએ આ અભિનંદનીય કૅલેન્ડર તૈયાર કર્યું છે. પ્રથમ એક વર્ષનું, પછી સો વર્ષનું અને તે પરથી છેવટ એમણે આ અનંતકાલીન કૅલેન્ડર બનાવ્યું. 'કુમાર' દ્વારા એને પ્રસિદ્ધિ આપતાં આનંદ થાય છે.

—સં.

શિયાળામાં બ્રંહણ એટલે પૌષ્ટિક—વજન વધારનાર—ખોરાક લેવાની ભલામણ છે. ઘઉં, જુવાર, બાજરી જેવાં ધાન્યોમાં પણ ઓછું છતાં સ્નાયુ બાંધનારું ઉત્તમ પ્રોટીન છે. દૂધ, દહીં, છાશ, સાધારણ ઘી સાથે તે આ ઋતુમાં ખવાય તો બ્રંહણ બને. અડદ, મગ, મઠ, મસુર, ચણા જેવાં કઠોળમાં તો ધાન્યો કરતાં લગભગ બમણું પ્રોટિન છે. પણ કઠોળોમાં તૈલી દ્રવ્ય ઓછું હોવાથી તે રુક્ષ છે, લુખ્ખાં છે; માટે કઠોળની વાનીઓ તેલયુક્ત બનાવી ખાવી જોઈએ, તો તે સ્નિગ્ધ અને પૌષ્ટિક બને.

શિયાળામાં સ્નિગ્ધ, મધુર અને પૌષ્ટિક ખોરાક માટે મેથીના,

માસમાસના આકાશમાં નવેમ્બર-ડિસેમ્બર



મેષાદિ રાશિચક્રમાં છેલ્લી બારમી રાશિ 'મીન' (Pisces)ની છે. ઉત્તર-દક્ષિણ બરાબર મધ્યાકાશમાં આ રાશિનું તારામંડળ છે, પણ એના બધા તારા ઝાંખા હોઈ નકશા અને આજુબાજુનાં અન્ય તારામંડળના આધારે મીનના તારા ઓળખવા સરળ પડે. આ તારામંડળમાં બે માછલાંની આકૃતિની કલ્પના છે.

ભારતીય ગણના પ્રમાણે ¼ ભાગ પૂર્વા ભાદ્રપદાનો તથા ઉત્તરા ભાદ્રપદા તથા રેવતી, એમ મળીને સવા બે નક્ષત્રો આ રાશિમંડળમાં સમાવેશ પામે છે. આમાંના ઉત્તરા ભાદ્રપદા નક્ષત્રમાં હાલમાં વસંત-સંપાત થાય છે. વેદકાળમાં મૃગશીર્ષ નક્ષત્રમાં એ થતો અને વારાહમિહિરના સમયમાં રેવતી નક્ષત્રમાં થતો હોવાની નોંધ છે. આ પરથી ગણતરી કરીને વિદ્વાનોએ વેદકાળને લગભગ ૫૮૦૦ વર્ષ પહેલાંનો સમય અંદાજ્યો છે.

ક્રાંતિવૃત્ત અને વિષુવવૃત્ત એકબીજાને સામસામા જે બિંદુમાં છેદે છે તે સંપાત બિંદુઓ કહેવાય છે એ તો ખબર હશે. આમાંનો ૨૩મી સપ્ટેમ્બરે થતો સંપાત તે શરદ-સંપાત અને ૨૨મી માર્ચે થતો વસંત-સંપાત કહેવાય છે. આ બંને દિવસે રાત ને દિવસની લંબાઈ એકસરખી હોય છે.

અડદના, સાલમ ઈ.ના પાક ખાવાનો રિવાજ આને લીધે પડેલો છે. આ ઋતુમાં ઉષ્ણ ભોજન અને ઉષ્ણ પાણી પીવાની ભલામણ છે.

મધુર, સ્નિગ્ધ, ખોરાક ઉષ્મા પેદા કરી પુષ્ટિ આપે છે, પણ તે બેઠાડુ માનવીને નહિ, શ્રમજીવીને-વ્યાયામ કરનારને આપે છે; કારણ કે એ ખોરાક ઉષ્મા–શક્તિ પેદા કરવામાં ઉત્તમ છે, પણ એ પચવો જોઈએ; વૈજ્ઞાનિક રીતે એનું ગ્લુકોઝમાં રૂપાંતર થવું જોઈએ, વિવિધ પ્રકારનાં એમિનો ઍસિડયુક્ત પ્રોટિનમાં રૂપાંતર થવું જોઈએ. ઉષ્મા દહનથી પેદા થાય. એ ગ્લુકોઝનું દહન થવું જોઈએ. દહન ઑક્સિજનથી થાય છે. એ ઑક્સિજન તાજી હવામાંથી મળે છે. જો તાજી હવા દ્વારા ઑક્સિજન સારા પ્રમાણમાં દેહમાં દાખલ થાય તો જ દહન થાય–જઠરાગ્નિ પ્રદીપ્ત થાય અને શક્તિ તથા પોષણ વધે. વ્યાયામ દ્વારા અને શરીરશ્રમ દ્વારા શ્વાસોચ્છ્વાસની વૃદ્ધિ થતાં ઑક્સિજન વધારે મળે તો જ આ પાક અને પૌષ્ટિક ખોરાક ફાયદો કરે. નહિ તો બેઠાડુ માણસને આવા પાક ફાયદો ન કરતાં આરોગ્ય બગાડે એ સમજવા જેવું છે. માટે શિયાળામાં પૌષ્ટિક ખોરાક ખાનારે વ્યાયામ અવશ્ય કરવો જોઈએ.

જુવાનોને, શ્રમ કરનારને, વ્યાયામ કરનારને આ ઋતુમાં આવા પાક હિતકારક છે. સામાન્ય બેઠાડુ જીવન જીવનારે આ ઋતુમાં પોતાનાં બળાબળ અનુસાર આ ઋતુમાં પાકતાં ખાટાંમીઠાં ફળો, ભાજીઓ અને કંદમૂળ, પચે તેટલું તેલયુક્ત કઠોળ ને થોડાં દૂધ-દહીં-છાશ, લેવાથી આ ઋતુને હિતકારક મધુર, લવણયુક્ત, ખાટો અને ગ્રહણ ખોરાક મળી શકશે. લાંબું ખુલ્લી હવામાં ફરવાનું રાખવાથી બળ–શક્તિ વધશે.

યુવાનોને, આધેડ ઉંમરનાને અને હરતાફરતા વૃદ્ધોને પણ આ ઋતુમાં તૈલાભ્યંગ એટલે તેલ ચોળીને થોડા સમય પછી નાહવાનું સૂચવાયું છે. સરસિયું, તલનું કે મગફળીનું તેલ ચોળી શકાય. સરસિયું ઉત્તમ છે. મગફળીનું કનિષ્ટ છે. પગને તળિયે અને માથામાં તેલમર્દન કરવાથી તે દેહના સર્વ અંગોમાં પહોંચે છે.

શિયાળામાં લુખ્ખો ખોરાક, ઓછો ખોરાક, વાયુ કરે તેવો ખોરાક ન લેવાનું, ઠંડા પવનની સામે ન ચાલવાનું, દિવસે ન સૂવાનું અને અજીર્ણ ન થાય તે ઉપર ખાસ ધ્યાન આપવાનું સૂચવાયું છે.

રમતાં-ફૂદતાં-દોડતાં ઊછરતાં બાળકોને આ ઋતુમાં છડેલા તલનો ગોળ નાખેલો લાડુ, શેકેલી મગફળી ને દાળિયાની ગોળ નાખી બનાવેલી ચીકી, ખજૂર, ગોળપાપડી, પ્રમાણસર જમરૂખ અને કેળાં, રોજ થોડાં દૂધ કે દહીં મળે તે ઉપર માબાપોએ ધ્યાન આપવું ઘટે.

(ગુજરાતમિત્ર) —જ. એ. કાનુગા

પરદેશનાં પત્રમિત્રો

[આ વિભાગમાં માત્ર પરદેશનાં અને વિદેશવાસી ભારતીય પત્રમિત્રોનાં જ નામ પ્રકટ કરવામાં આવે છે.]

(1) Joseph No Tayo, C/o Catholic Mission Fiango, P. O. Box 114 Kumba, Meme Division, S/w Province, Cameroon, W. Africa, (M–25), Stamps, View-Cards, Reading. (2) Hans M. Grieper, 565, Solingen–1, Gluckstr-8, West Germany (M-30), Reading, Stamps, View cards. (3) Mukong Nicholas, Bishop Rogan College, B. P. 64, Buea, S. W. Province, Cameroon, West Africa (M–18), Stamps, View-cards, Reading. (4) Kaytki Beepat, C/o Mr. Seenath Beepat, 16, Holder St., Les Efforts west, San Fernando, Trinidad, West-Indies (F–14), Reading, Stamps, Crocheting, Painting and Coustrucitve works. (5) David Knaap, 9 Cremone Road, Cremone, Point, 2090, Sydney, New South Wales, Australia. (M–14) Rugby, Sailing, Cricket, Rowing, Reading. (6) Jacqueline Bothe, Salem School, Beeston Spring Post Office, Westmoreland, Jamaica, West Indies. (F–12) Letter-writing. (7) Catherine Rees, 94 Cameron Road, Te Puke, Bay of Plenty, New Zealand. (F–10) Stamps, Reading, Table-tennis, History, Drawing. (8) Safder Yamani, P. O. Box 80007, Mombasa, Kenya. (M–17) Coins, Swimming, Music, Sports.

આ માસ (નવેમ્બર) ઇતિહાસમાં

તા. ૧/૧૯૫૬ આંધ્રના વિસ્તરણ સાથે 'આંધ્ર-પ્રદેશ' નામે પુનર્રચના થઈ.

તા. ૬/૧૧૮૭ બ્રિટિશ ગવર્નર જનરલે ફતેસિંહરાવ સાથે સંધિ કરી અમદાવાદ મેળવ્યું.

તા. ૭/૧૮૬૨ આખરી મુઘલ સમ્રાટ બહાદુરશાહનું રંગૂનમાં કેદી અવસ્થામાં અવસાન.

તા. ૯/૧૯૪૭ સૌરાષ્ટ્રમાં જૂનાગઢના બાબી રાજ્ય પર આરઝી હકૂમતે કબજો મેળવ્યો.

તા. ૧૦/૧૬૫૯ પ્રતાપગઢના કિલ્લામાં પોતાને મારવાના શપથ લઈને આવનાર વિજાપુરના સરદાર અફઝલખાંનો શિવાજીએ વધ કર્યો.

તા. ૧૨/૧૯૧૧ હિંદુસ્તાનની રાજધાની કલકત્તાથી ફેરવીને નવી દિલ્હીમાં લવાઈ.

વ્યક્તિ-વિશેષ

તા. ૧૬/૧૮૩૫ અપૂર્વ શૂરાતન, અપ્રતિમ રણકૌશલ તથા અડગ ધૈર્યપૂર્વક ૧૮૫૭ની ક્રાંતિમાં ઝૂમનાર 'ઝાંસીની રાણી' લક્ષ્મીબાઈનો કાશીમાં જન્મ. મૂળ નામ તો મનુબાઈ, પણ



નાનપણમાં આકર્ષક બાંધા અને પાણીદાર સ્વભાવને કારણે એ 'છબિલી' કહેવાતી. મરદાની ખેલોમાં એ નિપુણ હતી. ઝાંસીના મહારાજા ગંગાધરરાવ સાથે એનાં લગ્ન થએલાં, પણ ગંગાધરરાવનું અવસાન પછી તેમના સ્પષ્ટ વસિયતનામાને અવગણીને તથા તેના દત્તકને અમાન્ય ગણીને અંગ્રેજોએ લક્ષ્મીબાઈ પાસેથી ઝાંસી ખૂંચવી લઈને ખાલસા કર્યું. ઈ. ૧૮૫૭માં અંગ્રેજોએ સામે સ્વાતંત્ર્ય જંગ મંડાયો ત્યારે હુમલો કરીને લક્ષ્મીબાઈએ ઝાંસી પાછું લઈ લીધું. ઈ. ૧૮૫૮માં સર હ્યૂ રોઝે ઝાંસી ઘેર્યું ત્યારે ઓછા સૈનિકો અને મર્યાદિત રણસામગ્રી છતાં લક્ષ્મીબાઈએ સત્તર દિવસ સુધી લડાઈ આપી. પણ અંતે પાછા ફરી રહેલા હ્યૂ રોઝને કોઈએ ગુપ્ત માર્ગ બતાવી દેતાં એણે ઝાંસી કબજે કર્યું. અંગ્રેજ સેનાની વચ્ચે થઈને હિંમતથી નાસી જઈ રાણી કાલ્પીમાં પેશ્વા તથા તાત્યા ટોપેને મળી. પાછળ પડેલા હ્યૂ રોઝને ગલૌલીમાં રાણીએ ફરી લડત આપી, અને ગ્વાલિયરનો મોરાર કિલ્લો જીતી લીધો. ત્યાં પણ હ્યૂ રોઝ અને જનરલ સ્મિથે સાથે મળી હુમલો કર્યો. પીઠ પર પોતાના દત્તક બાળકને બાંધી, બે હાથમાં નાગી તલવાર ને મોંમાં ઘોડાની લગામ લઈ રાણીએ લડાઈમાં અલૌકિક પરાક્રમ બતાવ્યું છતાં અનેક મર્યાદાઓને કારણે છેવટ પોતાના બાળકને લઈએ નાઠી. અંગ્રેજો પાછળ પડયા. એક વોંકળાને રાણીનો ઘોડો કુદાવી ન શકયો અને એ ઘેરાઈ ગઈ. બહાદુરીથી સામનો કર્યો પણ આખરે પોતાના પર જીવલેણ ઘા કરનારને કાપી નાખીને એ ઢળી પડી.

તા. ૧૭/૧૮૬૯ પૂર્વપશ્ચિમનું જોડાણ કરતી સુએઝની નહેરમાંથી પહેલું જહાજ પસાર થયું.

પ્રસંગવિશેષ

તા. ૨૭/૧૦૦૧ હારૂન-અલ-રશીદના મૃત્યુ પછી મધ્ય એશિયામાં ફૂટી નીકળેલાં નવાં રાજ્યોની માફક તુર્ક ગુલામ સબક્તગીને પણ ગઝની અને કંદહારની આસપાસ પોતાનું એક રાજ્ય સ્થાપ્યું; અને તેને વૈભવથી શણગારવા પડોશના સમૃદ્ધિશાળી હિંદુસ્તાનને લૂટવા ચડાઈ કરી. લાહોરના હિંદુ રાજા જયપાલે તેને કાબુલ આગળ જ અટકાવ્યો હતો. એ સબક્તગીનના પુત્ર મહમદ ગઝનીએ તખ્તનશીન થતાં જ હિંદ લૂટવા સવારી કરી. એ જ જયપાલે ઈ. ૧૦૦૧ની ૨૭મી નવેમ્બરે પેશાવર પાસે યુદ્ધભૂમિમાં એને રોકયો, પણ સૈન્યની અશિસ્તને કારણે એ હાર્યો. અને પોતાના બે પુત્રો સહિત કેદ પકડાયો. મહમદે બંને કુંવરોને બાન રાખીને ખંડણી ભરવાની શરતે જયપાલને છોડયો. પરંતુ પરાભવથી હતપ્રભ થએલા જયપાલે શરમના માર્યા અગ્નિપ્રવેશ કરી આપઘાત કર્યો. હિંદુસ્તાનને લૂટવા આવનાર મુસ્લિમ આક્રમકો સામે થનાર એ છેલ્લો હિંદુ રાજા હતો. એ પછીના અઢી દાયકામાં સત્તર સવારી કરી મહમદે હિંદુસ્તાનમાં લૂટ ચલાવી હતી.

તા. ૨૫/૧૭૫૯ ચિન્સુરા નજીક બીદેરા મુકામે અંગ્રેજ સેનાપતિ ફૉર્ડે વલંદાઓ (ડચ)ને પરાજિત કર્યા. આ હારથી વલંદાઓનો સદાને માટે હિંદમાંથી પગ ઊખડી ગયો.



ન્યાયાધીશ: 'તારે કાંઈ કહેવું છે?'

અપરાધી (રડતાં રડતાં): 'આ અગાઉ હું કદી જેલમાં નથી ગયો'...અને એમ કહીને તે જોરથી રડવા લાગ્યો.

ન્યાયાધીશ: એમાં આટલો રડે છે શા માટે? ચાલ હું તને મોકલી આપું છું.

∞

કાન્તિ જેની પાસે નિયમિત હજામત કરાવતો હતો તે હજામ બહારગામ ગએલો હોઈ આજે નછૂટકે તે બીજા હજામ પાસે બેઠો હતો. તે અણઘડ હોઈ ગળા આગળ અસ્ત્રો વગાડી બેઠો ને લોહી નીકળ્યું. એ જોઈ કાન્તિએ કહ્યું 'એક ગ્લાસ પાણી લાવ.'

હજામે આશ્ચર્યથી કારણ પૂછતાં કાન્તિએ કહ્યું: 'મારે પાણી પીને ખાતરી કરી લેવી છે કે ગળામાંથી તે બહાર તો નથી નીકળતું ને?'

∞

ડૉકટર સાથે પોતાની તપાસ માટે અંદર જતાં એક સ્ત્રીએ કહ્યું: 'ડૉકટરસાહેબ, આપની નર્સને પણ અંદર બોલાવી લો ને!'

ડૉકટર: કેમ, તમને મારામાં વિશ્વાસ નથી?

સ્ત્રી: ઓહ, એમ નથી ડૉકટર! મને આપનામાં તો વિશ્વાસ છે જ, પણ બહાર બેઠેલા મારા પતિનો ભરોસો નહિ!

∞


નિર્દોષ છૂટેલા કેદીએ પોતાના વકીલને કહ્યું: 'તમારો ઘણો આભાર થયો સાહેબ. હવે હું તમને બીજો કેસ આપું: તમારી ફી માટે મારા પર દાવો માંડજો.'



સરવર, તરુવર, સંતજન, ચોથા વરસે મેહ,
પરમારથ કે કારને, (ઈન) ચાર ધરી હૈ દેહ.

ઉર્દૂ કવિ જિગર મુરાદાબાદીને ત્યાં એક ગરીબ બાઈએ કાકલૂદી કરી કહ્યું કે 'મારા નિર્દોષ છોકરાને ખોટા આળને કારણે પોલીસ પકડી ગઈ છે તેને છોડાવો.' જિગરસાહેબે પોલીસ અમલદારોને ટેલિફોન કરી પોતાની ખાતરી આપીને છોડી મૂકવાની પાકી ભલામણ કરી. છતાં એ કોમળ હૃદયના કવિને આખી રાત તેને વિષે બેચેની રહી, એટલે સવારે પોતાના એક મિત્રને સાથે લઈ ખાતરી કરવા એનું ઘર શોધતા નીકળ્યા. પણ ઘર નજીક પહોંચતાં બહારથી જ એના છૂટી આવવાની ખબર મળતાં જિગરસાહેબ વચ્ચેથી જ તરત પાછા વળી ગયા. મિત્રે એનું કારણ પૂછતાં કહ્યું : 'કોઈને મદદ કર્યા પછી એને શરમાવવો ન જોઈએ.'

કહેવતોના અર્થ : 'આપતો ગાજે ને લેતો લાજે'–દાન આપનાર અને લેનાર (યા ઉપકાર કરનાર ને ઉપકારવશ)ની સ્થિતિ સ્પષ્ટ કરતા પ્રાસાનુપ્રાસવાળા બે શબ્દો ધરાવતી કહેવત.



આ શું લખ્યું છે? ઊકલે છે? આ અંકની નીચલી ધાર નાકને સમાંતરે રાખીને વાંચશો તો ઊકલશે : 'સાલ મુબારક. કુમાર.'




કલાકણિકા : બાર જ્યોતનો આ દીપક પહેલી નજરે તો પ્રાચીન ન લાગે, પણ હકીકતે એ ઈ. સ. પૂર્વે પહેલી સદીનો છે અને ભારતનો નહિ પણ ઇટાલીનો છે. વળી એ કંસારાની નહિ પણ કુંભારની કળા છે.



ટિકિટકથા : સંયુક્ત રાષ્ટ્રસંઘની પોતાની ટપાલટિકિટો પર આરંભમાં અંગ્રેજી, ફ્રેન્ચ, સ્પૅનિશ, રશિયન અને ચીની ભાષામાં સંઘનું નામ મુકાતું. હવે માત્ર અંગ્રેજી ને ફ્રેન્ચ યા કેવળ અંગ્રેજીમાં નામ મૂકવાની છૂટ અપાઈ છે. એ પછીની આ ટિકિટ પર ટર્કીના કલાકાર નેજત ગુરનું રાષ્ટ્રસંઘની સંજ્ઞા અને શાંતિના પારેવાનું આ સરળ સૂચક આલેખન વખણાયું છે. એ તો ખબર હશે કે રાષ્ટ્રસંઘની ટિકિટો પર કોઈ પણ ધાર્મિક કે રાજકીય સ્પર્શવાળું આલેખન યા કોઈ પણ વ્યક્તિની છબી મુકાતી નથી.

અનેકાર્થી શબ્દ : વર = પતિ; શ્રેષ્ઠ કે ઉત્તમ; વરદાન; ગૂગળ; કેસર.

ઝાંખાં પડી ગએલાં કે ડાઘવાળાં રૂપાનાં વાસણને મેથિલેટેડ સ્પિરિટવાળા પૂમડાથી ઘસવાથી ડાઘ નીકળી જશે.



પ્રાણીઓને જ્યારે ઠંડી લાગે ત્યારે એમના શરીર પરની રુંવાટી ઊભી થઈ જઈ એમાં ભરાએલી હવા વડે એ હૂંફ પામે છે. માણસના શરીર પર પ્રાણીઓ જેવી રુંવાટી તો નથી, પણ જે કંઈ રુંવાડાં છે તેને ઠંડીમાં ઊભા કરે તેવી સ્નાયુરચના તો છે જ; અને ઠંડીમાં આપણાં રુંવાડાં યે ઊભાં થતાં આપણે જાણીએ છીએ.

અનુસંધાન] **વાચકો લખે છે** [પૃ. ૪૪૯થી

લેખો રજૂ થાય છે તેવી જ રીતે જો જ્યોતિષશાસ્ત્ર વિષે પણ એક લેખમાળા શરૂ કરવામાં આવે તો અમને વિશ્વાસ છે કે તે ઘણી જ આવકાર્ય બની રહેશે. બજારમાં મળતાં પુસ્તકોની ભાષા પ્રમાણમાં અઘરી હોય છે અને જ્યોતિષમાં વપરાતી પરિભાષાની સમજણ આપી હોતી નથી. માટે જો સરળ ભાષામાં ક, ખ, ગ થી શરૂ કરી લેખમાળા રજૂ થાય તો અમારા જેવા ઘણા જ્યોતિષરસિકોને મદદરૂપ થઈ શકશે.'

બીજું સૂચન એ છે કે ભારતીય અને પાશ્ચાત્ય વાજિંત્રો વિષે પૂરતી માહિતી આપતી લેખમાળા પણ જો રજૂ કરવામાં આવે તો 'કુમાર'-ના વાચકો જરૂર વધાવી લેશે. દરેક વાજિંત્રના અંગ તથા ખાસિયતો, વગાડવાની રીત તથા સમય, અને તેના નિષ્ણાત વાદકો વિષે ટૂંકમાં માહિતીવગેરે વિગતો લેખમાળામાં રજૂ થઈ શકે.

(મુંબાઈ) —બકુલ વત્સરાજ

શિલ્પકાર અમૃતલાલ સોમપુરા

તાજેતરમાં ધ્રાંગધ્રાના એક અત્યંત ઊર્મિશીલ શિલ્પકાર શ્રી અમૃતલાલ કાનજીભાઈ સોમપુરાનું અવસાન થયું. પદ્ધતિસરની કશી જ તાલીમ પામ્યા વિના, પરંપરાગત પદ્ધતિથી આ ભાઈએ કિશોરવયે હાથમાં હથોડી ટાંકણું પકડીને કઠોર પથ્થરમાં કુમાશભરી શિલ્પાકૃતિઓનું સર્જન શરૂ કરેલું.

આપણા કલાગુરુ સ્વ. રવિભાઈએ એમની શક્તિ પારખી અમદાવાદના કલાપ્રેમી ઉદ્યોગપતિ શ્રી ચૈતન્યપ્રસાદ દીવાનજીનાં પુત્રી શકુંતલાબેનને શિલ્પ શીખવવા મૂકેલા. અડાસ ખાતેનું શહીદ સ્મારક એમણે ડૉ. કાંતિ પટેલના માર્ગદર્શન નીચે કંડારેલું. ગુજરાતના ગવર્નર શ્રી મેહદી નવાઝ જંગ એમને ત્યાં સામે ચાલીને એમની કલાકૃતિઓ નીરખીને પ્રશંસા વ્યક્ત કરેલી ગુજરાત રાજ્ય કલા પ્રદર્શનોમાં એમની અનેક કૃતિઓ ઈનામપાત્ર ઠરેલી. અનેક નામાંકિત વ્યક્તિઓની પ્રતિમાઓ એમના હાથે સર્જાઈ છે. યોગ્ય શિક્ષણ અને માર્ગદર્શન મળે તો આ કોમમાંથી આવા અનેક નામી કલાકારો ગુજરાતની ભુલાતી જતી શિલ્પકળાનો વૈભવ પુનર્જીવિત કરી શકે એમ છે

(મુંબાઈ) —ચીમનલાલ સોમપુરા

પં. આત્મારામ અમૃતસરી

શ્રીમંત સયાજીરાવે ભારતભરમાંથી જે નરરત્નો ચૂંટ્યા, તેમાંના એક શ્રી આત્મારામ અમૃતસરી. પંજાબકેસરી અસ્પૃશ્યોદ્ધારક તરીકેની તેમની ભારે નામના. આર્યસમાજિસ્ટ, સુધારાવાદી તથા કન્યા-કેળવણીનાં ભારે હિમાયતી. તેમનાં ધર્મપત્નીનું નામ યશોદાદેવીજી. પ્રસન્ન-મધુર દાંપત્યજીવનના ફળસ્વરૂપ સાત સંતાનો: પાંચ પુત્રો ને બે પુત્રીઓ. તેમાં પંડિત આનંદપ્રિયજી તથા સુશીલાબેન પંડિતનો મને પ્રત્યક્ષ પરિચય. બંને તદ્દન સાદાં, સીધાં અને નમ્ર છતાં નિરભિમાની.

ઈ. ૧૯૦૭થી વડોદરા રાજ્યની સેવા મારફત સમગ્ર ગુજરાતમાં આર્ય, હરિજન, વ્યાયામ તથા આયુર્વેદ પ્રવૃત્તિનો પાયો નાખનાર આ પંડિત કુટુંબે સંખ્યાબંધ ગુરુકુલો વિકસાવ્યાં, પળ્યાં ને પોષ્યાં તેમાંથી શ્રીમતી સગુણાબેન હિતેન્દ્ર દેસાઈ તથા સવિતાબેન નાનજીભાઈ મહેતા જેવી પ્રતિભાઓ પાંગરી. કન્યામાં માતૃત્વ જોનાર ને બતાવનાર આ પંડિત કુટુંબે મહર્ષિ દયાનંદ ને આર્ય સમાજના સિદ્ધાંતોને આધારે પ્રાચીન શિક્ષણપ્રણાલિનો જીર્ણોદ્ધાર કર્યો એમ કહીએ તો ખોટું નહિ ગણાય. અત્યારના શિક્ષણની સર્વાંગી, સુસંવાદિત કેળવણી સાથે સરાજ્યાસિક પ્રવૃત્તિઓ, પ્રવાસો, કસરતો, ભરતગૂંથણ ધાર્મિક અને આધ્યાત્મિક કેળવણી જોડીને આજની કન્યા એ આવતી કાલની માતા છે એ તથ્ય નજર સમક્ષ રાખી, શારીરિક રીતે તંદુરસ્ત, માનસિક રીતે સ્વસ્થ અને વખત આવે તો ગમે તેવા ગુંડાનો એકલે હાથે સામનો કરી શકે તેવી કન્યાઓ એમણે ગુજરાતભરમાં તૈયાર કરી.

(પોરબંદર) —હરજીવન થાનકી

શીળસ, પુરાતત્ત્વ ચર્ચા વગેરે

ઑગસ્ટ ૧૯૭૫ના 'કુમાર'માં શીળસ ઉપર વધુ વિગત આપનાર શ્રી મણિભાઈ દેસાઈ પાસેથી કીડામારીનું હિન્દી, અંગ્રેજી, બૉટનિકલ નામ તથા તે ક્યાંથી મળી શકે તે જાણવું છે. તો બની શકે તો તે અથવા તેમનું પૂરું સરનામું મોકલવા મહેરબાની કરશોજી. આ ચીજ પાઉડર રૂપે બજારમાંથી મળી શકે કે નહિ?

નર્મદ વૈદ્યે કેટલાંક પ્રાણીઓનાં બચ્ચાં માટે જે યોગ્ય નામ આપ્યાં છે તેના અનુસંધાનમાં બીજાં વધારે પાળેલાં પશુ અને જાનવરોનાં બચ્ચાંનાં નામ આપશો તો તે વધુ રસદાયક રહેશે. મારાં બાળકોને તે બહુ જ ગમ્યાં.

સિદ્ધરાજનો 'સોરઠ વિજય'; 'સિંહ સંવત', 'પારસીઓનાં આગમન' વગેરે વિષે 'વાચકો લખે છે' વિભાગમાં પુરાતત્ત્વવિદોની જે ચર્ચા છાપી તે બધા વાચકો અને ખાસ કરીને જેને માટે 'કુમાર' છાપવામાં આવે છે તેને તેમાં રસ ન પડે તે સ્વાભાવિક છે. આથી આવા વિષયો સંબંધે હું તમારી જગ્યાએ હોઉં તો આ પ્રમાણે કરું: એક બે માસ સુધીમાં તેને લગતા બધા પત્રો આવ્યા બાદ તેનું પૃથક્કરણ કરી, નવનીત કાઢી, સંક્ષિપ્તમાં તેને રજૂ કરી, છેવટે શો વિચાર પ્રચલિત છે કે ચાલે છે તે બતાવી બંધ

કરું. બાકી તેના માટે આવું સિમ્પોઝિયમ ગોઠવવું ઠીક રહે નહિ.

જિમ કૉર્બેટ વિષે વિસ્તૃત જીવનચરિત્ર આપવા વિનંતી છે.

'કુમાર'ના અંકો સંગ્રહવામાં આવતા હોવાથી, લવાજમ ઓછું પડે તો ૧-૨ રૂપિયાનો વધારો કરો, પરંતુ કાગળ સારા વાપરો તો વાંચવામાં તકલીફ ન રહે અને સંગ્રહવાથી કાગળ ખરાબ પણ ન થઈ જાય 'સ્પૅન', 'ઈલસ્ટ્રેટેડ વીકલી' વગેરેમાં કળા ને કલાકારો વિષે લેખો આવતા રહે છે. તેના પર તમારા વિચારો અને મંતવ્યો સાથે તે છાપવામાં આવે તો મારા જેવાને માટે તે સારા શિક્ષણ રૂપ બની શકે.

(ઉદેપુર) —માણજીવન ખત્રી

પુરાતત્ત્વ-ચર્ચા અને

વાચકો લખે છે, વિભાગ માટેની (પુરાતત્ત્વ-ચર્ચા અંગે) ટકોર યોગ્ય સમયે તમે કરી એ સારુ થયું. નહિ તો વાચક વર્ગે જ જણાવવું પડત.

જુલાઈ માસનો 'કાવ્ય વિભાગ' ખૂબ સુંદર બન્યો. ભગવતીકુમાર શર્મા અને 'વ્યોમ'ની ગઝલે સારો ઓપ આપ્યો.

(કચ્છ) —ગીગાભાઈ ઓડેદરા

જીવનઘડતરનું સાહિત્ય

વિલિયમ ચૅનિંગની 'માઈ સિમ્ફની' અંગે 'કુમાર'ના વાચકોએ જે પડઘા પાડ્યા છે તે હાલના વખતમાં જીવનઘડતર માટે જરૂરી સાહિત્યની અગત્યતા દર્શાવી શકાય. આવું સાહિત્ય પીરસવામાં 'કુમાર' એક મોખરાનું સાહિત્યપત્ર છે અને આટલાં વર્ષોમાં કંઈક કુમારોએ તેમાંથી પ્રેરણા મેળવી હશે.

'કુમાર'ના સંગ્રહમાં શ્રીમતી પેશન્સ સ્ટ્રૉંગ અને શ્રીમતી જુલિયા કૅન્સની થોડી પુસ્તિકાઓ છે તેમાંથી દર મહિને એકાદ ખૂણે વાચકોને થોડું આચમન કરાવાય, આવા સાહિત્યનો જરૂર પડ્યે રસ-સભર તરજૂમો અપાય તો વધુ સ્પષ્ટ અને સચોટ બને, અને 'કુમાર'ની રૂપની રમણીયતામાં એક વધારો થાય.

(મુંબાઈ-૬૯) —નટુભાઈ પટેલ

ખબરદારનો એ પત્ર

૬૧૬મા અંકમાં શ્રી વિષ્ણુકુમાર પંડ્યાએ આપેલી મુલાકાતના અહેવાલમાં જ્યોતિષ વિષે ખૂબ જ ઉપયોગી માહિતી છે. તેઓએ કહ્યું છે કે કવિશ્રી ખબરદાર જ્યોતિષના અભ્યાસી હતાં અને તેથી તેમને સૂઝી આવેલું તે એક પત્ર દ્વારા ગાંધીજીને લખી જણાવ્યું હતું કે તા. ૩૦મી જાન્યુઆરીએ બહાર નીકળતા નહિ. ગાંધીજીની હત્યા બરાબર એ જ દિવસે થવા પામી હતી. ત્યાર પછી તેમના ઓશિકા નીચેથી ખબરદારનો એ પત્ર પણ મળી આવ્યો હતો. ખરેખર, જ્યોતિષ એક સાચું શાસ્ત્ર છે એની સાચી પ્રતીતિ કરાવનારો એ પત્ર ગણાય અને ભારતનો એ અમૂલ્ય વારસો લેખાય. એમ હોઈ, હાલ એ પત્ર જેમની પાસે સચવાએલો રહેવા પામ્યો હોય તેમને તેની ફોટો કૉપી જાહેર પત્રોમાં છપાવવાના સત્કાર્યની પ્રેરણા આપી રહો તો મહદ્ ઉપકાર થાય.

(મુંબઈ-૬૨) —ત્રિભુવન વી. હેમાણી

ફોટોગ્રાફો વિષે

'કુમાર' તો હવે પોતીકું લાગવા માંડ્યું છે તેથી જ એક સૂચન કરવા પ્રેરાયો છું.

'કુમાર'માં અનેક વાર વિવિધ ફોટોગ્રાફો આવે છે અને સાથે નીચે તે તસ્વીર વિષે વિવરણ પણ હોય છે. જો આ તસ્વીરો સાથે તેનું ફોટોગ્રાફિક દૃષ્ટિથી વિવરણ થાય—જેમ કે ફોટોગ્રાફરે વાપરેલા કૅમેરા, લેન્સ, ફિલ્ટર, લાઈટ-કન્ડિશન, ઍપર્ચર, શટર સ્પીડ વગેરે વિષે વિવરણ કરવ ના આવે-તો તે વાચકો તેમજ ફોટોગ્રાફરોને આવકારપાત્ર લાગશે. 'કુમાર' દિવસે દિવસે પ્રગતિ સાધે એ જ શુભેચ્છા.

(મુંબાઈ-૨૬) —કમલેશ શેઠ

૭૮ વર્ષનાને પણ

તમને લખવાનો બહુ વિચાર કરું છું, પણ યોગ જ આવતો નથી!

'કુમાર' બને ત્યારે વાંચું છું. નામ ત્યારે 'કુમાર', પણ મારા જેવા ૭૮ વર્ષનાને પણ ઘણું ઘણું શીખવે એવું સ્વચ્છ, ઉચ્ચ ને વૈવિધ્યમર્યું વાચન એમાંથી મળે છે.

(મુંબાઈ-૫૪) —૫૦